ગુડેતકોના સીપાઈઓની ગીતની ચોપડી.

[illegible] આવૃત્તી ૫ મી

સને ૧૯૦૮

[illegible] ચંદભાઈ [illegible] અમદાવાદ.

અમદાવાદ— [illegible] પ્રિન્ટીંગ પ્રેસ.

[illegible] [illegible]

[illegible]

૭૩૫૪

મુક્તિફોજના સીપાહીઓની ગીતની ચોપડી.

સુધારેલી આવૃતી ૨ જી.

નકલ ૫૦૦૦

દેશનું મુખ્યથાણું સ્ટેશન પાસે અમદાવાદ.

અમદાવાદ—ધી. આનંદ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૫૬ સને ૧૯૦૦

કિંમત ૧ આના.

પસ્તાવના.

ગીતની ચોપડીઓ જેટલી મેં પોતે બનાવી છે અને બનાવવા સારૂ બીજાઓને સુચના કરી છે, એટલુતો બીજા કોઇએ કર્યું નથી.

દુનિઆના દરેક ભાગમાં લાખો લોક મળીને ઇશ્વરનાં સ્તોત્રો ગાય છે, ને લોકના કલ્યાણને અર્થે, પરમેશ્વરે એમાં મને મદદ કરીછે. મારી ઉમરને સીતેરમે વરસે આ દીલાસો નાનો નથી.

જેઓ પાસે આ ચોપડી છે તેઓ ત્રણ રીતે એનો વધારે સારો ઉપયોગ કરે એવો આગ્રહ હું કરૂંછું.

૧ દરેક ગીત સારી પેઠે સમજીને ગાવું. ઘણાકજણ જાણીતા શબ્દો સમજ્યા વગર ગાય છે તોપણ જો તમે ફક્ત શોધ કરશો તો ત્યાં સત્યનો મોટો ખજાનો છે. ઇશ્વર કૃપાએ એવો ઠરાવ કરવો કે જે ગાવાની મારી મરજી નથી તે કદી મારે ગવું નહિ ને આમાં જેટલાં ગીત છે તે બધાં ગાવાસારૂ મારેલાયક થતું.

૨ આ ગીતો તમારે સાંજ સવાર ગાવાં, વાંચવાં, ને તમારાં છોકરાંને શીખવવાં, ને માંદા તથા તમારા વગવાળા માણસોને પણ શીખવવાં; આપણામાં ઘણાજણ બાળપણમાં જે જે ગીત શીખ્યા તેથી આપણને કેટલો બધો ફાયદો થયો છે. જેઓ બરાબર રીતે ગીતો સમજે છે, તેઓ કેવા સારા વીચાર કરનારા, સાફ બોલનારાને દેવને ઓળખનારા ફરજવાળા થશે, જે ગીતો સ્પષ્ટને સરળ નથી તે તમારા ઘરમાંથી કાઢી નાખો.

૩ એવી રીતે ગાયન કરો કે જગતના લોક સાંભળે. આપણી પોતાની મુક્તિ થઈ છે. તેને માટે આનંદ કરીએ છીએ ને આપણુ ગાયન મુલવાન છે એટલુંજ નહિ પણ, જેઓ દેવને ઓળખતા નથી તેમની આગળ દેવનાં વખાણ કરીએ છીએ અથવા આપણા ગાયનથી તેમના વીચાર તથા જીવન નવા કરવા જાગૃત કરીએ છીએ એ મુલવાન છે. તમારૂં અંતઃકરણ ઇશ્વરપર ચોંટે ત્યાંલગી ગાયન કરો, અને વળી પરમેશ્વર જે બધાં આનંદનો ઝરો છે તેને જેઓ જાણતા નથી તેઓ પોતાની આંખ ઉઘાડીને જુએ નહિ ત્યાંલગી ગાઓ.

વીલ્યમ બુથ, જનરલ.

સાકળીયુ.

સાંકળીયું.

ઝ૩૯૪ [redacted]

SALVATION SONGS.
મુક્તિનાં ગીતો.

૧

Tune I am clinging to the Cross

તારણ આપે છે ઇસુ.

૧ તારનારની વાણી હાલ સાંભળો, તમને બોલાવે છે,
"પાપીઓ આવો મારીપાસ, શાંતી આપીશ તમને"
ટક—તારણ આપે છે ઇસુ,
૨ હમેશાં તમે શોધો છો, ભાઇ સુખને શાન્તિ,
પણ એકજ કરી શકે છે, ઇચ્છા તારી પુરી.
૩ તે રસ્તો સત્ય જીવન છે તેજ ને શક્તિવાન,
જગતનું અજવાળુ પ્રભુ. તારનાર છે પ્રિતીવાન.

૨

Tune - Oh for a heart to praise my God.

હેકે મનથી દેવની સ્તુતિ એ રાગ.

૧ હે. તે સાલો દેવનું મુખવાન કાલવરી સ્તંભ ઉપર.
પાપી મનુષ્યોને માટે નાશ થયું જીવનભર.
૨ હાથને પગને, દુખથી ચાલે છે લોહીની ધાર;
ડુબેલાને બચાવવા મરાયો સત અવતાર.
૩ પરસેવો લોહી જેવો થયો ગેથસેમા બાગની માંહ્ય
કાલવરી સ્તંભ બારે હતો માગથી નહી કહેવાય.
૪ નજર કરૂં કાલવરીપર અચરની છે દેખાવ;
અરે બલવાન તારા લોહીથી ગયો છે પાપનો ભાવ.

૪ કાલવરી નદીની પેલીપાર દેખાય છે સુંદર ધામ;
ઈશુ વહાલો પ્રિયતાતા આપશે તે ઈનામ.
૫ દુખને ભય તે દેશમાં સોનાનું ધરને તાજ;
૬ [illegible] એલના દેશમાં હું સદા કરીશ રાજ.

૩

My Lord says, there is room for you.

પ્રભુ કહે છે જગ્યા છે.

૧ રે પાપી આવ વિલંબ ના કર જગત ત્રાતા કને
દેવ દયા કરી તુજ પર બોલાવે છે તને
ટેક—પ્રભુ કહે છે જગા છે, આકાશી દેશમાં તારે લીધે,
જલદી આવજે આપી જગ્યા આવજે
૨ રે પાપી ત્રાતા પાસ આવ તેમ પાપમાં ના રહે
તારો અમર આત્મા બચાવ, ત્યારે [illegible] છે
૩ રે પાપી આવ [illegible] આજ, [illegible]
આકાશમાં જગ્યા તારે કાજ, છે કરેલી તૈયાર

૪

Joy, oh joy, I hail the Saviour.

જય ! જય ! જગતના તારનાર

૧ દરિયા ઉપર છે સર્વ અંધકાર. લાગે છે ખૂબ તોફાન;
આસપાસ મોજાં ગરજે છે અપાર. ડુબવા જેવું છે વહાણ.
ટેક—જય ! જય ! જગતના તારનાર, જય જય મુક્તિ દાતા.
જો ભારે તોફાન ચોગમ થાય, ઈશુ છે પાસે બીહો મા.
૨ પાપના સમુદ્રમાં વીના આશરો પાપી ડુબેલો;
અંધારું કરે છે પ્રકાશ, તારનાર છે આવેલો,
૩ આવ્યો છે સહુને મરણ, ઈશુ તારી કને
જો રહેશે તું તેને શરણ ડુબવા નહી દે તને.

---

* ૫

We are bound for the land of the pure and holy

રે આવશો રે આવશો.

૧ આ કાશી દેશમાં હમે છીએ ચાલનાર
જે દેશમાં છે પ્રેમ તથા શાંતી અપાર
જે પાપના માર્ગપર દેવથી છો ભટકનારા
તમે કેમ નહીં આવશો આ કાશી દેશમાં ?
ટેક—રેઆવશો,રેઆવશો, કહો પાપી આવશોરે,આકાશીદેશમ
૨ તે સુખા દેશમાં છે પ્રીતિ અપાર
પ્રભુ રાજ કરનાર છે જગત ત્રાતા
ઓ પાપી મુએલા જે દુઃખથી છો લાચાર
કે કેમ નહિ આવશો આ કાશી દેશમાં ?
૩ દેશમાં મુકામ છે તૈયાર કરેલું,
ત્યાં ચાલનાર સ્ત્રીએ કોણ ચડાવી બધાં
મનમાં પુરણ પ્રેમને સુખ છે ભરેલું
રે કેમ નહીં આવશો જ્યાં સુખ છે સદા ?
૪ વિજય હર્ષમાં લડાઈ મુકીને
જય છે સોંપાઈ સ્વર્ગી સુખના વાસમાં
પણ પાપી એનો જે વીલબ કરો છો
રે કેમ નહીં આવશો રહેવા આકાશમાં

૬

The voice of wisdom cries be in time

પરમેશ્વર બોલે છે.

૧ પરમેશ્વર બોલેછે—આવોરે સઘળા પાપથી ફરો.
ને કરો પસ્તાવો. મુક્તિ માર્ગમાં ચાલો આવોરે.
૨ તમે જે ઘરડાં છો—આવોરે મોત તમને જલદ આવે

આજ મુક્તિનો દીવસ છે, પ્રભુ દયા કરો આવોરે.
૩ તમે જે છો જુવાન—આવોરે પામો મુક્તિનું દાન.
આપો પ્રભુને માન, સીપાઇઓ થાઓ બળવાન.
૪ બારણું છે ઉઘાડું—આવોરે, પણ બંધ થશે જ્યારે
તે શું કરશો ત્યારે, અફસોસ થશે તમને આવોરે

૭

Hark, the Gospel news is sounding.

હે પાપીઓ.

આખા જગના છેડા સુધી સાંભળો સધળા સમાચાર.
પાપી બચાવવાને લીધે ઈશુ આવ્યો છે મરનાર.
હે પાપીઓ હે પાપીઓ જુઓ તેનો પ્રેમ અપાર
૨ કીરપા નદી જેવી વહીને લોકોને મળી તૃપ્તી.
તોપણ આજ સુધી ચાલે છે. ખ્રીસ્તની વીંધાએલી કુખથી
સઘળાં જીવે સઘળાં જીવે. ઈશુ દાતા છે મુક્તિ
૩ ખ્રીસ્ત ઉપર છે ઈચ્છા મારી સ્વર્ગમાં તેને મળી.
તેની કીરપાના સાગરમાં નાહી સદાકાળ સુધી.
તેની કીરપા તેની કીરપા મારામાં આવું પુરી.

૮

The Heavenly Railway.

સ્વર્ગી રેલવે.

૧ રેલી છે સ્વર્ગી રેલવે, બનાવનાર સ્વર્ગનો રાજા છે.
આ રેલવેતો છે બહુ લાંબી પૃથ્વીથી સ્વર્ગ સુધી.
ટેક—જશોરે, જશોરે સ્વર્ગ સુધી જશો તમે.
૨ પશ્ચાતાપ છે સ્ટેશનનું નામ, લેછે લોકો ટીકીટ ત્યાં.
પણ મફત અપાય છે ખરો, ઇસુ છે સત્યનો રસ્તો.

૩ ક્લાસ, પહેલી બીજી, ને ત્રીજી, પસ્તાવો. વિશ્વાસ સપ્રાન
ને આ રેલવેપર નહી ચાલશો, સ્વર્ગમાં તમે નહી પેસશો.

૯

The Lion of Judah shall break every chain.

કેમકે ઇસુ જગત્રાતા.

૧ આવો ખ્રિસ્તની પાસે વિલંબ ના રાખો.
ને મુક્તિ મફત ને પુરી હાલ આપો.
દાસપણામાંથી તથા દુઃખમાંથી જાગો.
ફરી પસ્તાવો પાપની માફી માગો
ટેક—કેમકે ઇસુ જગત્રાતા પાપની સાંકળ તોડશે
ને છેક પારવાર તમને જય પમાડશે.
૨ જગત વીરૂધ ઉઠશે રીસ ચઢશે સેતાન
ને રોકવાને માટે કરશે બહુ તોફાન.
તમને બીવડાવવાને સર્વ મારશે ફાંકાં
ઇસુ જગત્રાતા છે. માટે બીહીશમા
૩ જો યુદ્ધ કઠણ હોય આસ પાસ ને છે અંધકાર.
તો પણ મુગટને મહેલ લડનાર કાજ છે તૈયાર
ને થોડી વાર પછી જોશો દેવનું રાજ.
ને જયનું નિશાન તથા શેતાનની લાજ.
૪ જ્યારે જગ મુકવું પડે ને આવે મોત કાળ
ત્યારે આસપાસ તમારી દેવ કરશે અજવાળ
ને હીમ્મત આપવા પ્રભુ હાજર થશે.
ને તેમને સ્વર્ગમાં દુતો લઇ જશે.

૧૦

I heard the voice of Jesus say.

ઇસુની વાણી

૧ ઇસુની વાણીમેં સાંભળી "મારી ગમ આવ" કહેતી
એ કષ્ટ કરનાર દુઃખથી લાદેલ આપું તને શાંતી.
૨ જેવો હતો હું આવ્યોછું ઇસુ ખ્રીસ્તની કને
દુઃખ મારૂં તેણે બદલીને સુખ આપ્યું છે મને
૩ "મારી ગમઆવ" કહેતી સાંભળી ઇસુખ્રીસ્તની વાણી
"ઓ તરસેલા પાપી તને આપું જીવતું પાણી"
૪ ઇસુની પાસે આવીને જીવતું પાણી પીધું
મારાપર પ્રેમરાખી તેણે મારૂં તારણ કીધું.

૧૧

Trim your lamps and be ready.

મસાલો લઇને તેને મળવા જજો.

૧ વખત નિપાઇ, સમય પાસે છે, જ્યારે પ્રભુ ઇસુ આવશે
તમને બોલાવાને,
ટેક-મસાલો લઇને તેને મળવા જજો.
તેને મળવા જજો, તેને મળવા જજો.
મસાલો લઇને તેને મળવા જજો.
૨ વાગશે તુરી કાંપશે આકાશ વીજળી ચોગમ કરશે પ્રકાશ
પૃથ્વી આગથી બળશે
૩ પાપી હાય હાય કરશે દુઃખથી ઇચ્છા કરશે પામવા મુક્તિ
પણ મુક્તિ નહિ પામે,
૪ ગાજશે ગર્જના, થશે અંધકાર, પાપી મોટો કરશે પોકાર
"પહાડો અમપર પડો"
૫ પ્રભુની ફોજ સદાજયવાન ઇસુની આગળ ગાશેગાન સર્વ
દુઃખથી બચીને.

૬ આવશે પ્રભુ જો લાગેવાર, તો પણ પાપીકરો તૈયાર
મુક્તિની મસાલો.

૧૨

I heard of a Saviour whose love was so great.

પાપીને બોલાવના.

વહેલા આવજે.

૧ સુંદર દાતા ઇસુની મેં પ્રિતી સાંભળી, જેણે મારે લીધે
આ શો પ્રાણ મુગટ કાંટાનો વાગ્યો તેના માથામાં
કે આપે મને મુક્તિનું દાન.

ટેક – આનંદ અ રજે વહેલા આવજે ઇસુના પાસે;
કૃપાથી આજ સુધી જોતા તે વાટ તારી;
વહેલા આવજે ઇસુની પાસે.

મને! મને! કે આપે મને મુક્તિનું દાન,
મુગટ કાંટાનો વાગ્યો તેના માથામાં,
કે, આપે મને મુક્તિનું દાન.

૨ પાપીઓને લીધે રડ્યા તે વારંવાર,
કહીને તમે કેમ નથી માનતા!
મારી પાંખ તળે હું કરત તમને ભેગા;
તમને આપત હું મુક્તિનું દાન,

૩ મારું મન કઠણ હતું પણ નરમ થયું,
જાણીને પ્રિત એવી અપાર
તેની પાસે મેં આવીને માગી માફી,
ને ઉતાર્યો તેણે પાપનો ભાર,

૪ દરેક જાતના પાપીઓ આવશે ઇસુ,
ને તેને શું તે કાઢી મુકશે
કૃપાથી આજ સુધી જોતા તે વાટ તારી,
વહેલા આવજો ઇસુની પાસે.

૧૩

We are travelling home to heaven above.

આવશો શું આવશો શું ?

૧ આકાશી દેશમાં ચાલું છું. આવશો શું ?
વિશ્વતારનાર ત્યાં જોઇશ હું આવશો શું ?
લાખો તે દેશમાં ગયા છે,
સર્વે દુખોથી છુટયા છે;
લાખોને માટે જગ્યા છે, આવશો શું ?
૨ આકાશી વાટ છે સીધી સાફ, આવશો શું ?
પસ્તાવો કરી પામો માફ, આવશો શું ?
ઇસુ તમને છે બોલાવનાર
મારી પાછળ થઇને આવનાર
ને મુક્તિ આપવા છું તૈયાર આવશો શું ?

૧૪

Turn to the Lord & seek salvation.

પાપથી ફરીને માફી પામો.

૧ નર્કે ઉંડું છે ઘોર અંધકાર, રે પાપી પસ્તાવો કર.
સ્વર્ગે છે અજવાળ, સુખ અપાર, પ્રકાશ કરે તારાપર.
ટેક—પાપથી ફરીને માફી પામ, સદા ગા દેવની સ્તુતી;
મહિમા થશે તેનું નામ, આપનાર છે પુરી મુક્તિ.
૨ નરક આગ છે, નહી હોલાયરે, પાપી બચને દુ:ખથી.
ઇસુ તારનાર, તને આપે મફતને પુરી મુક્તિ.
૩ મરનો જે ઇશ્વર અવતારને, પાપી કરતું મરશો કેમ;
આવી ભજ આ તારનારને, મુક્તિ પુરી લશો એમ.

૧૫

The Roll-call.

હાજરી.

૧ જ્યારે હાજરી લેશે સ્વર્ગમાં, શીપાઈઓનાં નામ વંચાય
હાજર થઇશ મારી જગ્યામાં ચિદાનંદ મને થાય.
દૂતો હાજરી પત્રક વાંચો, હવેથી ના લાગે વાર, ટેક
મારૂં નામ જ્યારે બોલશો, જવાબ આપવા હું તૈયાર.
૨ જ્યારે હાજરી લેશે સ્વર્ગમા મુક્તિફોજ હાજર થશે,
ઉજળાં વસ્ત્ર સઘળાં પહેરીને, દેવ આગળ ઉભા રહેશે.
૩ જ્યારે હાજરી લેશે સ્વર્ગમાં, થર થર કાંપશે પાપી લોક,
દેવથી ભારી સજા પામીને, સર્વકાળ સુધી કરશે શોક

૧૬

Death is coming.

મરણ આવશે આવશે.

૧ પાપી તમે કયા જાઓછો. કેમ તમે મરશો !
જો ઇસુ કને નહીં આવો, નર્કમાં પડશો,
ટેક—મરણ આવશે, આવશે, આવશે, ને ન્યાયનો દીવસ,
વહેલા આવો, વહેલા આવો, ઇસુની પાસે.
૨ સેતાનની ઘણી ઇચ્છા છે, તમને નાશ કરવા.
ઇસુ બચાવવાને લીધે. ક્રુસપર ગયો મરવા.
૩ ઉત્રી આવશે ઇસુ ખ્રીસ્ત, ન્યાયાસનપર બેસશે
પાપી લોકોને સજા મારી, નરકમાં નાખશે;
૪ શોક કરીને નીરાશ થઇને, પાંહચશો નર્કમાં.
દાંત પીસવુ ને રડવું થશે. સર્વ કાળીક આગમાં
૫ નક્કી જાણો મુક્તનો દીવસ, હમણાંજ છે ખરો.
કાલનોવાયદો ના કરીને પાપથી બચી જાઓ.

૧૭

When the mighty, mighty trump sounds.

રણશીંગડું જ્યારે વાગશે.

૧ રણશીંગડું આકાશથી હાલ વગાડતાં જો.
સર્વ લોકો મુએલા ઉઠી જાગતા તે.
ટેક—રણશીંગડું જ્યારે વાગશે, બોલાવા અમને
પાપીઓ તૈયાર થાઓ; દેવને મળવાને
૨ દુતોની ફોજ સાથે ઇસુ આવતો જો.
રે પાપી નાશ પામેલા: તમે શું કરશો
૩ પાપીઓને નર્કમાં રડતા રડતા જો.
પવિત્રો આકાશમાં, આનંદ કરતા જો.

૧૮

When the stars begin to fall.

પાપી પાપી તમે ડરશો,

૧ ન્યાય કરનાર ઉતરશે, રાજ્યાસન ઉપર બેસીને.
જગતનો ન્યાય ઠરાવવા, જ્યાં આભથી પડશે તારા.
પાપી પાપી તમે ડરશો. જ્યારે આભથી પડશે. તારા. ટે
૨ સુરજ થશે અંધકાર, વિપત્તિ થશે જગમાં અપાર,
ભાગશો નિરગત થશે પાપી, જ્યારે પડશે તારા આભથી
૩ ગરજના થશે આકાશ. ચોગમ કરશે વિજળી પ્રકાશ
પાપી હાય હાય પોકારશે. જ્યારે આભથી તારા પડશે
૪ આગળ ઉભા રહે લોક, પાપીઓ કરતા ઘણુંજ શોક,
સાંભળશે દેવની વાણી, જ્યારે પડશે તારા આભથી.
૫ "ભુંડાઇ કરનાર જા દુર," ભારે કષ્ટ પામીને ભરપુર.
નરકની આગમાં બળશો, જ્યારે આભથી તારા પડશે,

૧૯

Bless our Army.

હાન્સાફનો હલાડો.

૧ ઇન્સાફ હલાડે અચરત પામી, રણ શીંગડાના નાદ સાંભળો;
ગરજે છે હજાર ગરજનાથી, આખી સૃષ્ટિ હલતી જો.
ગભરાએ છે ગભરાએ છે, ગભરાએ છે પાપીઓ.
જુઓ આવતો ન્યાય કરનાર, તાજ પહેરીને માથાપર;
સીપાઇનો જે છે મદદનાર, સુખનું વચન આવશે ભર,
હે ત્રાતા પ્રિય ત્રાતા, મને પણ તું કબુલ કર.
આવશે ઇન્સાફ હલાડો, રે પાપીઓ શું કરશો.
નિરાશ પ્રભુને તજે ત્યારે, પાપના લાલથી કેમ ફરશો
રે પાપીઓ રે પાપીઓ, નરકની આગમાં પડશો.

૨૦

Why will thou die?

રે તું કેમ મરશે.

૧ અરે પાપી, તું પામશે માફી,
જો અંધકારમાં મારતો ફરે, પડશે બોજ તારો
ને નહીં સાંભળે, જ્યાર પ્રભુની પાસે જશે,
રે તું કેમ મરશે ? તું કેમ મરશે તું કેમ મરશે ?—ટેક
પાપી પાપી કેમ ?
૨ પાપથી થાકેલા, દુઃખથી ભરેલા;
પુરો આનંદ ચાહે છે પામવા, શાંતી જે ત્રાતા;
આપે છે સદા, તારાં પાપને દુઃખ નાશ કરવા,
૩ મરણ છે પાસ, લેવા તારો શ્વાસ,
સેતાન તને બાંધવા છે તૈયાર, કરીશમાં વીલંબ
પણ આવતું એકદમ, જ્યારે છે તારે લીધે તારનાર

૪ દુઃખ ભયંકર, આવશે તારા પર;
જ્યારે જગ્યા નહીં મળે સ્વર્ગમાં, સદા રહીશ બહાર
જ્યાં છે અંધકાર, પામવા કષ્ટ અનંત કાળ નરકમાં

૨૧

Tan -'leans ng f r me

પાપથી ફરો.

૧ દેવ પાપીને કરેછે ઘણો પ્રેમ. પાપથી ફરો.
અને મનથી તે કાડશે જગનો વહેમ. પાપથી ફરો
દુનિયામાંથી તમે ઉઠાવો મન,
ઈશ્વરને આપો તમારૂં તન;
ને તેની સેવા કરો હરેક દન પાપથી ફરો
૨ અરે પાપી તમે કરો વીચાર પાપથી ફરો
તમને પાપથી કોણ કરી શકે પાર? પાપથી ફરો
પાપમાં રહેવાથી છે મોટું જોખમ.
માટે ફરો તમે પ્રભુની ગમ.
અને તમને મળશે માફી એકદમ પાપથી ફરો
૩ પાપથી તમે થયાછો બહુ લાચાર પાપથી ફરો
ને મનમાં દુઃખ ભરેલું છે અપાર પાપથી ફરો.
માટે તમે વહેલા કરો પસ્તાવો,
ઈસુ ત્રાતાપર વિશ્વાસ પણ લાવો.
અને પ્રભુને મળવા તૈયાર થાઓ પાપથી ફરો

૨૨

Remember, guilty sinner.

નાચનાર તથા દોડનાર તમે મરશો.

૧–યાદ રાખો દોષી આત્મા તમે મરશો.
યાદ રાખો અધર્મી જોબન,
જે સત્યને ધીકારે છે.
ને મોજમાં અભીમાની તમે મરશો.

૨–નાચનાર તથા દોડનાર તમે મરશો.
નાચશો તથા દોડશો.
ને આનંદી ગીત ગાશો.
ને ખુશાલી થશો, પણ તમે મરશો.

૩–તમે જો હો જુવાન પણ મરશો.
તમે જો હો જુવાન
તમારો રંગ શું રહેશે
ને રાખથી ઓળુ થશે તમે મરશો.

૪–જો દેવની ગમ નહી કરો તમે મરશો. (ત્રણ વખત ગાવું)
ને લોહીમાં નહી શુદ્ધ થાઓ.
ને પ્રભુને નહી માનો તમે મરશો.

૨૩

Calvary's stream is flowing so free.

પ્રભુ તેના પ્રેમથી બોલાવે છે.

૧–દયા અપાર છે, પ્રભુની સ્તુતિ, દયા અપાર છે દયા અપાર
પાપીને તારવાને છે પુરી, દયા પુરીને અપાર
તારણનું કામ પુરણ કીધું તેણે દયા અપાર દયા અપાર
સઘળાં સદા કાળનું જીવન પામે દયા પુરીને અપાર

ટેક–પ્રભુ તેના પ્રેમથી બોલાવે છે બોલાવે છે બોલાવે છે .

ઇસુ તેના પ્રેમથી બોલાવે છે, તે બોલાવે છે તમને
૨–ઇસુથી પાપમા ભટકનારા, દયા અપાર દયા અપાર
"ફરોરે ફરો, કહે છે આત્મા, દયા પુરીને અપાર લાવો
અંધારામાં જુઓ સત્ય પ્રકાશ, દયા અપાર દયા અપાર
તમારે સારૂછે તારણની આશ દયા પુરીને અપાર
૩–તમને ઇશુછે દયાળુ, મહેરબાન, દયા અપાર દયા અપાર
આખા મનથી તેપર લાવો ઇમાન, દયા પુરીને અપાર
હમણાં પસ્તાવો કરીને આવો, દયા અપાર દયા અપાર
માગીને આશીર્વાદ મફત પામો દયા પુરીને અપાર

૨૪

Nothing but Thy Blood can save me.

જે તેને શોધે છે

૧–કોણ પાપથી છુટકો આપશે? કેવળ ઇશુ જીવનો ત્રાતા
કોણ માફી આપી શકે છે? કેવળ ઇશુ જીવનો ત્રાતા
ટેક–જે તેને શોધે છે પસ્તાવો કરી
અનંત જીવન પામે છે, કેવળ ઇશુ જીવનો ત્રાતા
૨–મોટાં કામ તેણે કીધાં, કેવળ ઇશુ જીવનો ત્રાતા
આપણાં સઘળાં પાપ લીધાં કેવળ ઇશુ જીવનો ત્રાતા
૩–બદલેછે સરવ જીંદગી કેવળ ઇશુ જીવનો ત્રાતા,
ઘણો આનંદ આપનાર છે કેવળ ઇશુ જીવનો ત્રાતા
તેના નામને સ્તુતિ છે, કેવળ ઇશુ જીવનો ત્રાતા

૨૫

Calvary's stream is flowing.

દયા નદી વહે છે.

૧–દયા નદી વહે છે, તારનાર ઇશુથી
સઘળાં પાપથી તારવાને, છે મફતને પુરી

૪ જે દુઃખથી ભરેલાં થાકેલાને લાચાર
આવો તારણ પામવાને ઇશુ છે શુદ્ધ કરનાર
ટેક–દયા નદી વહે છે, દયા નદી વહે છે,
૨–દુનીઆમાં શાંતી નથી, ત્રાતાઇશુ શિવાય
પણ તેથી સુખ સંપુરણ, બધા લોકોને થાય
પાપનો બોજ દુર કરીને, અંતઃકરણ કરશે સાફ
નદીકે મોટી નથી, ત્યાં સઘળાં પામે માફ.

૨૬

Behold, behold the Lamb of God

વધસ્થંભપર વધસ્થંભપર

૧–જુઓ જુઓ દેવનું હલવાન–વધસ્થંભપર,
પાપીકાજ હોતા બલીદાન–વધસ્થંભપર,
સાંભળો તેની વાણુ કાન ધરતા
"રે પાપી કેમ નથી ફરતા."
આવી જુઓ ત્રાતા મરતા–વધસ્થભપર
૨–હાંક મારે છે ભારે દુઃખથી–વધસ્થંભપર
લોહી વહે છે હાથ, પગ કુખથી–વધસ્થભપર.
સુરજ નથી આપતો અજવાળ
રાત જેવી ઘોર અંધકાર દીન કાળ
જુઓ દેવને તમારા હાલ–વધસ્થંભપર
૩–આવો પાપી ઇશુ જોવા–વધસ્થભપર,
લોહી વહેવડાયું પાપથી ધોવા–વધસ્થંભપર.
શુદ્ધ કરવાને ચાલે છે ધાર,
સેતાનને પમાડીને હાર.
ઇશુએ કર્યોછે ઉદ્ધાર–વધસ્થંભપર.
૪–પુરૂં થયું આ મોટું કામ–વધસ્થંભપર.

ભજો સર્વે કુલ ઇશુંનું નામ—વધસ્થંભપર.
મુક્તિનીધાર પામી જુઓ
મન તમારાં તેમાં ધુઓ.
પ્રભુ આપ્યા જગ કાજ મુઓ—વધસ્થભપર, ૬

૨૭

Tune—You will see the Judge descending.

પણ આકાશના સુંદર ગીતો.

૧ ન્યાય કરનાર ઉતરી આવશે. તે દહાડે.
ટેક—પણ આકાશનાં સુંદર ગીતો નરમ અવાજથી સાંભળીશું.
૨ તમે જગતને બળતુ જોસો તે દહાડે.
૩ તમે વીજળી ચલકતી જોશો. તે દહાડે.
૪ તને ગર્જના પણ સાંભળશો. તે દહાડે.
૫ પાપી દુઃખથી હાય હાય કરશે તે દહાડે.
૬ સર્વે મુઆ ઉઠી જાગશે, તે દહાડે.
૭ તમે તારા પડતા જોશો. તે દહાડે.
૮ તમે ઇશુને આવતાં જોશો. તે દહાડે.
૯ પાપીઓ તમે શું કરશો તે દહાડે.
૧૦ તમે બીકથી થરથર કાંપશો. તે દહાડે.
૧૧ ફોજ અમારી તૈયાર થશે તે દહાડે.

૨૮

Tune—Heaven is a beautiful city.

હું જાઉછું ઇસુને જોવા.

૧ આકાશમાં છે એક સુંદર નગર
જ્યાં દેવ છે તેનું અજવાળ,
ને મહારાજ્યાસનની ઉપર,

ઇસુ છે બેસનાર સદા કાળ,
હું જાઉંછું જાઉંછું ઇસુને જોવા.
૨ ત્યાં ફરી મરણ નથી થનાર,
ને શોક તથા રડવું નહીં થાય,
ત્યાં સુખ છે સંપૂરણ જે અપાર,
ને દેવની સ્તુતી સઘળા ગાય,
૩ આખા નગરના રહેવાશી છે બધા:
જે સત્યના માર્ગપર ચાલે.
ને પાપથી દુર રહીને સદા
લડતા લડતા સુભટ ચાલે,

૨૯

Tune—There is a better world they say.

સુંદર દેશ.

૧ એક સુંદર દેશ છે એમ કહેવાય સુંદર દેશ.
ત્યાં પાપી દુઃખ સહુ આગળ થાય. સુંદર દેશ.
વાજંત્રો વાયુમાં સંભળાય
દુતો પાંખોવાળા ઊભા થાય
૨ કદી કાળા મેઘ ગગનમાં ચડે નહીં, સુખી દેશ.
ને શોકનાં આંસુ આંખને પીડે નહીં. સુખી દેશ.
તેઓ જીવતા ઝરણે પીએ છે.
બાપાનું મુખ તાકી જુએ છે.
ને તેના નુરથી પ્રકાશે છે. સુખી દેશ.
૩ દુષ્ટ મોતને કહેવાણ, ભયંકર મહા આવે નહીં
જુંડી વસ્તુને ભક્ષનાં પશુઓ મહી બેસે નહીં.
ત્યાં સર્વ શુદ્ધને સારા રહી.
પણ પાપી જે શુદ્ધ થયો નહીં.

તે ધામમાં વારસો પામ્યો નહી પેસે નહીં.
૪ સહુ પાપી છીએ અમે જેને ઇસુ જુઓ
શાંતીનો મુગટ ખોગોતો
તેથી આપણાં પાપ સહુ ધોવાય.
ને સુખનો તાજ પાછો લેવાય
ને સુખી રાજ દેશમાં પેસાય ઇસુ જુઓ

૨૦

Tune—At the cross, at the cross

વધસ્થંભ વધસ્થંભની પાસે

૧ મારૂં મન હતું જડ, ને થઇ બહુ ગડબડ
ને કર્યો નથી મેં પશ્ચાતાપ
પણ હું ગયો જ્યારે વધસ્થંભની પાસે ત્યારે
ઇસુએ લઇ લીધાં મારાં પાપ
ટેક—વધસ્થંભ વધસ્થંભ વધસ્થંભની પાસે;
જ્યાં ઇસુ મારા દુઃખ લે લીધું
મારા અંતઃકરણમાં ઘણું સુખ આવ્યુ છે.
હવે રાતને દીવસ બહુ ખુશીછુ.
૨ હું પાપી હતો ને લાગ્યો અચંબો
કે ઇસુ મને કેમ કરે માફ
પણ આ વાતનો ખરી ને મને છે ખાત્રી
ઇસુએ મારૂ મન કીધું સાફ
૩ હવે મટયુ છે દુઃખ ને આવ્યુ છે સુખ
ને તોડી છે સેતાનની યુકતી
કેમકે મારે લીધે ઇસુ એ મરીને
આપા છે મને પુરી મુક્તિ

૩૧

Tune—I am a pilgrim bound for glory.

ઇસુ છે મારો વહાલો હાલેલુયા.

૧ સ્વર્ગી દેશમાં મારૂ ઘર છે મુકિત માર્ગમાં ચાલુછું
જે જે પાપથી થાકી ગયા, સાંભળો પ્રેમનો ઇશુનો

ટેક—ઇસુ છે મારો વહાલો હાલેલુયા હા વહાલો મારો છે.
ઇસુછે મારો વહાલો તારણ હારો હું પણ તેનો વહાલોછું

૨ જાત્રી કેમ જગત ત્યાગીને તું આ માર્ગમાં ચાલે છે
મારૂ મન હતું ખોટું બહુ, સાફ કીધું ઇસુએ

૩ જ્યારે મુકિતમાં હું આવ્યો કહ્યું ચોકે તેના શાથે
પણ હું આજ સુધી ચાલુંછું જગ જીતનુ પામીને

૪ મારાથી લોક આચરત છે કેવળ ઇસુનું છે કામ
ત્યાં લગ હું તો પહોંચી આવ્યો, ધન્ય થાય તેનુ નામ

૫ મરણ સુધી જ્યારે આવીશ ત્યારે ગાતા મુકીશ હું
હું પણ મુકતનું ગીત ગાઇને આવીશ ઇસુની પાસે

૩૨

Tune—On the Cross of Calvary.

ઇસુએ મારે લીધે સહ્યું કાલવરીના સ્થંભપર.

૧ કાલ વરીના સ્થંભ ઉપર ઇસુએ સહ્યું મરણ
નીકળાવ્યું અમુલ્ય લોહી, કે પાપને કરે હરણ
શુદ્ધ કરનાર લોહી છે વહેતું, સાફ કરે છે બરફ જેવું
ઇશુએ મારે લીધે, સહ્યુ કાલ વરીના સ્થંભપર

ટેક—વધસ્થંભપર, વધસ્થંભપર, ઇશુએ મારેલીધે
સહ્યું કાલવરીનાસ્થંભ પર

૨ જુઓ કેવો કેવો પ્રેમ, લાવ્યો મને ખ્રીસ્તની ગમ
જુઓ કેવો મોટો પ્રેમ, માગે છે સંપુરણ હોય

આપણું તન, મન ને ધન, કેમકે તેણે વેઠયુ મરણ
પ્રભુએ મારે લીધે સહ્યુ વધસ્થંભ ઉપર
૩ અંધકાર થઇ પૃથ્વી જ્યારે તેણે મોત સહ્યું.
"પુરૂ થયુ" હાંક મારી, માથુ નમી પ્રાણ છોડયો
પુરૂ થયુ ! પુરૂ થયુ ! આખુ જગ છુટું શકે
આ કારણથી પ્રીસ્ત મુઓ, કાલ વરીનારસ્થંભ ઉપર

૬૩

Tune Ere the sun goes down.

હ્લાડો આથમતા અગાઉ
તમે પાપનો ગાડી પામતા—૧
દહાડો આથમતા આગળ!
જે આકાશમાં જતું હોય
જ્યારે દહાડો આવશે
રે હમણાં વીનંતી કરે
તારો વખત વીતી જાય છે
ને મોત જલદી આવશે
જ્યારે દહાડો આવશે
દહાડા આથમતાં અગાઉ—ટેક
રે પાપી ઇશુ પાસે આવ
દહાડા આથમતા અગાઉ
દરેક પ્રસંગ વિતી જશે.—૨
જ્યારે દહાડો આથમશે
તારી છેલ્લી વાર હશે
જ્યારે દહાડો આથમશે
જો આ પ્રસંગ નહી પકડશો
ને મુકતી નહી પામીશો

અજાણ્યુમાં મોત આવી પોહોંચશે
જ્યારે દહાડો આથમશે.

૩૪

Tune—Christ now sits on Zion's Hill

સર્વે કાલ શુધી નિત્ય આનંદ.

૧ ઇશુખ્રિસ્ત છે તારનાર પાપીને કરશે આવકાર
આવી તેના સેવક થાઓ, અરપણ થઇ સાથે ગાઓ
ટેક—સર્વે કાળ સુધી નિત્યાનંદ સર્વે કાળ સુધી
પ્રભુ ખ્રિસ્તનો શીપાઇ નિત્યાનંદ સર્વે કાળ સુધી
૨ કેવો ત્રાતા છે મારો મારો ત્રાતા કેવો સારો
થઇને તેનો સીપાઇ તેને કાજ કરીશ લડાઇ
૩ મારી સામું ઉઠે જગ, તો પણ લડુ મરણ લગ
સૌ કરતાં છે દેવ બળવાન, માટે સદાએ જયવાન.

૩૫

Tune—There is a fountain filled with blood.

હું જાણુંછું હું જાણુંછું.

૧ એક ઝરામાં ભરેલું રક્ત તે ખ્રીસ્તથી વહ્યા છે.
જે પાપી નાહ્યા છે તે તખત તે ધોળા થયા છે
ટેક—હું જાણુંછું હું જાણુંછું ઇસુ મારે લીધે
વધસ્થંભપર લોહી વહેવડાવ્યું પાપથી છોડવવાને
૨ મરતો ચોર એને જોઇને થયો ત્રાતાનો મીત્ર
ને એમાં હું પણ ધોઇને કરાયોછું પવિત્ર
૩ હે પ્રિય ત્રાતા તારૂં રક્ત, ન ખોશે શકિતને
જહાં સુધી કે સઘળા ભક્ત ના મેળવે મુક્તિને
૪ વિશ્વાસથી હું જોઉંછું ધાર જે તારા દીલથી વહી

એ માટે તારી પ્રિત અપાર મને આનંદીક રહી
૫ આકાશમાં ગાઇશું સુંદર માનને નમીશું તારે પાય
જ્યારે આ ખોખડી જબાન કબરમાં છાની થાય.

૩૬
Tune—Hell is darkness.

પાપથી ફરો ને માફી પામો.

૧ નરક ઊંડું છે; ઘોર અંધકાર, રે પાપી પસ્તાવો કર,
સ્વર્ગે છે અંજવાલ સુખ અપાર, પ્રકાશ કરે તારાગાર,
ટેક—પાપથી ફરીને માફી પામો, સદા ગાઉ દેવની સ્તુતિ
મહીમા થશે તેનું નામ, આપનાર છે પુરી મુક્તિ
૨ નરક આગ છે, નહિ હોલાય, રે પાપી બચ તે દુ:ખથી
પ્રભુ તારનાર તને આપે, ભક્તને પુરી મુક્તિ.
૩ મરતો જો ઇશ્વર અવતારને પાપી કર તું મરશે કેમ
આવી ભજ આ તારનારને મુક્તિ પરી થશે એમ

૩૭
There is freedom for all.

પાપીને બોલાવવા.

૧ છુટકો છે સઘળાને કાજ, ખ્રીસ્ત છે આવ્યો કરવા રાજ;
તેના નામને મહીમા થાય, સઘળા પાપી બચી જાય.
ટેક—સઘળા પાપ છોડીને મુક્તિ પામીલો:
૨ જો ગુનેગાર છો બીલકુલ, તોપણ પાપ કરો કબુલ.
ફરો સર્વે ભુંડાઇથી તો મુક્તિ પામી શકો છો.
૩ આ જગતમાં સંતોષ નહિ થાય, તે કોણ આપે ખ્રીસ્ત શાન્ત
દારૂ, અફીણ, છોડીદો. જલદી મુક્તિ પામી લો.
૪ આવો સર્વે પાપી એકદમ, મુક્તિ પામવા ખ્રીસ્તની ગમ
કાલ સુધી જીવના નહી રહો, માટે મુક્તિ પામી લો

૩૮

Experience

પાપથી છુટકો.

મેરા દશા ભીલા મુજકુ. એ રાગ

૧ હતો પાપી અને લાચાર ખરો હું,
મુઓ જામીન અરે મારો મશીહ તું,
૨ ચીપન ભારે અરે કલેશ હતો હું,
રડ્યો મુજ કાજ ભરેલ મશીહ તું,
૩ હતો પાપથી અને દુઃખથી બાંધેલ હું,
ચઢ્યો શુળીપર અરે મુજ કાજ મશીહ તું,
૪ દેવી ભારે અરે દયા પામ્યો હું,
થયો મુજ હાથ અરે પ્યારા મશીહ તું,
૫ અરે માલીક ખરા પ્યારા નમું હું,
રહ્યો સાચો મને તારવા મશીહ તું,
૬ રહું સાચો બન્દુ તુજનો ખરે હું,
આવ્યો તારવા અરે પ્યારા મશીહ તું,

૩૯

Invitation

પાપીને બોલાવવા.

૧ હાલે હુવા મુક્તિ મળીછે. હાલે હુવા મુક્તિ મળીછે.
મુક્તિ મળી છે, પુરી મુક્તિ મળીછે.
૨ ઇસુ સ્વામી તારણ હારાછે, ઇસુ સ્વામી તારણ હારાછે.
તારણ હારાછે તથા શાન્તિ આપનાર છે.
૩ આવો ભાઇઓ મુક્તિ પામવાને, આવો ભાઇઓ મુક્તિ પામવાને
મુક્તિ પામવાને મનમાં શાંતિ આપવાને.
૪ ઇસુત્રાતા તારવાછે તઇઆર ઇસુત્રાતા તારવાછે તઇઆર.

તારવા છે તઈયાર ઈસુ તારવા છે તઈયાર.
માફી પામવા કોણ તૈયાર થશે માફી પામવા કોણ તૈયાર થશે.
માફી પામવાને તથા પાપથી બચવાને.

૪૦

Experience

અનુભવ

૧ સાંભળો સાંભળો ભાઈ શુભ વાતો મુક્તિફોજનીરે લોલ.
૨ તેની વાહી હું બતાવવું તે તમે જાણજોરે લોલ
૩ મારૂં મન થયું છે શુદ્ધ ઈસુના લોહીથીરે લોલ
૪ મનમાં આણ્યોરે વીચાર કે મુક્તિ પામવીરે લોલ
૫ હું તો ગયો પ્રભુની પાસ મુક્તિ પામવારે લોલ
૬ આપી આપી મને શાંતિ ઘણી હર્ષથીરે લોલ
૭ જાણો જાણો ઓ ભાઈ લોક કે ઈસુ તારનારોરે લોલ
૮ તારનાર થયો આપણો કાજ કે શાંતી આપશેરે લોલ
૯ કરો કરો પસ્તાવો પાપનાં મુકવારે લોલ
૧૦ વિશ્વાસ કરજો ઇશુપર કે પ્રેમથી ગાજોરે લોલ
૧૧ ચાલશું ચાલશું એકજ સંગ પ્રભુ ખ્રીસ્તનુંરે લોલ
૧૨ તેની આજ્ઞામાં નીતિ ધ્યાન ધારીશુંરે લોલ.

૪૧

Invitation

પાપીને બોલાવવા.

ઇસુ જગતનો છે તારનારો તેની ગમ કરો.

૧ દેવ નહી પુછે જાત તમારી જોશે કે શું ચાલ છે સારી
પાપના બોજા જે છે ભારી તે મટાડશેરે ઈસુ જગતનો.
પાપથી જેટલા છે લાદેલા, મનમાં ઘણું દુઃખ પામેલા.

કષ્ટથી તથા શોક ભરેલા જલદી આવોરે ઇસુ જગતો.
૩ પાપની ઉંઘથી તમે જાગો, નર્કના દંડથી વહેલા ભાગો.
માફી તરત ઇસુથી માગો, મુક્તિ પામોરે. ઇસુ જગતો.

૪૨

The Deluge.

ચેતવણી.

ટેક—નાસનાસરે થશે પ્રલય પ્રતાપથી.

૧ મેં દીઠું જગતમાં ખોટું દુઃખ લાગ્યો પાણીનું મોટુંરે
૨ લોક ફરે ને મોજ ઘણી મારે વાત દેવની ક્રોધના જાણેરે
૩ બધું સાચું ને સત્યજ ગયું નુહના કુટુંબ શિવાયરે.
૪ નુહ ન્યાયનો ઉપદેશ આપે મન ફેરવો નહિતો પાપીરે.
૫ નુહાએ વહાણ બનાવ્યું બહુ મોટું લોક જુએને લાગે ખોટું રે
૬ આપ મતે તો ધંધા ચલાવે વાત મનમાં કોઈના લાવેરે.
૭ અરે હદ મુકીને પાણી ચાલ્યું દેવે પોતાનું વચન પાળ્યુંરે.
૮ કોઈ ઘરે ચડે ને કોઈ પહાડ, કોઈ ટેકરે ચડેને કોઈ ઝાડરે
૯ બધી દુનિયા પાણીથી ભરી દેવે નુહાનું વાણજ તાર્યુંરે.
૧૦ આપી પાપીઓને શીક્ષા ભારી, તેના ભક્તોને લીધા ઉગારી.

૪૩

Invitation.

પાપીને તેડું.

૧ ઇસુ આવ્યારે પૃથ્વી ઉપર પાપ મુકાવવા.
૨ પાપ મુકોરે જગતના લોકો સૈતાન થકી છુટવા.
૩ માફ પામોરે પ્રભુ ઇસુની પાસે પરમ સુખ પામવા.
૪ આનંદ કરજોરે મુક્તિફોજનીમાંય ઇસુમાં હરખાવા.

૫ લોહી વહેવડાવ્યું વધસ્થંભ ઉપર પાપીને તારવા.
૬ આવો આતોરે બાળકોને એનો પસ્તાવો કરવા

૪૪

Invitation.

પાપીને તેડું.

૧ પ્રભુ ઇસુ દયાવંત, તેથી જીવન છે અનંત,
તે પરલાવે જે વિશ્વાસ તે જન પામે મોટું મુક્તિદાન પ્રભુ૦
૨ કોની પાસે પાપી જન પામે મોટું મુક્તિ ધન
કોણ મટાડે મનનું દુઃખ, કોણ પમાડે મનને સુખ. પ્ર૦
૩ પ્રભુ ક્રિસ્ત શક્તિવાન, પાપની માફી આપેછે,
તેનું લોહી છે બહુ મુલવાન, મારૂં મન શુદ્ધ રાખેછે પ્ર૦
૪ પ્રભુ ઇસુ તારા પર આશ રાખુછું જીવનભર,
સ્તુતિ તારી ગાઉંછું, તારાથી સુખ પામુંછું. પ્રભુ૦

૪૫

Experience

અનુભવ

૧ પ્રભુનો મારગ છે સુરનો, ને નહી કાયરનાં કામ જોને.
૨ પરથમ પહેલા પાપ મુકીને ભજો ઇસુનું નામ જોને:
૩ સુરસાગરમાં મોતી લેવા, મરજીવા પડ્યા મર જીવા જોને.
૪ પાળે ઉભા જુએ તમાસા, તે કોડી નહીં પામે જોને:
૫ મહી પડ્યા તે મહા સુખ માને, ને દેખનારા દાઝે જોને:
૬ પાણી જેવા છો પરપોટા, ને ફુલી ફાટી જાશો જોને.
૭ ત્રાતા ઇસુએ દુઃખ વેઠ્યું, છુટકો તારો થાય જોને:
૮ સઉ પાપી કાજ છે આ મુક્તિ. ફરીને થાઓ શુદ્ધ જોને:
૯ મોત પામે છે, તૈયાર થાઓને, આવશે ઇન્સાફ દહાડો જોને.

૪૬

Invitation

પાપીને તેડું.

ગરબાની.

આવોરે ઈસુની પાસે ઈસુની પાસે;

૧ ઈસુએ પ્રાયશ્ચિત કીધું,
પ્રાયશ્ચિત કીધુ બળીદાન દીધું આવોરે.

૨ ઈસુએ જગન પોતે કીધો,
જગન પોતે કીધો બદલો ભરી દીધો. આવોરે.

૩ ઈસુએ રગત વહેવડાવ્યું,
રગત વહેવડાવ્યું સહુને કામ આવ્યું. આવોરે.

૪ ઈસુના રગતમાં નાવું,
રગતમાં નાવું પરમ શુદ્ધ થાવું. આવોરે.

૫ ઈસુ છે જગતનો ત્રાતા,
જગતનો ત્રાતા મુક્તિનો દાતા. આવોરે.

૬ ઈસુ છે જગતનો સ્વામી,
જગતનો સ્વામી સહુ શીરનામી. આવોરે.

૭ ઈસુપર વિશ્વાસ હું રાખું,
વિશ્વાસ હું રાખું પરમ સુખ ચાખું. આવોરે.

૮ ઈસુને સેવક કરજોડે,
સેવક કરજોડે બંધન સર્વે તોડે. આવોરે

૪૭

Learn wisdom.

રાગ કલકો દેરી.

૧ બુદ્ધિ શીખો ઓ નાદાનો, વિલંબ તમે કેમ કરો;
આજનો સમય મુલવાન ગણો, કાલનો વાયદો ના રાખો:

૨ ફરો પાપીઓ પસ્તાવો, કરો આજ જે જીવતા છો:
મોત છે પાસે નિશ્ચય જાણો, કાલનો વાયદો ના રાખો;
૩ આજનો છે તમારો આશા, આજ ઇસુની ગમ ફરો;
જ્યાં લગ સ્વાસા ત્યાં લગ આસા કાલનો વાયદો ના રાખો.

૪૮

Man is dust.

રાગ કલકી દેરી.

૧ માણસ ધુલ છે ઘાસનું ફુલ છે, જલદી તે કરમાય છે,
આજ તે આવે કાલ તે જાએ, ફુલના જેવો મરે છે:
૨ જે અમીરને જે ફકીરને, બેઉને મરણુ લઇ જશે.
જબરા નબળા જે જે હોય, બેઉને પાડી દેશે તે;
૩ જાગો જાગો ઓ પાપીઓ, નરકથી નહી બીશો શું
પાપ છોડીને ખ્રીસ્તપાસ આવો, માફી પામી શકોછો;
૪ હાલેલુયા હાલેલુયા, મને મુક્તિ મળી છે.
પાપી ધુળ છે ઘાસનુ ફુલ છે, અનંત જીવન મારૂ છે.

૪૯

Experience

અનુભવ.

૧ મુક્તિ મુક્તિ શું કરો, મુક્તિ મોટું ધન, મુક્તિ મળીછે.
૨ ઇસુ તારા નામથી, મને ઘણો ઘણો આનંદ, થાય મુક્તિ મળીછે
૩ પ્રભુ પાટ પધારો, મારો સ્વર્ગ વાસો થાય; મુક્તિ મળીછે.
૪ લાલનોજ ઝાલીયા, ફોજે તૈયાર થાય; મુક્તિ મળીછે.
૫ રણસીંગડાં વાગશે, કાયમને દરબાર; મુક્તિ મળીછે.
૬ આખી પૃથ્વીના માનવી, તમે ભજો ઇસુનું નામ; મુક્તિ મળીછે
૭ ઇસુએ દુઃખ વેઠ્યું, પાપીઓને કાજ; મુક્તિ મળીછે.

૮ વધસ્થંભે ઇસુ જડાયો, લોહીનો નહિ પાર; મુક્તિ મળીછે.
૯ ઇસુતારા લોહીથી, મારાં પાપની માફી થઇ; મુક્તિ મળીછે
૧૦ એવાં કામો અગણીત કીધાં, કીધાં અદ્‌ભૂત કામ; મુ. મ.
૧૧ પાપની માફી મુક્તિ, પવિત્ર આત્માનું દાન; મુક્તિ મળીછે.
૧૨ ઇસુતારા લોહીથી, મારાં પાપ પરલે જાય; મુક્તિ મળીછે.
૧૩ પ્રથમ ચમત્કાર કીધો, કાના ગામની માહે; મુક્તિ મ.
૧૪ બેહેરાં મુંગાં પાંગળાં, ગરીબોનો આધાર; મુક્તિ મળીછે.
૧૫ જેને મળી મુક્તિ તેને મળ્યું આકાશનું રાજ્ય; મુ. મ.
૧૬ ધન ધન પ્રભુ ધન; ધન ઇસુ ધન્ય તારૂં નામ; મુ. મ.

૫૦

The Salvation Army.

મુક્તિફોજ.

૧ આવો ભાઇઓ આવો બેનો, મુક્તિફોજમાં મળવાને,
અંગ્રેજી દાવાહળ આવ્યું ફકીર થઇને ફરવાને;
૨ તીની કરતાં તાણી લેશે, સેતાન સાથે લડવાને,
ઝંડા ઝાલી ઢોલ વગાડી કબુલ થયાછે મરવાને:
૩ સૈન સુડીઆ વગર કુડીઆ, એવી ફોજે કરવાને,
ભાંગ તમાકુ અફીણુ દારૂ, પકડે છે મુકાવાને;
૪ ઇસુએ અવતાર ધર્યો છે. પાપી કાજે મરવાને,
પાપ તમારાં પલમાં લેશે, કબુલ કરોને ફરવાને;
૫ ને તમ તે તમ ચાલ્યા આવો, હરખ ઘણો હરખાવાને,
દારિદ્ર સરખા નાગી ફિરયા, ધન કહો એ ભક્તિને:
૬ ચુચુ કરતાં ચુપ જશે, કાહેર થશે મરવાને,
પુનર જનમ તો પામી લેવા, ને સાથે આઓ લડવાને;
૭ છીછી કરતાં છેકના છુટકો, ખરા થાઓ ખુંખારીને,
આગળ તેનો પાછળ થશે, પ્રગટ કહું પોકારીને.

૫૧

Experience

અનુભવ.

૧ પ્રભુ મને મુક્તિ માર્ગમાં નિત્ય ચલાવ,
ઇસુ મરણ સુધી તારી પાછળ ચાલીશ હું;
૨ કેટલો દુઃખી હતો હું મુક્તિ પામ્યા અગાઉ,
જગતની કંઈ શાંન્તિ મને સંતોષ ના આપે;
૩ દેશ જોયો વેશ પહેર્યો, રહ્યો સઘળામાં,
સુખ ભોગ દીધાં સઘળા લોકો સાથે મઝામાં;
૪ ટીલાં કર્યાં, ટપકાં કર્યાં બદલ્યો બહો વેશ;
મુક્તિ વિના બાવરો ફરૂં સુખ ના મળ્યું લેશ;
૫ ઝાડ ગયો, પહાડ ગયો, માન્યા બધા દેવ,
કોઇએ ના મન બદલ્યું ને કાઢી બુરી ટેવ;
૬ બીડી પીધી, ચલમ પીધી, ગડાકુના હુકા,
ચુનાથી ચોપડીને ખાધો તમાકુનો ભુકો;
૭ અફીણ ખાધું, ગાંજો પીધો ભાંગના લીધા લોટા,
તાડી પીને, દારૂ પીને, રસ્તામાં થયો ગોટા;
૮ પાપીઓને આજે ઇસુ ન્યાયી મુક્તિ છે,
ઇસુ તારા લોહીથી મને સુધતા મળી છે

૫૨

Experience

અનુભવ.

જગતનો તારનાર.

૧ હું તો હતો પાપી ખરો ઇસુને શીખ,
તેણે મને મુક્તિ આપી મન પણ કર્યું શુદ્ધ;
૨ પાપી મરણ જ્યારે આવે તમે કરશો શું,

ઓલો પ્રભુ પાપ મુકીને વહેલો આવું છું;
૩ પાપનું કલંક પ્રભુ ઇસુ હમણાં તું મટાડ,
હે દયાળુ મને જલદી મુક્તિ તું પમાડ;
૪ જય જય ઇસુ જય જય ઇસુ તારા લોહીથી.
તેં તો પાપનું કલંક ધોયું મળી છે મુક્તિ;
૫ હમણાં તારી પાછલ સદા પ્રભુ હું ચાલીશ;
ને ખરા સિપાઇ જેવો અંત સુધી લડીશ.

૫૩

The Judgement Day.

ન્યાયનો દીવસ.

૧ મહા મહિમાએ પ્રભુ ઇસુ આવશે જો,
પવિત્ર દુતોની તે ફોજ સાથે લાવશે જો: મહા૦
૨ રણશીંગડાના નાદ ત્યારે વાગશે જો,
સર્વે મુઆ ને મુડદાં ઉઠી જાગશે જો; મહા૦
૩ બકરાં ઘેટાંથી ત્યારે જુદાં પાડશે જો,
ત્યારે પાપી લોકો થરથર કાંપશે જો, મહા૦
૪ કહેશે પાહાડોને પડો પણ નહિ ઢાંકશે જો.
પાપીને પકડીને નરકમાં નાંખશે જો; મહા૦
૫ પાપી હાય હાય કરીને પોકારશે જો,
તે દુઃખમાંથી કદી નહી કહાડશે જો: મહા૦
૬ પ્રભુ પોતાના લોકોને બોલાવશે જો,
અનંત સુખનો તે વારસો આપશે જો; મહા૦
૭ પ્રભુ ઇસુપર વિશ્વાસ જે રાખશે જો,
તેને આશારે સ્વર્ગનું સુખ પામશે જો; મહા૦

૫૪

The advent of the Army.

મુક્તિ ફોજનું આવવું.

૧ આવીછે આવી છે મુક્તિ ફોજજો,
જીતીને લેવારે ગુજરાત દેશને;
૨ હતા હતા મુક્તિના અજાણજો,
સુધારનાર ભકતોને તેણે મોકલ્યા;
૩ જાગો જાગો સઘળા પાપી જનજો,
તપાસો મુક્તિ શી રીતે થાય છે;
૪ એ વધામણી સુણો સઘળા લોકજો,
પાપીને તારવાને પ્રભુ આવ્યો;
૫ હેરે જન આવે ત્રાતા ઇસુ પાસજો,
મુક્તિ તે આપે છે દરેક જનને;
૬ બાણ્ગો એનો સાંભળો સઘળા લોકજો,
મુક્તિના વિનારે સ્વર્ગ નહિ મળે;
૭ પોકારીને કહે છે મુક્તિ ફોજજો,
મુક્તિના દિવસરે વિતી જાય છે;

૫૫

The Life of Christ.

ખ્રિસ્તનુ જીવન.

૧ દેરે જોઇ પૃથ્વી પાપમારે, ત્રાતાને મોકલ્યો જો;
૨ અવતાર ધર્યોછે ગમાણમારે, તેનું નામ ધર્યું છે ઇસુ જો;
૩ વરસ બારનો બાળક તે થયોરે, ઉપદેશ આપ્યો મંદીરમાંહે જો;
૪ સઘળા પંડિત અચરત પામ્યા રે જ્ઞાન કયાંથી એ બાળકને જો;
૫ સર્વ સુભ સમાચાર સાંભળીરે, તેના ભકતો જનો હરખાય જો;
૬ ફર્યો ગહુણા આખા દેશમારે, અદ્ભુત કામો તેણે કીધાંજો;

૭ રોગી જનના રોગ મટાડયારે, પાપીને આપ્યું મુક્તિ દાનજો;
૮ તેતરીસ વરસ જગતમાં રહ્યોરે, પાપી કાજે લોહી વહેવડાવ્યું જો:
૯ ક્રુસ ઉપર પોકાર પાડીઓરે, મારા દેવ કેમ મુકી દીધોજો;
૧૦ ફાટયા મંદિર માંહેના પડદારે, આખા દેશપર અંધકાર થયો જો;
૧૧ ધરતી કાંપી ખડકો ફાટયારે, મુએલાં ઉઠી શહેરમાં જાય જો,
૧૨ જમાદાર સિપાઇઓ ગભરાઇ ગયારે, પરાક્રમ જોઇને ઇસુનું જો;
૧૩ મરણ પામી દટાયો ઘોરમાં રે પછી ગયોછે આકાશજો;
૧૪ જગતના અંતે પાછો આવશેરે, પવિત્ર દુતોની ફોજ લઇને જો;
૧૫ રણસીંગડાના નાદ વગાડશેરે, મુએલાં ઉઠી આવે જો;
૧૬ મુક્તિફોજ કહેછે મુક્તિ વિનારે, સ્વર્ગે જતુ નથી કોઇજો:

૫૯.

Jesus only.

યોહાનની લખેલી સુવાર્તા.

૧ આદીએ ઇશુ ખ્રીસ્ત એકલો. દેવના સાથે હતો એક શબ્દ
ટેક- ઇશુ ખ્રિસ્ત એકલો
૨ જગત ઉપર કરૂણા કરીને આપણને આપ્યોછે મરવા માટે
ટેક-ઇશુ ખ્રિસ્ત એકલો
૩ સર્વે સાંભળી સમજીને વીચાર કરો ઝટ દીલને પાપથી ફરો
ટેક-ઇશુ ખ્રિસ્ત એકલો
૪ નહિ ફરશો તો નરકમાં પડશો ત્યાં દાંતે હાથના કુંભ કરડશો.
ટેક-ઇશુ ખ્રિસ્ત એકલો
૫ પણ મુક્તિ પામવા નહોરા કરશો પાપનો યુદ્ધ ત્યાં નહી મળસે
ટેક- ઇશુ આવ્યો એકલો
૬ તમે રહેશો સદા કાલ સાસનમાં પણુ પવિત્રો ઇશુના આસનમાં
ટેક-ઇશુ આવ્યો એકલો

૭ ફરવું હોયતો વખત પાસે છે પ્રભુ ઇશુ વિના નહી તરશો
ટેક—ઇશુ આવ્યો એકલો
૮ બાપ પુત્ર પવિત્ર આતમાં એતો ત્રણ મળીને એક થયું
ટેક—ઇશુ આવ્યો એકલો
૯ જુઓ જુઓ કરાર પુરણ પાળ્યો એતો ક્રુસ ઉપરસમાપન થયું.
ટેક—ઇશુ આવ્યો એકલો
૧૦ શીશ યુસફે મુડદું લઈ લીધું એને સુવાડી કબરમાં કફન કીધું.
ટેક—ઇશુ આવ્યો એકલો
૧૧ ત્યાંથી ત્રીજે દહાડે સજીવન થયા વહેલાં ફરી ગાલીલમાં ગયા
ટેક—ઇશુ આવ્યો એકલો

૫૭

Invitation.

પાપીને બોલાવા.

૧ ઇસુ છે મુક્તિના દાતા પોતે મને તેને સોંપો
તેથી તમે ના શરમાઓ તેની શબ્દપર ઉભા રહો
ઇશુ મુઓ ઇશુ મુઓ પાપીને બચાવવાને
૨ હમે હતાં પાપને લીધે, બે ભરોસાં ને લાચાર
ઇશુ દુઃખ હમારૂં જોઇને આવ્યો થઈને મદદગાર
હે પાપીઓ હે પાપીઓ, જુઓ તેનો કેવો પ્રેમ
૩ હે પાપીઓ ચાલ્યા આવો, આત્મકુલો ભ્રષ્ટ થએલા
તેને આપણો મીત્ર કરો, તેપર રાખો ભરોસો
હાલેલુયા હાલેલુયા, જય જય ઇશુ તને હો

૫૮

Warning.

ચેતવણી.

રાગઃ સ્નેહિન ભક્ત હતો પુરો.

૧ સુણો પ્રભુખ્રીસ્ત તણી વાણુ પોકારે છે બારે તાણી તાણી
હજુના લાગ્યું ટેક પાણી.
ભાઇઓ મારા પ્રીત કરો સાચી—ટેક.

૨ ભાઇઓ પર દ્વેષ ઘણો કરતા દુશ્મનની માફક લડતા હતા;
કોકર નથી ચાડી ચુગલી કરતા. ભાઇઓ.

૩ ચલાવણો આવી સદા તમે રીત થશો તમે અતિ ઘણા ભય ભીત
નહિ આરે પડશો હવે ખચીત ભાઇઓ.

૪ બાંધ્યા છો પાપ બંધ હાથે ધરી પ્રવેશ તમને લાગ્યો નથી જરી
માથું ફરી ફરી જશો મરી ભાઇઓ.

૫ કપટ બધુ અંતે થશે ગપટ દુશ્મનો બળી જશે ઝપટ
કેમકે પાપમાં તમે થયા લંપટ ભાઇઓ.

૬ સાચાને જીવન ઘણું નડશે જાણે નહી એમાં આવી નડશે
અંતે ઊંધા ખાડામાં જઈ પડશે. ભાઇઓ.

૭ માટે તમે પ્રીત કરો સાચી જુઓ સત શાસ્ત્ર તમે વાંચી
વાત નથી કરી અંદર કાચી. ભાઇઓ.

૮ બધાને ભાઇઓ ખરા ધારું એથી મન હરખે ઘણું મારૂં
અદેખાઇથી મનડું મારૂં વાળું ભાઇઓ.

૫૯

Look to Jesus.

ખ્રીસ્તની તરફ જુઓ.

ટેકઃ—ચાલો ભાઇઓ ખ્રીસ્ત જોવા જઇએ.
વાલાજીના ચરણમાં રહીએ

૧ જોતાં મુખ દુખડાં બધાં ભાગે
આનંદ આનંદ દીલમાં ઘણો વ્યાપે:
સુતેલું મનડું મારૂ જાગે,   ચાલો
૨ જુઓ તેની પ્રીત કેવી પુરી
મનમાંથી કાઢે ટેવો બુરી
પ્રભુ પ્રીત સુરામાં સુરી   ચાલો
૩ તમે કષ્ટ કરનારા આવો
તમારો બારે બોજો લાવો
સદા સુખ થાશે તમે જુઓ   ચાલો
૪ આહા, કેવું મીઠું વચન તેનું
મરણ થશે માગે મારી એનું
ચોટવું મન પ્રભુ તરફ જેનું   ચાલો
૫ પ્રીતે છોડયો સ્વર્ગી વૈભવ તેણે
નથી કીધું એના જેવું કેણે.
દુઃખો વેઠયાં પાપી કાજે તેણે   ચાલો
૬ આવો સ્વામી આપણને નમીઓ.
એતો દીસે દયા તણો દરીઓ
પ્રભુ નામ ભવ સાગર તરીઓ

૬૦

The ten Virgins.

દસ કુંવારીઓ.

૧ દશ કુંવારી થઇને વરને મળવા ગઇ.
પોતાની મસાલો લઇને વરને મળવા ગઇ.
આત્મા મને દે પ્રભુ આત્મા મને દે.
હમણાં તારો પવિત્ર આત્મા મને દે. ટેક.
૨ પાંચ બુદ્ધિ પામી પણ પાંચ મુરખ રહી.

બુદ્ધિવંતી મુરખ સાથે વરને મળવા ગઇ
૩ મુરખીઓ મસાલો લઇ પણ તેલ એ લીધું નહીં.
તેલ સાથે લાવવું એટલી એમની બુદ્ધિ નહીં.
૪ વરને વાર લાગી એટલે બધાં ઝોકાં ખાઇ.
બુદ્ધિવંતી મુરખીઓની સાથે ઉંઘી ગઇ.
૫ અરધી રાત ગઇ એટલે મોટી બુમ થઇ.
બુદ્ધિવંતી મુરખી ફરી વરને મળવા ગઇ.
૬ ત્યારે મુરખીએ કહ્યું અમને તેલ આપકને બાઇ.
કેમકે અમારી મસાલો બધી હોલવી ગઇ.
૭ બુદ્ધિવંતી કહે અમને બધા બસ નહી થાય.
વાણીને ત્યાં જઇને તેલ લઇને આવ.
તેલ એ લેવા ગઇ એટલે વર ઘર પહોંચ્યાં.
૧૦ બુદ્ધિવંતી વરની સાથે પરણવામાં ગઇ.
૧૧ બારણું બંધ થયું એટલે મુરખીઓ આવી.
તે બોલી પ્રભુ તું ઉઘાડ અમે જવાનું છે નહીં.
વરે ઉત્તર આપ્યો હમણાં બારણું ન ઉઘડાય.
હમણાં મુક્તિ પામવાની વખત ગઇ બાઇ.

૬૧

The Prodigal Son.

ઉડાઉ છોકરો.

ભુજંગી છંદ.

૧ મને પાપની બુદ્ધીએ ઘેર્યો જ્યારે,
ગયો પીતા પાસે માગ્યો ભાગ ત્યારે,
કહ્યું ઓ પીતા આપજો ભાગ મારો,
હવે હું થયો જાણીતો તન તમારો,
૨ સુણી વાક્ય મારૂં ધર્યું દુઃખ ભારી
આપી દુઃખની સાથતો પુંજી મારી,

ગયો દેશ પરદેશમાં હું હત્યારો,
હવે હું થયો જાણીતો તન તમારો,
૨ કરી કાર્ય ખરચ્યું બધું ધન સારૂં,
કુમીત્રો મળ્યાથી બુડયું ભાગ્ય મારૂં,
થયા સર્વ શત્રુ ફર્યો દીન મારો,
હવે હું થયો જાણીતો તન તમારો.
૪ અરે દુઃખના ડુંગરામાં દટાયો,
ખરા સુખના લાભને મેં ગમાવ્યો.
થયો ભુંડ ચારૂ બાંધ્યો દુઃખ ભારો.
હવે હું થયો જાણીતો તન તમારો.
૫ દોડી પ્રેમથી પુત્રની બાથ કીધી,
અને પ્રેમથી મુખની ચીઠી લીધી.
કર્યું મારૂં સર્વે ગણી પુત્ર પ્યારો.
હવે હું થયો જાણીતો તન તમારો.

૬૨

The Love of God.

દેવની પ્રિતિ.

મરાઠી રાગ

ટેકઃ—પ્રભુની પ્રિતિ તારે છે, આ વર્ણન કેવું રે

૧ આ પ્રિતિ આકાશમાંથી, જગતમાં મોકલેલી.
પાપી લોકને તારવાને, આ પ્રીતી એવી રે. પ્રભુ.
૨ જે આકાશને છોડીને, આનંદથી દોડ્યો.
તે માનવી દેહ ધરીને, તેનો જીવ આપી દીધો. પ્રભુ
૩ પાપની સાંકળ તોડીને, સેતાન પર જીત પામ્યો.
તે અતિ દુઃખ સહીને, મને પાપથી બચાવ્યો. પ્રભુ

૪ આ તેની અતી મમતા, બધાને ફેલાવો.
ઈશુની વાતની પ્રિતિમાં, તમે બધા આવો.   ઈશુ

૬૩

Song—The Salvation Ladder.

(Rendering of the General's "How to be saved")

મુક્તિ પામવાની સીડી

પંડુલીરે આરતી પાપકી માળા એ રાગ. અથવા સજ્જા
"સમણુ કરતા હોતા ફૂલવાના ઇસુ મસીહપર ચીતલગોત"

૧ પહેલુંરે પગથીયું પોતાને ઓળખવું.
કેટલુંરે ભુંડું થયું હે મારૂ મનતુ,

૨ બીજુંરે પગથિયું પાપનો પસ્તાવો.
સઘળી ભુંડાઇ પર રાખુંછું કંટાળો.

૩ ત્રીજુંરે પગથિયું પાપની કબુલાત.
મેં કેટલી ભુંડાઇ કરી સૌની સાથ.

૪ ચોથુંરે પગથિયું સૌ પાપને તજવું,
પ્રભુ હું ભુંડાઈ હવે મુકી દઉંછું.

૫ પાંચમુંરે પગથીયું પાપની માફી માગવી,
માફી હું માગુછું ઇશ્વરનો દાસ થઇ

૬ છઠુંરે પગથીયું ઇશ્વરહેં દાસ પણું.
દાસ થઇ કરૂછું તનમન ધનનું અરપણ.

૭ સાતમુંરે પગથીયું મુક્તિનો વીશ્વાસ,
ઇસુ બચાવેછે મને તેના દાસ.

૮ ધન ધન મારા પ્રભુજી ધન ધન ઇસુ ત્રાતા,
મને મુક્તિ મળી છે ધન ધન મુક્તિ દાતા

૬૪

અનુભવ.

"ઈશુ ત્રાતા તારક મોટા ઈશ્વરના અવતાર." એ રાગ

ઈશુ તેં તો મને બચાવ્યો આપ્યો મને ઉદ્ધાર,
૧ કે તારી મીઠી પ્રીતિ ચાખે સૌ સંસાર ઈશુ મારે
૨ મન મારૂં તેં હરી લીધું છે સેતાનને કહાડયો બહાર,
પાપ મારાં તો દુર થઈ ગયાં તારા લોહીની ધાર ઈશુ મારે
૩ તારે લીધે જગત કંટાળે નિંદા કરે અપાર,
તું તો કદી મને નહિ છોડશે સદાયનો સાથ રહેનાર ઈસુ મારે
૪ જગના તમાશા જગની સોબત સૌને કરીશ નકાર,
પ્રેમી ત્રાતા મરણ સુધી નહિ છોડું કોઈવાર ઈસુ મારે
૫ જ્યારે મૂકીશ આ મારી કાયા સાથે તારી રહેવા,
મને બોલાવવા દૂતો આવશે સ્વર્ગમાં લઇ જવા ઈસુ મારે

૬૫

"અપના કોઈ નહીં હે જી" એ રાગ.

આપણી ચાલથી જણાયજી આપણી ચાલથી જણાયજી
મુક્તિની અસર હરેક વાતમાં દેખાયજી ટેક
સાચું બોલવું સાચું રહેવું જુઠા નરકમાં જાશે
ઈશુના સીપાઈ સર્વ મનથી સાચા થશે
૨ દગા વિના કામ કરવું ન્યાય રીતે રાખે
ગલાત એટલું જ હેતું કરી ખ્રિસ્ત કાજ દુઃખો સાખે
૩ મૂર્ખાઈનો નકાર કરી બુદ્ધિથી રોજ ચાલે
હલકી વાતચીત દુર કરીને મનથી ધરમ પાળે
૪. પાપી સાથ કેમ હસવા બેસે જમ ઉભો છે પાસે
આજ જેને હસાડે તે કાલે મરી જશે

૫ જગત એટલે પાપીઓનું સુખ તજી દેવાં
તેનાં સંગને રીતથી સદા અલગ થઇને રહેવા
૬ મનમાં અશુદ્ધ વિચાર કરી દેહને ન વટાળે
શરીર ખ્રીસ્તનું મંદીર જાણી કદી નહિ બગાડે
૭ લોભ લાલચ એકલપેટપણું દૂર કરશે
પ્રભુ જેવા નિરલોભી થઇ જગમાં ફરશે
૮ સૌની સાથે નરમાશથી લીન થઇને ચાલશે
દયા તથા પ્રેમના નિયમ દરેક વાતમાં પાળશે
૯ ભુડાં બદલે ભલું કરી જગ જીતશે પ્રીતિયે
શ્રાપને બદલે આશીર્વાદ પ્રભુ કાજે દેશે
૧૦ અહંકાર અભિમાન તજી નમ્ર રહેશે
સંતો દાસ થઇને રહે પ્રભુ પોતે કહે છે
૧૧ ધીરજ વિના પાર ન પહોંચાય ધીરજ મોટી વાત છે
ઘટમાં ભરી શાંતિ ચુપતા ધીરજ તેની સાથે
૧૨ આખો વખત મહેનત કરવી ઉદ્યમ જે નહિ કરે
ભક્તિ તેની અમથી છે તે કેવળ ઢોંગી ઠરે
૧૩ મરણ સુધી ટકી રહેવા સેતાનને નસાડે

૬૬

Adapted from "Poor sinner thy Saviour is waiting for thee".

"તું તો મસીહ મોરે આંખોકા તારા" એ રાગ.

ટેકઃ—આવો ઇસુની પાસે તે તમને તારશે સૌને
અરાણની ઉપર રાખશે મેહેર

૧. રસ્તો જુવે છે ઇસુ તમારો જુવે છે ક્યારે પાપથી નાસશો.
પ્રેમ તેનો અપરંપાર જેથી બોલાવે છે
પાછા રે ફરો હવે આપને ઘેર.
૨. પાપી બીચારા પ્રભુ તમને શોધે છે

જાણી કે મન તમારૂં દુખી છે
પાપ, બીક, ને મરણથી તમને તારસે પાછારે.
ફરો હવે બાપને ઘેર
૬. પ્રભુ જે મુઓ પાપીઓને તારવા
હમણા જુએછે તમારી રાહ
સ્વર્ગને વાસ્તે તે તૈયાર કરશે
પાછારે ફરો હવે બાપને ઘેર.

૬૭

ચેતવણી.

ધોળ રાગ.

" પ્રાણીઆ ભજી લેને કીર્તાર આતો સ્વપ્નું છે સંસાર એ રાગ "
ટેકઃ—" પાપીઓ કેમ થાઓ મરનાર થાઓ પ્રભુનીગમ કરનાર "
૧. પાપ તમારા ગણવા બેસો કરો, તેનો વીચાર,
જન્મારો તો વિતી જશે ને જશો મરણને દ્વારે.
૨. લોક લાજ રાખી ફરી ફરીને ઉપાય કરો હજાર,
મનની શાંતી જાણ્યા વીના તમે રાખશો પાપના ભારે.
૩. કેવડી પ્રીતિ પ્રભુએ કીધી કાથી પ્રીતિ અપાર.
પાપીને લીધે જીવ દીધો હમારો તારનારે.
૪. ગાને ફુલાવે જગત ભુલાવે શાંતી ન કોઇ દેનાર.
પણ પ્રભુની ઉપર વીશ્વાસ લાવતો પામશો વિશ્રામદ્વાર.
૫. આપથી કદીને કોઇએ નહિ બચે આપ ન થાય ઉધ્ધાર,
વધસ્થંભથી પ્રભુ બોલાવે હું તારો દંડ ભરનારરે.
૬. પાપનાં બંધન તે તોડી આપશે જે પાપોનો દંડ લેનાર.
હે તમે સઘળાં ભારે લાદેલાં પ્રભુપર બોજ ઉતારરે.
૭. હે પ્રભુ પ્રભુ તને માનુંછું તે મારા પાપનો ભાર
મજ પાપીપર દયા કરીને આજ્ઞા મારો તારરે.

૫૮

" સવામણ સોનું અધમણ રૂપુ, તેને મને ટીલડી " એ રાગ

૧. પહાડ પરની વાડીમાં રાત્રે અંધારી,
પાપી કાજ રડતો આખી રાત કહાડી
પ્રભુ મને દેજે પ્રીતડી રે તારી

૨. ઇસુ મારા પ્રભુ તારી સાથે રહું,
માણુસોને તારવાને તારે કાજે લહું
પ્રભુ મને દેજે પ્રીતડીરે તારી

૩. લોહીવાળાં ટપકાં કપાળથી પડયા,
કોણથી કહેવાયરે પ્રભુ દુઃખ તારાં.
પ્રભુ મન દેજે પ્રીતડીરે તારી

૪. નાશમાં જનારા લાખો નરનારી,
તેઓને હે પ્રભુ લાવું ગમ તારી
પ્રભુ મને દેજે પ્રીતડીરે તારી

૫ મન બદલાય છે પ્રેમે પીગળાય છે,
પ્રભુ તારી પ્રીતિથી રે શત્રુ હરાય છે
પ્રભુ સૌને દેજે પ્રીતડીરે તારી

૫૯

પાપીને બોલાવવા.

ગરબો. " રાજાનો કુંવરરે " એ રાગ.

ટેકઃ—ઇશ્વરનો અવતારરે તારવા આવીઓ

૧. તમોને સંભળાવુરે સારા સમાચાર,
પ્રભુ ઇસુ સૌ પાપીયો બોલાવશે જો

૨. વધસ્તંભે ઇસુ સઘળાં કાજ મુઓ,
પાપ તમારાં તે સઘળાં લઇ લેશે જો

૩. હે પૃથ્વીના લોકોરે સઘળાં સાંભળો,
ઇશુ વિના નથી કોઈ તારનાર જો
૪. મોટા પહાડ સમાન તો હતાં પાપ મારાં
પણ ઇસુ મને બચાવી લીધો છે જો
૫. ઇસુની પાસે જે જે આવે છે
ઇસુ તેમને પાપ થકી તારે છે જો

તામીલ રાગનું ગીત

૧ ધર્મરાઈને તમે ક્રોધ કરશો નહિ.
મન તમારા અવિશ્વાસ જાણીને તાલગાર [illegible]
ખરો મુક્તિનો દીવસ આજ છે—ખરી
૨ કાળનો વાયદો તમે ના રાખો
પાપ ઉપર મન લગાડી નર્કનું દુઃખ ના માગો
ખરો મુક્તિનો દીવસ આજ છે.
૩ ઇસુખ્રિસ્તને ઘણું દુઃખ સહ્યું
તેના લોહીથી પાપનું તારણ પુરૂ થાય,
ખરો મુક્તિનો દીવસ આજ છે.
૪ જગતની મિત્રાઈ બહુ બુરી
એને મુકી દઈને પામીએ મુક્તિ પુર
ખરો મુક્તિનો દીવસ આજ છે
૫ હમણાં માનો કાળ ગો છે પિતા
માફી પામીને તો થશો પવિત્ર
ખરો મુક્તિનો દીવસ આજ છે.

SALVATION CHORUSES
મુક્તિની ટેકો.

૧

My Lord, what a mourning

નાપો પાપી તમે કરશો
જ્યારે આભથી પડશે તારા

૨

For you I am praying

મારે વાસ્તે તમે પ્રાર્થના કરીએ છીએ
માટે કે પાપી ઇસુની ગમ આવે

૩

Jesus, my Saviour.

ઇસુ મારો તારનાર પાપીને બોલાવે છે
પાપીને બોલાવે છે પાપીને બોલાવે છે
ઇસુ મારો તારનાર પાપીને બોલાવે છે
વીલંબ ના કરો

૪

I heard the voice of Jesus.

ઇસુની વાણી મેં સાંભળી "મારી ગમ આવ કરેલી"
ઓ કષ્ટ કરનાર દુઃખથી લાદેલ આપું તને શાંતિ

૫

જેવો હતો હું આવ્યોછું ઇસુખ્રીસ્તની પાસે
દુઃખ મારૂ તેણે બદલીને, સુખ આપયુ છે મને

૬

For the Lion of Judah &c.

કેમકે ઇસુ જગત્રાતા પાપની સાંકળ તોડશે
ને છેક વારંવાર તમને જય પમાડશે

૭

He pardoned a rebel like me.

કે આપે મને મુક્તિનુ દાન
મુગટ કાંટાનો વાગ્યો તેના માથામાં
કે આપે મને મુક્તિનુ દાન

૮

Grace there is my every debt to pay.

કીરપા છે મારૂ સર્વ રૂણુ વાળવા
લોહી છે મારાં સઘળાં પાપ ધોઇ નાંખવા
શક્તિ છે મને રોજ શુદ્ધ રાખવા
મુજ કાજ મુજ કાજ

૯

Life's morn &c.

જીવન જલદી શરૂ કરીશું જીવનની હદ જલદી આવશે
જ્યારે દેવ હમને બોલાવશે

પણ મારૂં મન દુઃખી નહી થશે
જ્યારે સ્વર્ગાં બારણાં ઉઘડશે

૧૦

I do believe, I will believe.

હું જાણું છું હુ જાણું છું ક્રિસ્તિ મારે લીધે
ખિસ્થંભ લોહી વહેવડાવ્યુ, પાપથી છોડાવાને

૧૧

Trim your Lamps & be ready.

મસાલો લઇને તેને મળવા જાઓ
તેને મળવા જાઓ તેને મળવા જાઓ
મસાલો લઇને તેને મળવા જાઓ

૧૨

Calvary's stream is flowing.

પ્રભુ તેના પ્રેમથી બોલાવે છે, બોલાવે છે બોલાવે છે
પ્રભુ તેના પ્રેમથી બોલાવે છે, બોલાવે છે બોલાવે છે

૧૩

Oh no, nothing do I bring.

જે તેને શોધે છે, પસ્તાવો કરીને
અનંત જીવન પામે છે કેવળ પ્રભુ જીવતો ત્રાતા

૧૪

Jesus is calling.

પ્રભુ બોલાવે છે બોલાવે છે બોલાવે છે
પ્રભુ બોલાવે છે બોલાવે છે તમને

૧૫

O Mercy's stream is flowing.

આ નદી વહે છે દયા નદી વહે છે
આવીને પીએ મફત પુરી દયા નદી વહે છે

૧૬

Oh the Lamb, the bleeding Lamb.

ઓ હલવાન, ઓ હલવાન; કાલવરીનું હલવાન
જે માટે કાર્ય થયું, બલીદાન, પાપથી છોડાવાને

૧૭

Oh, the Light of the world is Jesus

જગતનો પ્રકાશ તે ઈસુ
જગતનો પ્રકાશ તે ઈસુ
આવીને તેની પાસ
છોડીને બધા પાપ
ઈસુ તમારો છે અજવાળુ

૧૮

જુઓ ઈસુ બાગમાં દુખ મુખી દર્શન
ખુશીથી ક્રૂસપર ગયો
પ્રભુ અમે તારી પાછળ ચાલીશું

૧૯

આકાશમાં ચાલશું આકાશમા ચાલશું
પુરી મુક્તિ પામીને પુરી મુક્તિ પામીને
માટે તમે પણ સઘળા પાપથી બચી આકાશમાં ચાલો રે

૨૦

Come to Jesus.

ઈસુ ની પાસે તમે આવોરે, ઈસુની પાસે તમે આવોરે;
ઈસુ ની પાસે તમે આવોરે. ને મુક્તિ પામી લ્યો.

૨૧

Are you ready?

તમ તઈયાર છો? હાં તઈયાર છું આ જગત થી જવાને.

૨૨

Jesus invites you, the Sprit says come.

રે ફરો, રે ફરો, કેમ પામશો મરણ,
જ્યારે દેવ, દયાથી, આપેછે સરણ?
ઈસુ બોલાવે છે, આતમા કહે છે "આવો"
દુતો પણ કહેછે ભલે પધારો.

૨૩

You are drifting to your doom

તમે ચાલતા ચાલતા પહોંચશો નરકમાં;
તમે ચાલતા ચાલતા પહોંચશો નરકમાં,
તમે ચાલતા ચાલતા પહોંચશો નરકમાં,
પણ ઈસુ ઈસુ તારવા છે તૈયાર.

૨૪

Why will ye die.

ઓ કેમ મરો છો, પાપી પાપી કેમ.

૨૫

Jesus is strong to deliver.

ઈસુ બલવાન મુક્તિ દાતા, ઈસુ બલવાન ઈસુ બલવાન.
ઈસુ બલવાન મુક્તિ દાતા ઈસુ સર્વ શક્તિવાન.

૨૬

Death is coming.

મરણ આવશે, આવશે આવશે ને ન્યાયના ગામ,
વહેલા આવો, વહેલા આવો ઈસુની પાસે.

૨૭

Was opened by a soldier's spear.

એક ઝરો પાસે છે જે ખ્રિસ્તની કુખથી વહે
પાપીને કાજ ઉઘાડેલો સિપાઈના ભાલાથી.

૨૮

What can wash away my sins.

પાપના કલંક ધોશે કોણ? ઇસુ નું લોહી છે વહેતું
મન મારૂ શુદ્ધ કરશે કોણ? ઇસુ નું લોહી છે વહેતું
અમુલ્ય છે આ ખુન જેથી હું શુદ્ધ થાઉં.
હું ગાઉં શું શોધું ઇસુનું લોહી છે વહેતું.

૨૯

Oh, the drunkard may come.

મતવાલા આવે, ને લુટનાર પણ આવે
દુર્ભાષણ કરનાર ને પાપી આવોરે

જો વિશ્વાસ તમે રાખો ને લોહીમાં શુદ્ધ થાશો
તો સર્વકાળ સુધી દેવના સાથે રાજ કરશો.

૩૦

Oh yes, there's Salvation for you.

હાં હાં મુક્તિ છે તારે સારૂં
હાં હાં મુક્તિ છે તારે સારૂ
સર્વ પાપીઓને વાસ્તે
હાં હાં મુક્તિ છે તારે સારૂ

૩૧

Jesus now is passing by.

ઇસુ ખ્રીસ્ત હાલ છે આવનાર છે આવનાર છે આવનાર
ઇસુ ખ્રીસ્ત હાલ છે આવનાર તેને મળવા જાશ
કેમકે મારો છે તારનાર છે તારનાર છે તારનાર
કેમકે મારો છે તારનાર તેના લોહીમાં નાહીશ.

૩૨

Tune - Calvary's stream is flowing.

કાલવરી નદીને ચાલતી જુવો
ચાલતી જુવો ચાલતી જુવો
કાલવરી નદીને ચાલતી જુવો
ચાલતી જુવો સર્વ કાળ.
ઇશુ જગત્રાતા ક્રુસપર છે મુવો
ક્રુસપર છે મુવો ક્રુસપર છે મુવો
ઇશુ જગત્રાતા ક્રુસપર છે મુવો

૩૩

To save a poor sinner like me.

પાપીને બચાવારે પાપીને બચાવા
મને પાપીને બચાવા
કેમકે દુત પ્રગટ કર્યું, તે તારનાર મુઓ
મુજ જેવા પાપીને તારવા

૩૪

The fountain of Jesu's Blood

તે ઝરો; તે ઝરો, પ્રભુના લોહીનો ઝરો
મારા મનને હમેશાં શુદ્ધ કરતો રહેછે.
મારા તારનાર એકલાની ઉપર હું વીશ્વાસ રાખુ છુ
મારા પ્રભુ મારા પ્રભુને સદાકાળ ઝાલી રાખુ

૩૫

Tell it again.

ફરી ફરીએ વાતો કહેજો, ઉધ્ધારની વાતો ફરી કહેજો
કદી કોઇ મારા વીશે બોલે નહિ કદી વાતો મને સુણાવી નહિ

૩૬

Be in time.

વેળાસર તમ વેળાસર તમ
જ્યારે વાણી પ્રભુની બોલાવે તમને
જો પાપમાં ઠરી રહેશો
દ્વાર ભિખાકુ ના મળે
અને મોટી ચુક તમારી
વેળાસર તમ

૩૭

At the Cross there is room.

વધસ્થંભ પાસ જગ્યા છે વધસ્થંભ પાસ જગ્યા છે
મોહોટા ગરીબને લીધે વધસ્થંભ પાસે

૩૮

Would Jesus have the sinner die ?

૧ જો ઇશુ એમ નહીં ચાહે છે કે લોક પાપથી મુક્તિ પામે
આ કારણથી થયુ પ્રાશ્ચિત, ને વેરી ઉપર કરી પ્રિત
પ્રાર્થના કરી વધસ્થંભપર કે "બાપ તેઓને માફ કર"
૨ પ્રિયપ્રાયશ્ચિત થએલું હલવાન તારૂં મોતછે મારૂં કલ્યાણ
તારૂં મોટું નામ હુ દેખાડુ, ને સઘળા લોકને સમજાવું
કે આખી પૃથ્વિપર સાંભળે તું એવો મુક્તિ દાતા છે

૩૯

Time is passing by sinner.

સમ્ય ને વક્ત વહે છે પાણી
આળસુ કેમ રહોછો તમે
મરણ પાસે છે

૪૦

His saving power.

ઇસુ શક્તિ દરેક ભગી, સાંકળ તોડશે, છુટકો આપશે,
રે શું તમે માહીતગાર નહિ થાઓ, પ્રભુ ઇસુ નામે કાલવરીનો.

૪૧

Death's rolling tide.

મરણની વહેતી રેલ જે અમારા સરવને લીધે.
તમે પણ જશો; હાં આજ કદાસ જવું પડશે.
માટે તમે પણ એમ ચાલો કે શાંતમાં સજીવન થાઓ.
ને પ્રભુ તમને સર્ગમાં સર્ગમાં લેશે.

૪૨

He will snap every fetter

તે અતે સાંકળ તોડશે તે દમણ્યા તેમ કરશે.

૪૩

With Salvation so near thee

જ્યારે મુક્તિ પાસે છે ને તારનાર બોલાવે છે,
તેની વાણી હાલ સાંભળો ચાલો આમ આવો.

HOLINESS SONGS.

પવિત્રાઇના ગીતો.

૧

Jesus, I my cross have taken.

ઇસુ વધસ્થંભ લઇને

૧ ઇસુ વધસ્થંભ લઇને, તારી પાછળ ચાલુંછું
શંકા તથા નગ્ન થઇને તારો સેવક થાઉંછું
ટેકઃ—તારી પાછળ જાતા ચાલીશું તું અમારે સારૂ મુઓછે
ને જન સર્વે તને છોડી દેશે ભયમાંથી પાછળ ચાલીશ

૨ પ્રભુ તારી પાછળ ચાલીસ
તું મારે સારૂ મુઓ છે
૩ ને જો સર્વે તને છોડી દેશે
ફીરગાથી પાછળ ચાલતો રહીશ
૪ મારો મન અંધકાર જગતના દુઃખ તથા અજ્ઞાન
તો પણ મારી હાલત સારી મને દેવના ઘણા દાન
૫ મારા આત્મા જાણી મુક્તિ કાઢી મુકજે પાપી ડર
તે કરીને સંતુષ્ટ મુક્તિ, જે કરવાનું છે તે કર
૬ જાણી તને કેવો આત્મા, જાણી પ્રભુને પ્રસન્ન.
કુશળ થજે તેના હાથમાં રાખજે પુત્રરૂપી ગાન

૨

"Lord Jesus I long to be perfectly whole."

પવિત્રાઇ.

થયો નીરમળ.

૧ સારૂં મન જે પાપનું તે છે પવિત્ર.
પ્રાણ મારામાં રહે સદા કાળ તો સારૂં

સૌ અન્યદેવ ભાગો સૌ શત્રુ નીકળો
મુજ ધોઇને હીમ કરતાં થઇશ નીરમળ.
ટેક- થઇશ નીરમળ ! હા થઇશ નીરમળ !
મુજ ધોઇને હીમ કરતાં થઇશ નીરમળ.
૨ ઇસુ મુજમાં અશુદ્ધ કંઇ રેવા ન દે
તુજ લોહી લગાડ અને ડાઘ કાઢી લે.
જે આવે તે વેઠીશ કે પામું આ પળ
મુજ ધોઇને હીમ કરતાં થઇશ નીરમળ.
૩ ઇસુ તારી ગાદી તું મુકીને આવ.
પુરણ અરપણ હું શી રીતે થાઉં તે બતાવ
તન, મન, ધન, છે, તારું હેત જીવનું જળ
મુજ ધોઇને હીમ કરતાં થઇશ નીરમળ
૪ વિશ્વાસથી ઇનામ પામું છું ઉપરથી
ધન્ય ! ધન્ય ! મારા પ્રાણમાં છે પુરી પ્રીતિ
નક્કી મારી અરજી થઇ છે પ્રબળ
તુજ લોહીથી હીમ કરતાં હું છું નીરમળ.

૩

"At thy feet I fall."

તુજ પગ પાસ નમુ

૧ દેવનું હલવાન જે થયું પાપ નીવારણ
પાછળ ચાલી હું કરું તારી સેવ.
જેમ જંગલમાં પાણી કાજ હરણ તરસે
તેમ મારું મન તરસે તુજ કાજ હે ત્રાતાદેવ
ટેક—તુજ પગ પાસ નમું
તુજ કાજ દુઃખ ખમું;

જીતવા અથવા મરવા
મારા પ્રભુને કાજ
હાય હાય કરૂં જે પાપ તને ખસાડી
મન મારામાં ઘોર અંધકાર છુ લાવ્યો,
હાલ તજુછું કે તને નહીં રોકે,
ને મુક્તિ પુરી પામવા ફરીછું આવ્યો.

૪

" *Begone vain world, thou hast no charms for me,* "

ખસ જગ ખાલી

૧ ખસ જગ ખાલી હું નહી ઓળખું તને
ગુણ તારામા નહીં સુખ મળ્યું મને
સેવા તારી ઘણી કરી
પણ હાસ મારો મુરઝો થયો તમામ.
૨ મન તારૂં શું ? જો સઘળું મારૂં હોત
ચળકાત દેખાત, પણ તેમાં અંદર છે મોત
આકાશી મન પર રાખુ મન
જ્યાં ઉગે ઝાડ અમર
એક ફળદ્રપ દેશ જ્યાં દુધને મધ છે બન
૩ આત્મા મારો વીશ્વાસથી ઉડી જાય
જ્યાં મારૂં ઘર તે સુન્દર દેશની માહે
પવિત્ર દેશ જ્યાં સુખ હમેશ,
છે તૈયાર મારે કાજ
ને ગાદીપર ઇસુ પહેરે છે તાજ.

૫

Just as I am without one plea.

સ્વામી હું આવુંછું.

૧ જેવો હુંછુ, વગર બાનું, પણ મારે કાજ લોહી વહેવડાવ્યું.
ને મને બોલાવે છે તું, સ્વામી હું આવુંછું.
સ્વામી હું આવુંછું, સ્વામી હું આવુંછું;—ટેક
તારા વધસ્થંભ પાસે, સ્વામી હું આવુંછું;
૨ જેવો હતો દુઃખી લાચાર, પણ સ્વર્ગા મનને સુખ અપાર.
રહ્યુછે સર્વ તારામાં, સ્વામી હું આવુંછું.
૩ જેવો હુંછુ મને કબુલ કર્યો, માફ કરીને લોહીથી શુદ્ધ કર્યો.
પ્રેમ તારો દેખાડ મારાપર, સ્વામી હું આવુંછું.
૪ જેવો હું છું પ્રીતથી તારી, જીતુંછું સઘળા વૈરી.
ભરપુર છે શાંતિ મારી, સ્વામી હું આવુંછું.

૬

Draw me nearer.

મને આવવા દે.

૧ તારો છુ પ્રભુ તારી વાણી સાંભળી,
ને પ્રિતિ તારી બતાવી;
પણ વિશ્વાસમાં બળવાન થવા ચાહુંછું
ને તારી પાસે આવું.
મને આવવા દે મને આવવા દે
તારા વધસ્થંભ પાસે
મને આવવા દે મને આવવા દે
તારી પાસે હો સ્વામી.
૨ તારી સેવા કરવા મને દેવાર્પણ કર,

ઇશ્વરી કૃપાની શક્તિથી.
મારૂં અંતઃકરણ સર્વ પાપથી શુદ્ધ કર.
ને મારી ઇચ્છા તારી થાય.

૭

Glory to the bleeding Lamb.

પ્રભુ ઇશુ દયાવંત.

૧ ઇશુએ તજીને સ્વર્ગનું ઘર ઇસુને મહિમા હો.
સહ્યું છે મોત ક્રૂસ ઉપર ઇસુને મહિમા હો.
પ્રભુ ઇશુ દયાવંત આ નામથી થાય ઘણો આનંદ— ટેક.
છે ત્રાતા રાખે મારો પ્રાણ ઇસુને મહિમા હો.
૨ થયું પ્રાયશ્ચિત પાપીને કાજ ઇશુને મહિમા હો.
કે તેઓ પામે સ્વર્ગી તાજ ઇશુને મહિમા હો.
૩ જે લોક કરે વિશ્વાસ ઇશુનો મહિમા હો.
તેનો કદી નહિ થશે નાશ ઇશુને મહિમા હો.
૪ ગયાં છે મારાં સઘળાં પાપ ઇશુને મહિમા હો.
[illegible] ઇશુ બાપ ઇશુને મહિમા હો.

૮

All things are possible.

બધું શક્ય છે.

૧ જે વિશ્વાસ રાખે ઇશુપર, સઘળાં છે શક્ય તેની પાસ;
પ્રભુ ઇશુ સંદેહ વગર તારી ઉપર કરૂં વિશ્વાસ,
હું જાણું છું થાઇ ખાત્રી કે સર્વે છે શક્ય પાસ મારી.
૨ મારાથી પાપ વિના રહેવાય, ઇશુપર વિશ્વાસ રાખવાથી,
આ વાત સૌથી અશક્ય દેખાય તોપણ થશે કૃપાથી ખરી.

જે ઇશુ છે સર્વ શક્તિવાન તો મને શકય છે આશાન.
૨ મારામાં ઇચ્છા દેવની થાય ત્યારે તેના જેવો થઇશ.
ને વીચાર વાતને કામની માંહે નહી કરૂં પાપપણ શુદ્ધ રહીશ.
ને સાહેદી પુરૂં સર્વ ઠેકાણે કે ઇશુ છે સર્વ શક્તિવાન.

૯

Not my own.

હું પોતાનો નથી.

૧ હું મારો નહિ પણ ત્રાતા ઇશુનો,
જે લોહીથી મને તાર્યો;
ખુશીથી. ફરમાન કબુલું છું,
ખ્રિસ્ત પ્રભુનો સેવક છું.
હું મારૂં નહિ નહિ નહિ, (બેવાર)—ટેક.
ઇશુ હું તારો છું;
જેટલું છે પોતાનું ધન,
તારૂં સદાકાળ થશે.
૨ હું મારૂં નહિ પણ ખ્રિસ્ત ત્રાતાને,
મારો આત્મા સોંપું છું;
સર્વે તેને અર્પણ કરીને,
સદાકાળ સદાકાળ સુધી.
૩ હું મારૂં નહિ મારૂં વખતને બુદ્ધિ.
મુક્તથી ખ્રિસ્તને લાવું છું;
હરખની સેવામાં ગુજારવાને,
મારા રાજાની સ્તુતિ લીધે.

૧૦

Cleansing for me.

સફાઇ મારે કાજ.

૧ સફાઇ મારે કાજ, ઈશુના લોહીથી,
સફાઇ મારે કાજ, સફાઇ મારે કાજ;
ઈશ્વરની પાસે કરૂંછું અરજી.
સફાઇ મારે કાજ, સફાઇ મારે કાજ.
પાપમાં જો હું પડયો, હોઉં વારંવાર,
ને શેતાન શત્રુ થકી પામ્યો હાર,
તોપણ વિશ્વાસથી હવે છું જીતનાર,
સફાઇ મારે કાજ સફાઇ મારે કાજ.
૨ ક્રોધને અહંકારને સઘળી ભુંડાઇથી,
સફાઇ મારે કાજ, સફાઇ મારે કાજ,
પાપના કલંક તથા બીક માણસની,
સફાઇ મારે કાજ સફાઇ મારે કાજ,
ઈશુ જગત્રાતા, જો નબળો હું છું.
તોપણ વિશ્વાસથી તને પકડું,
ને તારા બળથી સદા ઉભો રહું,
સફાઇ મારે કાજ, સફાઇ મારે કાજ.
૩ સફાઇ મારે કાજ, સ્વર્ગી પ્રકાશ જેવી,
સફાઇ મારે કાજ, સફાઇ મારે કાજ,
મન મારૂં શુદ્ધ, ખ્રીસ્તના લોહીથી તેવી,
સફાઇ મારે કાજ, સફાઇ મારે કાજ,
મને ફોસલાવવા સેતાન કરે જોર,
ને ભુલાવાને પરિક્ષા લાવે ઘોર,
ત્યારે તેના મુખ સામું કરૂં શોર,

અનાથ મારે કાજ, સહાય મારે કાજ.

૧૧

I would the precious time redeem.

સ્થીર થાઓ મારા મન

૧ સ્થીર થાઓ મારા મન આયુષમાં ને એકજ મારી ચિંતાઓ
જેઓ નાશમાં છે જનારા, કે તેઓ જલદી બચી જાય
ને ત્રાતા દેવની માગ કરે કે તેઓને તે માફ કરે
૨ આતુરતાથી કરીશ લડાઈ, ને શી ફીકર જો આવે દુઃખ
જો લોક નરકથી બચી જાય, તો ભરપૂર થશે મારૂં સુખ
જપ જાગતો નહીં કરૂં દરકાર પણ મરણ પામવા થાઉં તૈયાર
૩ જે હોય મારી કને સોંપું, આગળ ચાલવા તારૂં કામ
ને તારે વાસ્તે લડીશ હું, નામમાં લાવીને લાભ
પાપી આવું ત્રાતા શરણ જેણે પાપીકાજ સહ્યું મરણ

૧૨

Oh the bitter shame & sorrow.

ખ્રિસ્તનો નકાર કરેલો

૧ રે, કેવો વખત થયો જ્યારે [illegible] હું ફર્યો
પ્રેમ તેનો અપમાન કરીને મેં સ્વાર્થ મારૂં સર્વે શોધી
ખ્રિસ્તને ના કબુલ કર્યો
૨ જ્યારે [illegible] તેને જોયો, દુઃખમાં મારે કાજ મરતો
મનમારૂં ત્યારે બદલાય પાણી જેવું નરમ થયું
ખ્રીસ્ત દેવને કબુલ કરતો
૩ આકાશના ઉંચાણથી ઉંચો, સિંધુથી ઉંડો ને અપાર

પ્રેમ તારો મને છે જીતો સ્વાર્થ મારો સર્વ મુકીને
ખ્રીસ્તનેજ઼ું પકડી રાખનાર

૧૩

Oh for a heart to praise my God

ને તેની ભક્તિ ભાવ કરી

૧ હે કે મનથી દેવની સ્તુતિ હું સદા ગાઉ ભરપુર
ને તેની ભક્તિભાવ કરી સઘળાં પાપથી રહું દુર
૨ હે કે મનથી સઘળા ઉપર હું કરું પુરી પ્રિત
ઇશુ જેવો દેવ મને કર, જે થયો છે પ્રાયશ્ચિત
૩ હે કે મનથી હું કરું કામ કે સઘળા બચી જાય
ને જગતમાં ઇશુનુ નામ છેડાસુધી સંભળાય
૪ એકે નરમ મને દેવ આલમને જેમાં પ્રેમ છે અપાર
જ્યાં સઘળા પસંદ છે તને ઇશુ છે વસનાર

૧૪

Refining fire go through my heart.

હું હે આકાશથી આગ પાડી

૧ ઇશ્વર મારા તને ઓળખું, ન તને નહી છોડીશ
જ્યાંસુધી તું પુરી મુક્તિ મુજમાં નહી દેખાડીશ
૨ હે કે આકાશથી આગપડી ખાખ કરે પાપનો ભાવ
આવ દેવના આત્મા મારાપર પવિત્ર આત્મા આવ
૩ મારા મનમાં આવ બોધક હાલ મારાં પાપ કર નાશ
થઇ મારા મનનો શીક્ષક તેમાં તું કર પ્રકાશ

૧૫

Whiter than the snow.

હીમ કરતાં સાફ

૧ હીમ કરતાં સાફ—થયો છું પવિત્ર ને ચાલું છું સ્વર્ગના માર્ગેપર
ટેક—સાફ, સાફ, સાફ છું હીમ કરતાં છું સાફ
૨—હીમ કરતાં સાફ—અંધકારથી નીકળ્યો
અજવાળું થયું ને ઉધ્ધાર છે મળ્યો
૩—હીમ કરતાં સાફ—પાપનું કલંક ગયું
સ્વર્ગી પ્રકાશ જેવું મન સાફ થયું
૪ હીમ કરતાં સાફ—ઇશુના બળ વડે
મનમાં જે શુધ્ધ તે દેવ પાસે ચડે

૧૬

Down in the garden.

ગેથસેમાની વાડીમાં

૧ અંધકાર હતો ગેથસેમાની તારી વાડીમાંય
જ્યારે જગત્રાતા ઇશુ કરતાં પ્રાર્થના સંભળાય
ટેક—ગેથસેમાનીમાંય સાંભળો શોકનો અવાજ
ત્યાં ઇશુને રડતાં જુઓ પ્રાર્થના કરતાં આપણે કાજ
ટેક—ઇશુ મારા ત્રાતા સાથે રડવા દે
દયા તારી દેવના દીકરા મારી ઉપર આવે છે
૨ આગ્રહથી પ્રાર્થના કરે છે કષ્ટી થઇનેભર
ને લોહીના જેવો પરશેવો પડે છે જમીનપર
૩ એકલો દુઃખમાં તેને જુઓ શીષ્યોથી નહી રહેવાય
પણ જેટલું દુઃખ તેણે વેઠયું આપણથી નહી કહેવાય

૧૭

Oh boundless Salvation.

આકાશનો પવન વાય છે.

૧ ઓ બે શુમાર મુક્તિ મહાસાગરનો પ્રેમ
આકાશથી ખ્રીસ્ત લાવેલો કીર્પા પુર્ણ
આખું જગ છુટું તથા તાલે વંત કરનાર
સર્વે લોકને કાજ વહે છે તું આવ મારાપર
ટેક—આકાશનો પવન વાય છે
સ્વચ્છ કરનાર હરીઓ વહે છે
મારી ઉપર આવે છે
દેવને હાલે જુયા.

૨ પાપ મારાં છે ઘણાં ઉંડા તેમના ડાઘ
પસ્તાવાના આંસું છે ગરમ જેમ આગ
પાણ રકતું નકામુ કીરમજી રંગ સાગર
તારામાં સ્વચ્છ થાઉં તું આવ મારાપર
આકાશનો પવન.

૩ દીલ મારૂં અસ્થિર ને વ્યસન જોરાવર
આત્માને બાંધે ને અપરાધનું ઘર
તારા મોજાં તળે દેખું છું બચાવ
હે અતિ મહાસાગર તું મારાપર આવ
આકાશનો પવન.

૪ પરિક્ષણથી ફેંકેલો ડર બતાવેલો
જીવ મારો ઉદાસ વરસોથી નકામો.
પણ મને લાગે. જરૂર સારૂં થશે.
જો તારૂં સાફ પાણી મારાપર આવે.
આકાશનો પવન.

૫ તરસ્યો થઇને તારા કીનારાપર
બહુવાર, ઉભો રહ્યો ઓ દયા સાગર
તને ફેર પોહોંચ્યો સ્વચ્છ કરનાર હરીઓ
હું પાછો નહીં જાઇશ. તું ગભડાઇને આવે.
આકાશનો પવન

૧૮

Oh, the bleeding Lamb.

ઓ પ્રિય ઇસુ.

૧ પાપ થકી જગ લેવાને તુંજ કેવળ લાયક છે.
સેતાનને શરમાવાને, તુંજ કેવળ લાયક છે.
ઓ પ્રિય ઇશુ તુંજ કેવળ લાયક છે. ટેક---
૨ દુષ્ટનો ન્યાય કરવાને તુંજ કેવળ લાયક છે.
ન્યાયીને સ્વર્ગ આપવાને તુંજ કેવળ લાયક છે.
૩ આકાશી મુગટ પામવાને, તુંજ કેવળ લાયક છે.
રાજ્યાસન ઉપર બેસવાને તુંજ કેવળ લાયક છે.
૪ સ્તુતિ સદા પામવાને તુંજ કેવળ લાયક છે
દૂતોથી માન લેવાને તુંજ કેવળ લાયક છે
૫ મુદ્રીત પુસ્તક ઉઘાડવાને તુંજ કેવળ લાયક છે.
જય જય થાઓ ઇશુ તને તુંજ કેવળ લાયક છે.

૧૯

I hear thy welcome voice.

હું છું આવનાર.

ટેક.—હું છું આવનાર હાલ આવનાર તુજ પાસે.
મને તારા લોહીથી ધોને પુરો શુદ્ધ કર.

૧ હે પ્રિય પ્રભુ તેં પાપથી દૂર મને બોલાવ્યો
કે બધા પાપના કલંકથી;
સફાઈ મળવાને
૨ હું આતું છું નબળો
તું મને જોર આપશે.
મારૂં મન પાપથી ભરેલું છે દૂર
નેં બધા સાફ કર્યાં.
૩ પ્રેમ સંપુરણને વિશ્વાસ
લેવા બોલાવે છે.
સંપુરણ શાંતિને આશા
આ જગતને સ્વર્ગ માટે
ને મારી સાક્ષી છે
પવિત્ર આત્માથી,
કે મારૂં મન સાફ થયું છે.
સર્વે પાપના કલંકથી.

૨૦

Whiter than snow.

હીમ સરખો સફેદ.

૧ ધન ધન ઈશુ, દેવના અવતાર, જે આવ્યા છે જગતને તારવા.
ધન્ય ધન્ય થાય લોહીની ધાર, જેમાં શુદ્ધતા પામે બધા,
ત્રાતા મારી પાસે આવજે, રાખું છું તારા રાજપર ઉમેદ.
તારા લોહીમાં મને ધોજે; ને હીમ સરખો થઈશ સફેદ,
ટેક—હીમ સરખો સફેદ, હીમ સરખો સફેદ,
તારા લોહીમાં મને ધોજે ને હીમ સરખો થઈશ સફેદ.
૨ મન મારૂં છે પાપથી લાચાર, ને કીરમજ જેવાં લાલ દેખાય,

હું નદીએ જાઉં ઘણી વાર, પણ પાણીથી મન નહી શુદ્ધ થાય;
પ્રભુ તારી ગમ આવવાથી, મનમાંથી મટે છે સર્વ ખેદ.
ને લોહીમાં તારા નાહાવાથી, હીમ સરખો હું થઇશ સફેદ.

૨૧

Full Salvation.

પુરી મુક્તિ.

૧ પુરી મુક્તિ. પુરી મુક્ત, ઉઘાડેલો છે ઝરો.
વહે છે ત્રાતાની કુખથી, સર્વ માનવી જાત ખરો.
પુરી મુક્તિ, લોહીની ધારને વહેતીજો.

૨ મહિમાવાન પ્રકટી કરણ શુધ્ધ કરનાર લોહી વહે છે,
જુડાઇને કરી હરણ, મન મારૂં સાફ કરે છે.
પુરી મુક્તિ-માલમ પડનાર કેર છે.

૩ પ્રેમની ધાર અજીત ચાલે છે, અંતઃકરણની માહી;
વીચાર, ઇચ્છા, કરણી સદા, શુદ્ધ રખાએ છે તેથી.
પુરી મુક્તિ,-પાપના ઝેરો દોષ થકી.

૪ અનંતજીવન, પરમ આત્મા, મારા મનમાં છે વસનાર;
ઇશ્વર સાથે અરપણ થઈ, આનંદ છે મારો અપાર;
પુરી મુક્તિ,-એનો છે ખ્રીસ્તનો કરાર.

૨૨

Oh, I am glad there is cleansing.

હા હા લોહી ની સફાઇ છે.

૧ ગાતાં ગાતા બધા આવો, અમર રાગના ગીતો ગાઓ,
દેવનો મોટો પ્રેમ વખાણો, તેનાં મોટાં કામો માનો.
ટેક—હાહા લોહીથી સફાઈ છે, બધા લોકોને સંભળાવો.

તમે શુદ્ધ થાઓ છો, ઇશુના લોહીથી સફાઇ છે.
૨ બાપના પ્રેમે ખબર લીધી, ખ્રીસ્તે એવી આજ્ઞા દીધી.
ડુબેલાના તારનાર થાઓ પાપીઓની મુક્તિ લાવો.
૩ મોતના માર્ગથી તેમને વારો, વેરીઓના હાથથી તારો,
સતના ધારાઓ જણાવો, સુખને ચાલે તેમને લાવો,
૪ હવે પાપી લોકો, માનો, એની પુરી મુક્તિ જાણો.
હર્ષે પ્રેમની વાતો ઝાલો. હર્ષે પ્રેમની સલા પાળો.
૫ આવો ને ભરોસો રાખો, ખ્રીસ્તપર જીવનો બોજો નાખો,
ને તમારાં દુઃખો લેશે, ને તમોને શાંત્તિ દેશે.
હે યહોવા તારી વાણી, અમે સાંભળી અને માની
તું આપે તે અમે લઇએ, તું માગે તે અમે દઇએ,

૨૩

I saw one hanging on a tree.

ઓ હલવાન પ્રિય હલવાન

૧ દુષ્ટપણામાં કીધી ખુશી નહીં રાખી બીકને શરમ;
પણ નવો વિશય જોવાથી હું થયો બહુ નરમ
ટેક—ઓ હલવાન પ્રીય હલવાન કાલવરીનું હલવાન
કે મારેકાજ થયું બલીદાન, પાપથી છોડાવાને
૨—જોયો મરતો કુસ ઉપર, તારનારને વીંધાએલો
ને નજર રાખી મારાપર જ્યારે કુસ આગળ હતો
૩—મરણ સુધી રાખીને લાજ સંભારીસ તે નજર;
ઇશુએ સહ્યું મારે કાજ ને દોષ છે મારાપર
૪—ફરી મારીગમ જોઇને કહ્યું તેણે મને
"આ સૌ દુઃખ હું વેઠું છું કે મુક્તિ આપું તને"

૨૪

Only thee.

કેવળ તુંજ.

૧ કેવળ તુંજ, મજપર હેત કરનાર, પાપથી મને બચાવે,
બીજો કોણ જે તારા જેવો, મુક્તિ માર્ગમાં લાવે.
ટેક—કેવળ તુંજ, પ્રિય ત્રાતા, કેવળ તુંજ,
૨ કેવળ તુંજ છે સત્ય બતલાવનાર, તારા હાથોને ઝાલું
તારી ઇચ્છા કરનાર થઇ, તારા પગલામાં ચાલું,
૩ કેવળ તુંજ, ઓ પ્રિય ઇસુ છે, મારા મનનો અજવાળ,
તું છે મારો હું છું તારો, હાલમાં અને સદાકાળ,

૨૫

Blessed Lord in thee is refuge.

પ્રિય દેવ.

૧ પ્રિય દેવ તુંજમાં છે, ઇલાજ મારે વાસ્તે સમાધાન,
બલ મારા ધ્રુજતા મનને કાજ, જ્યારે આસપાસ છે તુફાન
પાછળ ચાલું તું છે મારો આગેવાન
૨ વારંવાર મનમાં શક લાવી, હું થયો છું અવિશ્વાસ,
પણ તારી ગમ ફરી આવી, કરે મારા શકનો નાસ.
પ્રિય ઇસુ તુંજપર, રાખું પુરી આસ
૩ વિશ્વાસ જેથી વિજય આવે, આજથી સદા મારો થાય,
જે યુદ્ધને બદલી જય લાવે, જ્યારે હાર પાસે દેખાય.
વિશ્વાસ અડગ, કામ ઠરાવી ખ્રિસ્તની માય,

૨૬

Jesus, Jesus, Precious Jesus.

ઇસુ ઇસુ પ્રિય ઇસુ.

૧ પ્રિય ઇસુ તું મારો છે, અને હું પણ તારો છું,

આપું મન તને સોંપુંછું, અંત સુધી તારો થાઉં,
ટેક—ઇશુ, ઇશુ પ્રિય ઇશુ હું તારો છું તું મારો છે,
ઇશુ ઇશુ પ્રિય ઇશુ, તારી પાછળ હું ચાલીશ,
૨ આખું જગત મને મુકે, તું મને તો નહિ મુકશે,
આગ વેરી થાય અંત સુધી તું મિત્ર છે.
૩ ઇશુ ખરો તારનાર છે, તમારૂં મન તેને આપો,
તેને જાણીને ભક્તિ લો, અંત સુધી તેમાં રહો;

૨૭

Spotless Lamb.

નિષ્કલંક ઇશુ.

૧ હું આવું છું નિષ્કલંક ઇશુ, તારાથી નહી રહું દૂર;
પાપની આંકડી તોડો પ્રભુ, મારાં પાપ કરો દૂર,
ટેક—મારાં પાપ કરો દૂર, મારાં પાપ કરો દૂર.
હું આવું છું નિષ્કલંક ઇશુ, મારાં પાપ કરો દૂર,
૨ પાપનો બોજ ભર્યો છે ભારી, હે પ્રભુ મને બચાવો,
આપ મને શાંતિ પુરી, શુદ્ધતા પણ મનમાં દો.
૩ તારા લોહીના પાણીથી, સાફ થઇને પામુછું હામ,
નિષ્કલંકના લુગડાં પહેરીને, જાઉછું સ્વર્ગી ધામ,
ટેક—હા! હું છું સફેદ, હવે હું છું સફેદ,
તારા લોહીમાં નાહીને, હવે હું છું સફેદ,

૨૮

O Saviour I am coming.

હે પ્રભુ હું છું આવનાર.

૧ મારો દુઃખી આત્મા લઇને, તારી પાસે છું આવનાર

તરસે મને સુખ પામવાને, પ્રભુ મારો થજે તારનાર,
સુખ ભોગથી નથી મળતું સુખ, જગના છંદ સર્વે છિપાવી.
હવે જોવાને તારૂં મુખ, કેવળ ઇચ્છા છે મારી,
હે પ્રભુ હું છું આવનાર, આવનાર.
આવનાર તારી પાસે.

૨ ચીંતાથી છે મન ભરેલું, પાપના બોજથી હું લાચાર
ચોગમ છે સઘળું અંધારૂં, હાલત નિરાશ છે અપાર.
પ્રભુ તું છે પાપ મટાડનાર, પાપ મારાં જોઈ કર નાશ,
થઈ મારા જીવનો તારનાર, મારા મનમાં કર પ્રકાશ,
હે પ્રભુ હુંછુ આવનાર આવનાર,
આવનાર તારી પાસે.

૨૯

Pour thy Spirit.

આત્મા રેડ.

૧ જેમ તું વરસાવે છે વરસાદને ભીંજે છે ભૂમિને,
તેમજ મારૂં અંતઃકરણ, તારા આત્માને તરસે
ટેક–આત્મા રેડ, આત્મા રેડ, મારા અંતઃકરણ પર.
જગાવીને ઇચ્છા તારી, પ્રિતિ મારી સજીવન કર
૨ આત્માનો પ્રેમ જે નહીં થાકે, પાપીઓને તારવાથી.
તે પ્રેમ મારામાં ભરપુર કર, આત્મા મારામાં રેડીને,
૩ તે ક્રુસપર હાંક મારી જેમજ, પાપી કાજ થયું પ્રાયશ્ચિત,
હું પણ તારા જેવો તેમજ, વૈરી ઉપર કરૂં પ્રીત.

૩૦

Come in my Lord.

મહીં આવ પ્રભુ.

૧ મહીં આવ પ્રભુ મહીં આવ, મન મારામાં તું વસ,

મહી આવને લોહીથી શુદ્ધ કર, તું મારાથી ના ખસ.
તારો સંપુરણ પ્રેમ, મારાં મનમાં વધાર,
તારા વગર શાંતી થાય કેમ, મારામાં તું પધાર,
ટેક—મહી આવ પ્રભુ મહી આવ, મન મારામાં તું વસ,
મહી આવને લોહીથી શુદ્ધ કર, તું મારાથી નાખસ.
૨ મહી આવ પ્રભુ મહી આવ, તારૂં બલ કર પ્રકાશ.
આવને મને પાપથી બચાવ, ભુંડાઇનો તું કર નાશ.
તારાં સઘળાં વચન પ્રભુ તું પુરાં કર.
કે સઘળા લોક ટેકે ઢીચણ. આખી પ્રથ્વી ઉપર.
૩ પ્રભુ તું છે આવનાર, મને લાગે છે એમ,
વાણી તારી છું સાંભળનાર. "આપુછું પુરો પ્રેમ"
આકાશ પૃથ્વી ઉપર ઇશુને મહીમાં હો,
કે મારા અંતઃકરણમાં. તું વસનાર છે ખરો,

૩૧

Oh speak, while before thee I pray.

તું કહે.

૧ પ્રિય ઇશુ જગત્ ત્રાતા, રહેનારછું હમેશ તારી પાસ.
જે આશા છે મારા મનમાં, તારા પ્રેમથી કરજે પ્રકાશ.
ટેક—તું કહે તું કહે, તું કહે જ્યારે હું તારી આગળછું
ને જે તું મને બતાવે છે. તે પ્રમાણે હે પ્રભુ કરીશ હું
૨ પ્રેમ જે તારો છે હું જાણું, જે જાણ્યા કરતાં છે અધીક
જ્યારે પ્રેમથી છે મન ભરેલું, મટે છે સંદેહને બીક.
૩ સ્વાર્થી દૃષ્ટિ દુર નાખી, તારી ઇચ્છા સારૂ જીવું;
કે સદા મારી ચાલ થકી, તારો મહીમા દેખાડું.

૩૨

When I survey the wondrous Cross.

વધસ્થંભ ઉપર.

૧ જ્યારે વધસ્થંભપર જોઉછું, જ્યાં મરતો છે દેવનો અવતાર
જગનુ ધન ધુળ જેવું ગણું, ને મનમાં રાખું લાજ અપાર
ટેક—વધસ્થંભ ઉપર લોહી વહેવાડાવ્યું ત્યાં થયો ઇશુ પ્રાયશ્ચિત
પણ પાછો ઉઠી સ્વર્ગમાં ગયો, જયાં છે શાંતીને પુરી પ્રીત
૨ અહંકાર કરૂં દેવ મને વાર, કેવળ તારા વધસ્થંભમાર
ન ગણું જગમાં એ ત્રાતા દેવ. કંઇ નહી મુલવાન તારા શીવાય
૩ જુઓ માથું હાથને પગથી, નીકળે છે દુઃખને લોહીની ધાર
કયારે એકઠાં થયાં એવાં. સંકટ ભારેને પ્રેમ અપાર
૪ જગનું ધન જો સર્વ મારૂં હોત, પુરતુ ન થાત આપવા તને
તન, મન, ને ધન હું સોંપુ છું.ને સૌ જે હોય મારી કને

૩૩

My Jesus & I.

ઇસુને હું.

૧ ઇશુની સાથે હું વળગી રહું છું.
સ્વર્ગના ઘરમાં મધુરતાથી વસું છું,
અમારો સંપ પુરો છે, જય પામીશું,
હમેશ વળગી રહીશ, મારો ઇશુને હું,
ટેક—ઇશુને હું, મારો ઇશુને હું,
એક બીજાના પક્ષમાં,
ઇશુ અને હું,
જગતને છોડેલું છે,
વધ સ્થંભ લીધેલો છે,

એક બીજાના પક્ષમાં
સદા રહીશું,
૨ તોફાન ભયંકર અજમાયશ, કઠણ હોય,
રસ્તો બતાવનાર, ખુશી કરનાર હોય,
પરીક્ષણના બોજાથી, મન દુખી ગયું,
પણ વળગી રહીશું મારો ઇશુને હું,
૩ એકલો, તજેલો, મેણાં મારેલો છું,
નથી બાપનું સંરક્ષણ, માનાં આંસુ,
ભાઇ, બેન, સગાં વહાલાં, આસપાસ નથી,
પણ વળગી રહીશું, મારો ઇશુને હું,
૪ ટંટા, ને લડાઇ, જગતમાં ઝેર કરશે,
હરજગોએ, ખરી માયા, ને પ્રેમ ખુટશે,
સ્વર્ગમાં વધતો, સદાકાળ સુખ અમારૂં,
હમેશ વળગી રહીશું, મારો ઇશુને હું,

૩૪

Oh the blood, to me so dear.

રેતે લોહી.

૧ જે માફ કરે છે પાપ સઘળાં ને આપે છે શાંતિ,
ને આત્મા કરે છે સાજો, તે છે ખ્રીસ્તનું લોહી,
ટેક—રે તે લોહી કેવું મુલવાન; શુદ્ધ કરશે આખું હિંદુસ્થાન,
તેથી હું ખરીદેલો, પામું છું પાપથી છુટકો,
૨ બળ સેતાનનું જે છે કાઢનાર અંતઃકરણમાંથી
ને શુદ્ધ રસ્તો છે દેખાડનાર, તે છે ખ્રિસ્તનું લોહી,

૩૫

Follow, follow, I will follow Jesus.

તારી પાછળ પાછળ હું ચાલું છું,

૧ જ્યારે લડાઇ વધારે ને વૈરી કરે જોર;
સૌથી આગળ ચાલનાર ભાઇ, ઇસુ હમને દોર;
ભય મુકી દઇને જઇએ જે જોખમનું છે સ્થાન;
ચાલીએ તારી પાછળ ઇસુ આગેવાન.

ટેક–તારી પાછળ, પાછળ હું ચાલુંછું, જે જગ્યા જે દીશા હુકમ આપે તું
તારી પાછળ, પાછળ હું ચાલુંછું, જે દીશામાં હુકમ તારો પ્રભુ:

૨ હમારા કરતાં તું પણ છે ભારે કષ્ટ વેઠનાર,
માટે જેમ હુકમ આપે તેમ થઇશ ચાલનાર,
જે રસ્તામાં ચાલીએ છીએ, તું ગયો છે ઇસુ;
એ માટે હમે તારી પાછળ ચાલીશું.

૩ એકલીજ સાક્ષી આપવાથી, પ્રતિ નહિ દેખાડું,
પણ ચાલમાં કરણીઓથી સઘળાને સમઝાવું;
રસ્તામાં હશે ઘણુંજ દુઃખ ને દેહ પાછી હઠે,
પણ તારાથી બળ પામી, આગળ ચાલીએ.

૩૬

I'm believing and receiving,

આવોરે આવો વિશ્વાસથી.

૧ મારાં પાપ ધોવાયાં છે. તેઓનું નથી નીશાન.
અંધારામાં અજવાળું છે, શુદ્ધ છું તેના લોહીમાં

ટેક–(૧) આવોરે, આવો વીશ્વાસથી આ લોહીના તીરથમાં,
તેમાં તારૂં અંતઃકરણ બરફના જેવું શુદ્ધ થશે.
(૨) આવ્યો છું આવ્યો છું વીશ્વાસથી આ લોહીના તીર્થમાં

તેમાં મારૂં અંતઃકરણ બરફના જેવું શુદ્ધ થશે.
૨ જુઓ લજા બીકનો ભાર તેમાં ડુબી જાએ છે.
ચીંતા બદલે છે ગાનાર, આવશે જે આ તીરથમાં
૩ લાલચ લોભ રહેતો નથી જગતનું દ્રવ્ય માટી છે.
કેવળ ક્રુસમાં છે ખુશી, આવશે જ્યારે આ તીરથમાં
૪ રહેશે નહી પોતાપણું, પ્રેમ છે ઇસુને લીધે.
સ્વર્ગમાં દ્રવ્ય છે તેનું, આવશે જે આ તીર્થમાં
૫ વેરીથી નહી બીહું છું, યુદ્ધની બહુ ઇચ્છા છે.
બળ ઇસુથી પામુછું આવીને આ તીરથમાં

૩૭

His sweat was as great drops of blood.

તેનો પરસેવો લોહી જેવો થયો.

મશીહા મારા દુઃખમાં—એ રાગ

૧ ગેથસેમામાં આવ્યો રે શીષ્યોને સાથે લાવ્યોરે
તમે હીંઆ જરા બેશો સેવામાં લાગુ રહેશો.
ટેક—પરસેવો તારો લોહી જેવો થઇ ગયો રે
લોહી થઇ ગયો રે, બીજાઈ ગયો ને
૨ એકાંતે પ્રાર્થના કીધી રે પાપીની પીડા લીધીરે
ગુરૂ ખેદીત ઘણો થયો પરસેવો લોહી થયો, પરસેવો.
૩ શીષ્યોની પાસે આવ્યો રે વ્યાકુળ મનમાં થયોરે.
તમે જાગો મારા ચેલા હવે શત્રુ આવ્યા પેલા પરસેવો.
૪ એવામાં ચોર આવ્યોરે સીપાઇઓ સાથે લાવ્યો રે
હું ચુંબન જેને કરૂં તે જાણો ઇશુ ગુરૂ. પરસેવો
૫ ઇશુને પકડી લીધોરે બહુ જુલમ તેપર કીધો

હા દુઃખ હતું બહુ ભારી ઇશુને થપડ મારી. પરસેવો.
૬ છેલી સ્થંભપર વાણીરે પોકારે ધાંટો તાણીરે
ઓ આકાશમાંના બાપ સૌના માફ કરોને પાપ પરસેવો.

૩૮

The example of Christ.

ખ્રીસ્તનો નમુનો.

મશીહા મારો દુઃખમાં સોસાઇ ગયોરે—એ રાગ.

૧ મનમાં દ્વેશ નહીં ધરોરે વેરીને પ્રેમજ કરોરે
રે સહુને આશીશ આપો એ ખ્રીસ્તનો નિયમ સ્થાપો.
નમુનો પકડો ત્રાતા ઇશુ ખ્રીસ્ત તણોરે ટેક.
ત્રાતા ખ્રીસ્ત તણોરે તમે સર્વ જણોરે
૨ રાંકડા પણું લીધુંરે, દાસ પણું કીધું રે,
શીષ્યોના પગો ધોવા પોતાના વસ્ત્રે લોહ્યા. નમુનો
૩ ધીક્કાર સહુનો સહ્યો રે અંતે સ્થંભ પર ગયો રે.
ના કહેવાય તેવું કીધું, નવ ઉત્તર એકે દીધું નમુનો
૪ સહુને ભાઇઓ ધારોરે, છે એકજ સરજન હારોરે.
જે પોતે ઉચો થશે, તે સહુથી નીચે જશે. નમુનો
૫ બાળકનું મન ધરોરે પવિત્રાઇથી તારો રે,
ગુરૂ એવી રીતે ચાલ્યો, પીતાનો હુકમ પાળયો. નમુનો
૬ નમુનો મારો ઝાલોરે આધીનતાથી ચાલોરે
હું થયો જગમાં દીન રાય હતો થયો લીન નમુનો
૭ મોટાઈ મનથી કાડોરે અદેખાઇ નસાડોરે
આ નવો મારો નીયમ સહુને કરો પૂરો પ્રેમ નમુનો
૮ રુજમાં નહોતો વાંકરે પણ થયો દીન રાંકરે;
મેં જગપર પ્રીત કરી તેથી આવ્યો જન્મ ધરી. નમુનો

૯ દયા દીલમાં ધરોરે ખરી પ્રીત કરોરે;
રે ઉંચકો સહુના ભારો નિયમ પુરો કરો મારો. નમુનો

૩૯

Example of love.

પ્રિત્તિનો નમુનો.

મશીહા મારા દુઃખમાં—એ રાગ.

૧ પ્રિતી પુરી પ્રિતી પુરી રે હું રાખું સાચી નીતી રે
છે સહન શીળ ઉપકારક એ દીસે સહુની તારક
હું પ્રીત ધરૂ મુજ અંતરમાં ઇશ્વરને ભજવારે ટેક—
ઇશ્વરને ભજવારે, ભુંડાં કામો તજવારે
૨ અદેખાઇ નહીં કરતી રે એ વરને નહીં વીશાભીત.
નવ થાતી દીલમાં ક્રોધીત હું પ્રીત.
૩ પોતાપણું નવ શોધેરે, દીલમાં નહીં સંતાપે રે
નવ ભુંડુ મનમાં ધારે અન્યાયથી મનડું વારે હું પ્રીત.
૪ સત્યમાં હરખાતી રેછે શોભીત પુરણ પ્રીતીરે.
સઘળુ ખમે ખરૂં માને આશા રાખી આનંદ પામે. હું પ્રીત.
૫ સહન સૌનું કરતીરે નવ ખુટે પુરણ પ્રીતી રે
છે જયવાન જંશવતી છે હર્ષિતને આનંદી હું પ્રીત.
૬ ઇસુએ આપી રીતી રે આ નવો નીયમ છે પ્રીતીરે
છે વિશ્વાસ આશા પ્રીત પણ પ્રીતી સૌમાં શ્રેષ્ટ

૪૦

Christ's commands to his Disciples.

તારી પાછળ ચાલીશું પ્રભુ અમે તારી પાછળ ચાલીશું.
૧ જુઓ ઇસુ સ્વર્ગી સુખ મુકી દઇને,

ખુશીથી ક્રુશપર ગયો. પ્રભુ૦
૨ જગમાં ઇસુ આવ્યા લીધી ફકીરી,
ગામે ગામ ફરતો હતો. પ્રભુ૦
૩ પ્રભુ થકી દાસ મોટા ના જણાવો.
બાનું અમથા ના કાડો, પ્રભુ૦
૪ રજા આપો ઘરમાં કુટુંબને જોવા,
સાંભળો ઇસુએ શું કહ્યું. પ્રભુ૦
૫ વખત નથી વહેલા આવે ઇસુ કહે છે,
મુએલાં મુએલાંને દાટે. પ્રભુ૦
૬ ઘરને જંજાલ મુકી પાછળ ચાલી આવો,
કહ્યું શીષ્યોને, ઇસુએ. પ્રભુ૦
૭ સોગન આપીશું આ જગત વચમાં,
મરણ પછી સુંદર મકાન. પ્રભુ૦
૮ ઇસુના લોહીથી શુદ્ધ થઇને,
યુદ્ધમાં આગળ આગળ ચાલો. પ્રભુ૦

૪૧.

Holiness

પવિત્રાઇ.

ઇસુ મસીહ મેરા પ્રાણ બચાયા એ રાગ.

ટેક—સર્વે શક્તિવાન ઇસુ દે છે સહ્રાઇ

૧ દીલ મારૂં લે પ્રભુ પ્રિતથી ભરજે
ખાત્રી છે કે તારાથી થાય
૨ સંદેહને બીક તારા વાસામાં રહે નહી
વેર ભાવ ક્રોધ બધા પ્રિતથી ખસેડાય.
૩ પાપ કરવાની ઇચ્છા મનમાંથી કાડજે

કરજે રાજ પ્રભુ અંતરની માંહે
૪ જગનું માન છે છાયાની માફક
જગનું ધન બધું ધુળ જેવું થઇ જાય
૫ મનમાં શુધ્ધ જે દેવને જોનારા
તેને ધનરે કેમ ના કહેવાય
૬ કહ્યું ઇસુએ માગોને અપારો
માગીને મલી પવિત્રાઇ

૪૨

Prayer.

પ્રાર્થના.

૧ ઓ બળવાન આત્મા, અમારી ઉપર આવ,
તારૂં દાન આપી મનમાં ખરી શાંતી લાવ,
૨ પેંટી કોસ્ટના આત્માં, અમારા મનમાં વસ
તેજસ્વી તારૂં પ્રકાશ તું મારા મનથી નાખસ.
૩ ઓ પવિત્ર આત્મા, તું હિંમત મને આપ
યુદ્ધમાં મને સંકટો આવે, વેરી સઘળા કાપ
૪ પ્રાર્થનાનો આત્મા, ઓ સ્વામી મને આપ
જય હમેશાં મને આપો, ટાળો પાપનો તાપ
૫ પ્રિતિથી ભરપૂર થઇને, ધીરજવાન થવું.
બખ્તર પરનું પહેરી લઇને, સ્વર્ગમાં જવું.

૪૩

The love of Jesus

ખ્રીસ્તની પ્રીત.

મારા પાપ ધોવાયાં છે. એ રાગ.

૧ અરે પ્રીત અધીક પ્રીત પ્રીતીનો તું પહાડ છે;

જ્યારે યુદ્ધ કઠણ થાય તું તો ખરી આડ છે;
૨ હીરા, માણુક, રત્નો કરતાં, સુશોભીત પ્રીત છે;
અરે દયા ભરેલ તું તુંજ પ્રીત ખચીત છે;
ટેક. પ્રીતીરે પ્રીતી સંપુરણ સ્વર્ગી દેશથી આવીછે.
પાપમાં ડુબી મરતી માનવજાતને બચાવીછે;
૩ પ્રીતીનો પ્રકાશ તારો દીન પ્રતીદીન છે;
દૃષ્ય પ્રીત અદૃષ્ય પ્રીત તુજમાં આમેન છે;
૪ પ્રીતીકાજ છોડયું રાજ છોડયો વૈભવ સ્વર્ગનો;
સહ્યું મર્ણું કીધું ત્રાણ પાડ માનું પ્રીતનો;
૫ વખાણુંનીત, ગાઉંગીત, તુજ પ્રીત અજીત છે;
અચરતી પ્રીત શોભીતી પ્રીત, પ્રીત પ્રોત નીત છે;
૬ ચાખી જુઓ ખ્રીસ્ત પ્રીત કેવી પ્રીત મીષ્ટ છે;
મધથી મીષ્ટ છે સ્વાદીષ્ટ પ્રીત મારો ઇષ્ટ છે;

HOLINESS CHORUSES.

પવિત્રાઈનાં ટુંકા ગીતો.

—:०:—

૧

I bring my all to Thee.

સર્વ લાવુંછું પ્રભુ, તને સર્વ સોંપુંછું
તન મન ને ધન જે મારૂં છે. હમણા સર્વ લાવુંછું
સર્વ લાવુંછું પ્રભુ તને સર્વ સોંપુંછું
ને તારા વચન પ્રમાણે તારૂં સર્વ મને આપ

૨

Coming to thee.

તારી પાસે, તારી પાસે, હુંછું તારી પાસે આવનાર
મારા મનને ધોવા હીમના સરખો હોવાં
તારી પાસે ત્રાતા છે આવનાર

૩

Where he leads.

તે બતાવશે ત્યાં હું ચાલીશ; આખા માર્ગે હું ચાલીશ

૪

Saviour, dear Saviour.

ત્રાતા હે ત્રાતા પાસ આવો ગંભીરાઇથી વધસ્તંભ પાસ નમું છું;
ઇચ્છા તારી તું જણાવ, ને આખા મનથી માનીશ હું;

૫

Give thy power to me.

હે પ્રભુ શક્તિ મોકલ, હે પ્રભુ શક્તિ મોકલ
સહવાને, ભોગવાને ને પ્રાણ આપવાને,
આ શક્તિ પ્રભુ મોકલ.

૬

Oh, send another Pentecost

હે પ્રભુ વિનંતી પત કર
આ ત્મીક વરસાદ વરસાવ;
તારા લોકને ઉતેજન કર આપ
મુક્તિનું કામ ચલાવ.

૭

Gone is my burden.

બોજ મારો ઇશુ એ ગબડાવ્યો
અજવાલ જોવા મારી આંખ ઉઘાડી
તૃપ્તિ શાંતીમાં કહી શકું
સંપુરણ સુખ છે ઇશુમાં

૮

"*Oh the Blood to me so dear*"

રે તે લોહી કેવુ મુલવાન, શુદ્ધ કરશે, આખું હિંદુસ્તાન
તેથી છું ખરીદેલો, પામ્યો છું પાપથી છુટકો.

૯

All I have I am bringing. to Thee

જે કંઈ છે હું લાવું છું સ્વામી તારાં પગલાંમાં હું ચાલીશ;
જો એ સાંભિયો સંકટ, હે પ્રભુ આગળ ચાલીશ હું

૧૦

Take all my sins away.

મારાં પાપ કરો દુર, મારાં પાપ કરો દુર;
હું આવું છું નિષ્કલંક ઈસુ, મારા પાપ કરો દુર

૧૧

Come in my Lord.

મહીઆવ પ્રભુ મહીઆવ મન મારામાં તું વસ;
મહીઆવ ને લોહીથી શુદ્ધ કર, તુ મારાથી ના ખસ

૧૨

Oh Saviour, I am coming

હે પ્રભુ હું છું આવનાર, આવનાર તારી પાસે

૧૩

Reign, oh reign my Saviour.

જય જય ઓ મસીહા, તુ પવિત્ર આતમા મોકલ
તારી મુક્તિફોજમાં તુ પવિત્ર આતમા મોકલ તારી ફોજમાં

૧૪

It was on the cross He shed His Blood.

વધસ્થંભ ઉપર લોહી વહેવડાવ્યુ, ત્યાં થયો ઇશુ પ્રાશ્રિત;
પ્રભુ પાછો ઉઠી સ્વર્ગમાં ગયો, જ્યાં છે શાંતિને પુરી પ્રીત

૧૫

Down at the Fountain.

જે ઝરો વહે છે ખ્રિસ્તની કુખથી, ત્યાં પામુછું સફાઇ પુરી;
બોજ ઉતારે છે, ઇસુ મારાથી, છુટકો પામુછું સઘળા પાપથી

૧૬

Walk with me, my Lord.

સાથે ચાલો ચાલો દેવ, આખા માર્ગે મરણ સુધી.
મારી સાથે રહો દેવ, આખો માર્ગે મરણ સુધી
મને ઝાલી રખો દેવ, આખો માર્ગે મરણ સુધી.

૧૭

Pour Thy Spirit.

આવ્યા રેક આવ્યા રેક, મારા અંતઃકરણપર
જગાવીને ઇચ્છા તારી, પ્રિતી મારી સજીવન કર.

૧૮

Open and let the Master in.

તમે ઉઘાડો, ઉઘાડો; ઇસુને માંહે તમે આવવાદો
મહિ ચળકશે અજવાળુ; જ્યારે આવશે ઇસુ
તેને મહિ તમે આવવાદો

૧૯

He gave me joy where once was woe.

સુખ કોણે આપ્યુ, દુખ બદલી, રોગ આત્માનો દુર કરીને
હા કોણે મુક્તિ આપી છે, ઇશુએ ઇશુએ.

૨૦

Oh speak.

તું કહે, તું કહે જ્યારે હું તારી આગળથુ
ને જે તુ મને બતાવે છે. તે પ્રમાણે હું પ્રભુ કરીશ હું.

૨૧

At the cross at the cross.

વધસ્થંભ, વધસ્થંભ વધસ્થંભની પાસે,
જ્યાં ઇસુએ મારૂં દુઃખ લઇલીધું
મારા અંતઃકરણમાં ઘણું સુખ આવ્યું છે:
હવે રાતને દીવસ બહુ ખુશીથું

૨૨

Draw me nearer,

મને આવવાદે મને આવવાદે, તારા વધસ્થંભ પાસે
મને આવવાદે મને આવવાદે, તારી પાસે ઓ સ્વામી

૨૩

Give me a heart like Thine.

તારા જેવો હું થાઊં તારા જેવો હું થાઊ.
તારી પ્રીતમાં અપાર, ઓ પ્રિય તારનાર
તારા જેવો હું થાઉં

૨૪

Thou art enough for me.

તારામા છે તૃપ્તિ, તારામાં છે તૃપ્તિ
ઓ પ્રિય જીવતાં ત્રાતાદેવ તારામાં છે તૃપ્તિ

૨૫

Are you washed?

શું લોહીમાં તમે નાહ્યા છો
હલવાનના શુદ્ધ કરનાર લોહીમાં
તમારાં વસ્ત્ર નીશકલંકને હીમ કરતાં સાફ
ને હલવાનના લોહીમાં નાહ્યા છે શું

૨૬

Let me love Thee Saviour.

ઇસુ મારી ભક્તિ તુજપર ફક્ત થવા દે.
ફેબ્ગ તારી પ્રિતી મને સંતોષ કરે.

૨૭

I am coming Lord.

હું છું આવનાર હાલ આવનાર તુજ પાસે
મને તારા લોહીથી ધોઇને પુરો શુદ્ધ કર.

૨૮

Power Power Divine.

શક્તિ શક્તિ મોટી શક્તિ પરમેશ્વરની

શક્તિ તુજ વચન શક્તિ મુજ દે
પ્રભુ આ શક્તિ મુજ પર પડવા દે.

૨૯

Showers of Blessing.

આશીર્વાદ વરસાવ, આશીર્વાદ વરસાવ જરૂર,
કીરપા આસપાસ વરશે છે.
પણ આશીર્વાદ વરસાવ ભરપુર.

૩૦

Through the Blood there is cleansing.

લોહીથી સફાઇ છે, લોહીથી સફાઇ છે,
હરેક પાપ કલંક થકી, ઇસુના લોહીથી.

૩૧

There is Refuge in Thee (tune Bringing in the Sheaves)

તુજમાં છે ઇલાજ, તુજમાં છે ઇલાજ,
ઇશ્રાઇલનો રાજા તુજમાં છે ઇલાજ

૩૨

Ill follow Thee of Life the Giver.

પાછળ ચાલીશ જીવનનો દાતા
પાછળ ચાલીશ દુખ સહેતો ત્રાતા
પાછળ ચાલીશ તુજ લોહીમાં નહાતા
કીરપાથી પાછળ ચાલીશ.

૩૩

Keep on believing.

વિશ્વાસ રાખોરે ઇસુ છે પાસ,
વિશ્વાસ રાખોરે ના થાઓ નીરાસ;
વિશ્વાસ રાખોરે આ છે રસ્તો.
કે વિશ્વાસ રાખો રાતને દહાડો.

૩૪

The heavenly gales are blowing.

સ્વર્ગી વાજા છે વાતાં છે લોહીના ઝરા પાતાં
મોજા તજે જઇ વાહાતાં હાલી સુયા સ્તુતી દેવની

૩૫

Bring your dearest and your best.

સૌથી મુલવાન અરપણ કરો
દમણા સર્વ તમારૂ સોંપો
સૌથી મુલવાન અરપણ કરો.

૩૬

From every stain made clean.

દરેક કલંકથી સુદ્ધ, સઘળાં પાપથી છુટકો;
હે પ્રિય દેવ આ આસીર્વાદ, તે મને છે આપ્યો.
માફ થઇ છે ભુલ ચુક, દોસ મટાડયા બધા;
સર્વ નાખીને તારી સનમુખ, ત્યાં મુકીસ હું સદા.

૩૭

While the Light from Heaven is falling.

જ્યારે આકાશી તેજ આવે, પાપ કબુલત પ્રગટ કરાય;
જ્યાં લગ તારક કૃપા વહેછે, મારા પાપ ધોઇ શકે છે.

૩૮

Oh wash me in Thy Blood.

રે મને રક્તમાં નવાડ, રે મને રક્તમાં નવાડ;
ને હીમ કરતા સાફ થઇશ.

૩૯

The fountain, the fountain.

તે ઝરણુ તે ઝરણુ ઇસુનુ લોહીનુ ઝરણુ
મારૂ અંતઃકરણ કરે છે બરફની સમાન
વિશ્વાસ રાખું વિશ્વાસ રાખું મારા તારણ દાતાની ઉપર
મારા ઇસુ મારા ઇસુ તારામાંજ ભરોસો રાખીશું.

૪૦

Ever Thine, Thine alone.

સદા તારો સદા તારો ત્રાતા હમણાથી તારો
મારી આસા મારો લોભ મારી જીવન
દરોજ તારા જેવો થાઉં.

૪૧

For India there's a Saviour.

હીંદુસ્તાન સારૂ તારનાર છે
જેમ મને તેમ સર્વને પ્રેમ કરનાર.

૪૨

Oh restore me, oh restore me.

રે મને પાછો ઉભો કર. હું પડુ નહિ તેમ ઉભો કર,

૪૩

When dark is the way.

રસ્તો જ્યારે ઘોર અંધાર તેજ દીશે નહિ,
સહેલ આવે ને બીક લાગે;
યાદ કરાવ કે તેજ રસ્તો માં તુ ચાલ્યો,
અને ત્રાતા પ્રિય ત્રાતા પાસ આવ.

૪૪

Oh give Thy Power to me.

હે પ્રભુ શક્તિ મોકલ, હે પ્રભુ શક્તિ મોકલ,
લડવાને ભોગવાને ને પ્રાણ આપવાને;
આ શક્તિ પ્રભુ મોકલ.

૪૫

Faith mighty faith.

બળવાન વીશ્વાસ જોનાર વચન, અને તે તેજ જુએ છે;
"અશક્ય" પર હાસ્ય કરે છે, સર્વ શક્ય છે કહેનાર.

SONGS OF SAINTS.

મુક્તિ પામેલાઓના ગીતો.

—(૦)—

1

"We are a happy lot".

૧ હમે છીએ ખુસી લોક મુક્તિ છે અમારો પોક
ટેક—પાપ માફ થયાં હમારાં જેથી હતાં નીરાસ
પાપ મુક્યાં સર્વે તમારાં તે ચાલોરે આકાસ
૨ પાપને લીધે કર્યો સોક તેથી સૈતાન પામ્યો સોક
૩ સૈતાન હમને કરે રોક તેના માથા ઉપર ઠોક

૨

Canaan bright Canaan.

છે ઇસુ છે ઇસુ
રે લાગ્યો કેટલો પાપનો બાર,
છે ઇસુ મારો મુક્તિ દાતા,
પણ અમણાં છે આનંદ અપાર,
છે ઇસુ મારો મુક્તિ દાતા,
ટેક—છે ઇસુ છે ઇસુ છે ઇસુ
મારો મુક્તિ દાતા,
કેટલી ખુશીની વાત કે મારી સાથ,
છે ઇસુ મારો મુક્તિ દાતા,
૨ મને આપ્યું ઇસુએ મુક્તિ દાન,
છે ઇસુ મારો મુક્તિ દાતા,

ગાજે પણ ફડે નહીં સૈતાન
છે ઇસુ મારો મુક્તિ દાતા,
૩ પોતાપર માપ્યો વીજય,
છે ઇસુ મારો મુક્તિ દાતા,
છે થયો ખોટા ભયનો ક્ષય,
છે ઇસુ મારો મુક્તિ દાતા
૪ વાર ન લગાડતાં બચી જાઓ
છે ઇસુ મારો મુક્તિ દાતા
ને મુક્તિફોજના સીપાઈ થાઓ,
છે ઇસુ મારો મુક્તિ દાતા.

૩

Tune "Three blind mice",

૧ જય, જય, જય જય જય જય
ઇસુને જય જગતને જીતી લઇશું
સદા સાચા રહીશું જય જય જય
૨ યુદ્ધ યુદ્ધ યુદ્ધ પાપની વીરુદ્ધ
ઝંડા ઝાલી લઇશું સુરા સીપાઇ થઇશું
જીવન રોટલી ખાઇશું યુદ્ધ યુદ્ધ યુદ્ધ
૩ પ્રેમ પ્રેમ પ્રેમ દેવે કીધો તેમ
સૌની ઉપર રાખીશું વેરી વેરી નાખીશું
સ્વર્ગી અમરત ચાખીશું પ્રેમ પ્રેમ પ્રેમ.

૪

I' am the child of a King.

રાજાનો દીકરો છું.

૧ બાપ મારી કને છે જમીન ને ઘર

જગતની મીલકત તેના હાથમાં છે ભર
હીરા ને રૂપું ને સોનું જરૂર
તેના ખજાનામાં આ સર્વે છે ભરપુર
ટેક—રાજાનો દીકરો છું
ઇસુની સાથે
રાજાનો દીકરો છું
૨ દેવનો દીકરો છે મારો સત તારનાર
જેને આવીને લીધો મનુષ્ય અવતાર
પણ રાજ આકાસમાં કદી નહી ટળસે
તે સોભીતું ઘર મને ત્યાં મળસે.
૩ આ પૃથ્વી ઉપર જો નીચી છે નાત
તો પણ મારે કાજ ત્યાં મહેલ છે એકાંત
સર્વેથી તજેલો તોપણ ગાઇસ હું
દેવની સ્તુતિ થાય રાજાનો દીકરો છું.

૫

He promised He never would leave me.

ના કદી નહિ તજીશ એકલો
૧ મેં જોઇ વીજળી કરતાં પ્રકાશ
મેં સાંભળી ગર્જના કરતાં શોર
ને પાપનું તુફાન મારી આસપાસ.
મને ડુબાડવાને કરતા જોર
પણ ઇશુની વાણી મેં સાભળી
મને કહેતાં કે "મારી ગમ જો"
એકલો હું તને નહી તજીશ
કદી નહી તજીશ એકલો.

ટેક—ના કદી નહી તજીશ એકલો
ના કદી નહી તજીશ એકલો,
એકલો હું તને નહી તજીશ.
નહી તજીશ એકલો"
૨ જ્યારે છુટવા હું થયો લગભગ
ને નાશ કરવા સેતાન ઉઠયો
ને મારા મનમાં લાગ્યું ડગમગ
કે એકલો કેમ થઇશ ઉભો
ત્યારે ઇશુની વાણી મેં સાંભળી
મને કહેતાં કે "મારી ગમ જો
એકલો હું તને નહી તજીશ
કદી નહી તજીશ એકલો,
ના કદી નહી તજીશ એકલો
એકલો હું તને નહી તજીશ
નહીં તજીશ એકલો"

૬

He is the lily of the Valley.

તું ફુલના જેવો સુંદર.

૧ પૂર્વમાં તારો થયો ઉગ્યો ઓ સ્વામી.
અગર, ધુપ લાવ્યા માગીઓ સ્વામી,
ટેક—તું ફુલના જેવો સુંદર ઓ સ્વામી.
૨ ચેતી સ્વપ્નામાં પાછા ફર્યા ઓ સ્વામી.
મારનાર રાજા ડાકો પડવો ઓ સ્વામી.
૩ રાજાનું મોત થયું જેટલે ઓ સ્વામી.
પુત્ર પરાક્રમ વધ્યું તેટલે ઓ સ્વામી.

૪ અદ્‌ભુત કાર્ય કીધાં જેવાર ઓ સ્વામી.
પંડીત શાસ્ત્રી ધરૂજયા તત્કાળ ઓ સ્વામી.
૫ ગેથ સેમાની વાડીમાં ઓ સ્વામી.
રડે છે તું સંકટમાં ઓ સ્વામી.
૬ ઠઠા કીધી ધીકારી ઓ સ્વામી.
લુગડાં લીધાં ઉતારી ઓ સ્વામી.
૭ કંટક મુગટ મુકયો માથે ઓ સ્વામી
ઉપર સોટી મારી માથે ઓ સ્વામી

૭

Christ for me.

મુજકાજ ખ્રિસ્ત.

૧ મારૂંમન સ્થિર છે હે પ્રભુ તારાપર
ને એકજ વીચાર છે મારો મુજ કાજ ખ્રીસ્ત.
છે મારો રાજાને તારનાર આ જગતમાં મુક્તિ લાવનાર
ને અંત સુધી થાઇશ ગાનાર, મુજકાજ ખ્રિસ્ત
૨ ધન માં જે કરોછો હરખ, મુજકાજ ખ્રીસ્ત
તેમાં નથી શાંતિ જરાક, મુજકાજ ખ્રીસ્ત
તારૂં સોનું નાશ થઈ જશે, તારૂં માન પણ જતું રહેશે
મારો હીસો સદા ટકસે મુજકાજ ખ્રીસ્ત.
૩ હમણાં કોણ ગાઈ શકે છે, મુજકાજ ખ્રીસ્ત.
મારૂં અજવાળને સત્ય છે, મુજકાજ ખ્રીસ્ત
આવો કુશળતા કરીએ, મરણ સુધી સાચા રહીએ
ને તે દહાડે મેળાપ કરીએ, મુજકાજ ખ્રીસ્ત.

૮

This is why I love my Jesus.

કેમ હું ચાહું છું ઇસુને

૧ કેમ હું ચાહું છું ઇશુને? કેમ તે મને મુલવાન છે?
કેમકે તે કાલવરી સ્થંભપર, જીવ આપ્યો મારે લીધે
ટેક—માટે ચાહું છું ઇશુને, માટે ચાહું છું તેને.
મારાં પાપતે માફ કરીને, મારૂં મન સાફ રાખે છે.
૨ કેમહું ચાહું છું ઇશુને, કેમ તે મને મુલવાન છે.
કેમકે ઇશુના લોહીથી, પાપનો છુટકો થાએ છે.
૩ કેમ હું ચાહું છું ઇશુને, કેમ તે મને મુલવાન છે.
કેમકે તે પરિક્ષણમાંથી, મને જય પમાડે છે.
૪ કેમ હું ચાહું છું ઇશુને, કેમ તે મને મુલવાન છે.
કેમકે તે મીત્રને તારનાર, મને સદાકાળ થશે.

૯

I am a pilgrim bound for glory.

ઇસુ છે મહારો વહાલો

૧ સ્વર્ગી દેશમાં મારૂ ઘર છે, મુક્તિ માર્ગમાં ચાલું છું.
જે જે પાપથી થાકી ગયો, સાંભળો પ્રેમનો ઇસુનો
ટેક—ઇશુછે મહારો વહાલો હાલેલુયા; હાવહાલો મારો છે ઇસુ
ઇસુ છે મારો વહાલો તારણ હારા, હું પણ તેનો વહાલો છું
૨ જાગી કેમ જગત લાગીને, તુ આ માર્ગમાં ચાલે છે?
મારૂ મન જે ખોટું હતું, સારૂ કીધુ ઇસુએ
૩ જ્યારે મુક્તિમાં હું આવ્યો, કહ્યું લોકે તે નાસીશ
પણ હું આજ સુધી ચાલું છું, બળ ઇસુથી પામીને.
૪ મારાથી લોક અચરતી છે, કેવળ ઇસુનુ છે કામ.

ત્યાં લગ હું તો પહોંચી આવ્યો, ધન્ય થાય તેનુ નામ
૫ મરણ સુધી જ્યારે આવીશ, ત્યારે જાત્રા મુકશિ હું
હું પણ મુક્તનુ ગીત ગાઇને, ચાલીશ ઇશુની પાસે

૧૦

Well all shout Halleluyah.

પોકારીશું હાલેલુયા

૧ કેવા સુખી છીએ જે દેવને માનીએ
ને આકાશમાં એકઠું કર્યું ધન
કોઇથી નહી કહેવાય કેટલી શાંતિ ભરાય
જેનું પ્રેમથી ભરેલું છે મન

ટેક—પોકારીશું હાલેલુયા આકાશી માર્ગપર ચાલી
ને આપીશું દેવને માન
દુતો સાથે ગાતાં ગાન
સ્વર્ગી સુખનો સદાકાળ સુધી ઝાલી

૨ આ મીઠાસ છે મારી, આ પસંદતા જારી
ઇશુના લોહીથી મળે છે
મનમાં વિશ્વાસ રાખુ ને કેવા સુખ ચાખુ
સ્વર્ગમાં ઇશુના નામ તળે

૩ ઇશુ છે સદા કાલ મારી તલવારને ઢાલ
હે કે સઘળા લે આ મુક્તિ દાન
પ્રેમ રાખ્યો મારાપર અચરતની વાત છે ભર
કે નાલાયકનો બચાવ્યો છે જાન

૧૧

By the blood my Saviour shed upon the tree.

ઇશુના પ્રેમથી મળી છે મુક્તિ

૧ જુઓ મારેકાજ મરવા, ઇશુ આ જગમાં આવ્યો
અંતકાળના દુ:ખથી મને બચાવવા એ પ્રેમથી બળીદાન થયો
ટેક–ઇશુના પ્રેમથી મળી છે મુક્તિ, દેવની સ્તુતી હાલેલુવા
મારૂ મન પણ સાફ છે, તેના લોહીથી તેને વાસ્તે હું જીવીશ
૨ હું મારી પ્રિતિ દેખાડીશ, દરેક રોજ તેને આપીશ
મારૂ આખુ મન કે સર્વે જાણે મારો ઇશુ છે સુ પ્રિતિ
૩ આશા મારી એવી છે, કે તેનો મહિમા વધે
ને આખી પૃથ્વીપર આ વાત સંભળાય કે ઇશુછે જગત્રાતા.

૧૨

Heaven is a beautiful City.

આકાશમાં છે એક સુંદર નગર

૧ આકાશમાં છે એક સુંદર નગર;
જ્યાં દેવ છે તેનુ અજવાળ,
ને મહા રાજ્યાસનની ઉપર
ઇસુ છે બેસનાર સદાકાળ
ટેક–હું જાઉંછું, હું જાઉંછું ઇસુને જોવા
૨ ત્યાં ફરી મરણ નથી થનાર
ને શોક તથા રડવું નહિ થાય
ત્યાં સુખ છે સંપૂરણ ને અપાર
ને દેવની સ્તુતિ સઘળા ગાય,
૩ આખા નગરના રહેવાશી છે બધા;
જે સત્યના માર્ગપર ચાલે;

ને પાપથી દુર રહીને સદા;
લડતા લડતા મુગટ ઝાલે

૧૩

I have found the pearl of greatest price.

આ ઇશુ છે મારો

૧ જે ઘણા મુલનો મોતી છે ઇશુમાં છે જડ્યો
આનંદ કરી હું ગાઉછું, આ ઇશુ છે મારો
૨ આ ઇશુ છે ધણી–પ્રભુને રાજાનો રાજા
ને ન્યાયનો સુરજ, છે ઇશુ અમને ચાલતા શુદ્ધતા
૩ આ ઇશુથી ખસે અંધકાર તેનામાં છે અજવાળ
ઇશુ પહેલો ઇશુ છેલ્લો, ઇશુ છે સદાકાળ

૧૪

I am a Christian Soldier.

જય જય મસીહા.

૧ હું મુક્તનોછું સીપાઇ, ને સોર મચાવુંછું
હરખે હું પોકારીને, કેમ સોર નહીં કરૂં હું.
લોક કહે છે અચરત પામી " શું છે એનું કારણ "
ઇસુની દયા થકી મને મળ્યું છે તારણ
જયજય મસીહા તું મુક્તિ દાતા છે.
૨ ગાએ છે સ્વર્ગી દેશમાં સઘળા દુતો મળી
હું પણ સુખી થઇને, ગાઉ ખરા મનથી
રહેનાર ઇસુ મારામાં, સેતાન છે નીકળ્યો
જ્યારેછું સુખથી ભરપુર, ગાઉછું હું ખરો
જયજય મસીહા તું મુક્તિ દાતા છે.

૩ મળી છે પાપની માફી, બદલામાં મારા કામ
આકાશી સુંદર દેશમાં લખ્યું છે મારૂ નામ
દેવના પવિત્ર લોકો, સાથે હું ચાલુંછું
એમાટે મરણ પછી, સ્વર્ગી સુખ પામીશ હું
જયજય મસીહા તું મુક્તિ દાતા છે.

૧૫

Bless our Army.

સઘળા પર રેડ

૧ તારી ફોજપર પ્રભુ ઇશુ, આશીર્વાદ વરસાવ જરૂર
અરપણ થવા લાયક કરી, સીપાઇઓને આપજે શૂર
સઘળા પર રેડ, સઘળા પર રેડ, અગ્નિ બાપતિસ્મા ભરપૂર
૨ આવો ઇશુ, બધું લેઓ જેટલું હોય જગમાં મારૂં.
યુદ્ધમાં દુઃખ સતાવણી વેઠું પ્રભુ મેં જોઇ તારૂં
આગળ ચાલું, યુદ્ધ કરતાં તારે સારૂ
૩ માટે ભાઇઓ બેનો બધા, મુક્તિ યુદ્ધમાં બળવાન થાઓ
શેતાનને જગ્યા ના આપો તેની સામા લડવા જાઓ
ખ્રીસ્તને લીધે ખ્રીસ્તને લીધે, પ્રાણ જાય પણ લડવાનો ભાવ
૪ જ્યારે યુદ્ધ બંધ થઇ જશે આકાશમાં સૌ મળીશું
ખ્રીસ્તને કુશળતા કરીને, બધા મુગટ લઇ લઇશું.
દેવની સ્તુતી, દેવની સ્તુતિ સર્વે સીપાઇઓ ગાઇશું.

૧૬

Above the waves of earthly strife.

મારૂં શોભીતું ઘર.

૧ જગ ઉપરથી ઉઠાડી મન આકાશમાં એકઠું કરૂં મન

ને ઇશુપર લગાડું ધ્યાન મારૂં ઘર છે ત્યાં મારૂં ઘર છે ત્યાં
ટેક–મારૂં શોભીતું ઘર, મારૂં શોભીતું ઘર
જ્યાં ઇશુ છે બેસનાર રાજ્યાસનની ઉપર
ને દુત જયવાન– ગાએ છે ગાન
મારૂં ઘર છે ત્યાં મારૂં ઘર છે ત્યાં.
૨ જ્યાં ચાલે છે જીવનો ઝરો, ને વસે છે સર્વ પવિત્રો
ને સર્વ આપે છે દેવને માન, મારૂં ઘર છે ત્યાં, મારૂં ઘર છે ત્યાં
૩ સદેહને શોકને દુ:ખથી દુર, જ્યાં સદાકાળ છે સુખ ભરપુર
ને રળાઆમણું છે સ્થાન મારૂં ઘર છે ત્યાંમારૂં ઘર છે ત્યાં

૧૭

Nearer my Home.

આજતો કાલે કરતાં છું ઇશુની પાસે
૧ મન મારામાં વીચાર આવે છે વારંવાર
કે મોતનો કાળ જ્યારે આવશે જોઇશ મારો તારનાર
ટેક–ઇશુની પાસે ઇશુની પાસે
આજ તો કાલ કરતાં છું ઇશુની પાસે
૨ બાપના ઘરની પાસે જ્યાં મુકામ છે તૈયાર
ને મહા રાજ્યાસનની પાસે જ્યાં ઇશુ છે બેસનાર
૩ જીવનની તેંડ પાસે જ્યાં સઘળું યુદ્ધ બંધ થાય
ને આ જગત મુકી જઇશ રહેવા સ્વર્ગની માંહાય

૧૮

The golden street

હાં હું સુખી થયો
૧ યુદ્ધ કરવા પછી, હુલ્લડમાંથી

જાઇશ નીકળીને જયમાં તે દહાડે
ઉભો રહીશ ત્યારે સામને સ્વર્ગને દ્વારે
માર્ગ સોનેરીમાં ચાલવાને
ટેક—હા ! હું સુખી થયો, હા ! હું સુખી થયો:
મારાં સઘળાં પાપ, ઇસુએ ધોયાં છે:
ઇશુએ ધોયાં છે ઇશુએ ધોયાં છે
આકાશમાં પણુ જાઉંછું હું જયમાં તે દહાડે
૨ મારી શોધ કરનાર દુત ઉઘાડશે દ્વાર
મને શુદ્ધ જોઇને રજા તે આપશે;
તરત હું માંડું જઇશને હું હરખાઇશ
માર્ગ શોનેરીમાં ચાલીને
૩ ત્યારે ઇશુને પગે લાગીને
પહેલો પડીશ હું, કહીશ પ્રેમ તેના
જેના લોહીથી મુક્તિ હું પામ્યો
માર્ગ સોનેરીમાં ચાલવાને
૪ ત્યારે સીપાઇઓને ઘણા ઓળખીને
મુક્તિફોજવાળા હું હાલેલુયા
કહીશને હમે ફોજ ચડાવીને
મારગ શોનેરીમાં ચાલીશું,
૫ તે દેશના રાજા, મને આપશે જગ્યા
એક મકાન રહીશ સદા ત્યાં
છે સોનું નલી તેનું;
માર્ગ સોનેરીમાં રહેવાને
૬ હમે ગાઇશું,ને પોકારીશું
સભા પણ થશે ત્યાં આખો દહાડો
નથી કોઇ મરનાર દુ:ખના કોઇ સહેનાર
માર્ગ સોનેરીના રહેવાશી

૧૯

Oh for a thousand tongues.

ઓ ઇશુના લોહી

૧ હે કે હજારો જીભોથી સ્તુતિ તારી ગાઉં
મહીમાને કીરપા તારી હું સદા દેખાડું
ટેક—ઓ ઇશુના લોહી ઇશુના મુલવાન લોહી
ઇશુના મુલવાન લોહીથી હું થયો છું સફેદ
૨ હે ધણી મારા પરમેશ્વર હું કરૂં તારૂં કામ
ફેલાવું આખા જગતપર તારૂં પવિત્ર નામ
૩ ઇશુનું નામ ખસાડે છે સઘળાં હમારાં દુઃખ
કષ્ટ કરનારને આપે છે, સફાઇ તથા સુખ
૪ પાપના ફાંદાથી ઇશુએ હમને છોડાવ્યા છે.
ને સર્વે લાચાર પાપીઓની તે ખબર લે છે
૫ ઇશુની વાત સાંભળો બેરાં હે મુગાં ગાઓ ગીત
હે આંધળાં જુઓ,ને લંગડાં હરખે કુદશો ખચીત

૨૦

Saints of God lift up your voices.

સીપાઇઓ દેવના પોકારો

૧ સિપાઇઓ દેવના પોકારો દેવની સ્તુતિ;
દુતોની સાથે રાગ કહાડો દેવની સ્તુતિ
આગળ જાઓ સ્તુતિ ગાતા સ્વર્ગ સુધી જોતા જાતા;
ઇશુ છે મુક્તિ દાતા દેવની સ્તુતિ,
૨ સર્વે જાતને કુલ ઉપકાર માનો દેવની સ્તુતિ
પુરી મુક્તિ મફત જાણો દેવની સ્તુતિ;
ઇશુ મુઓ સઘળા કાજ વધસ્થંભ થયો પ્રાયશ્ચિત;

નાશ કરવા શેતાનનુ રાજ, દેવની સ્તુતિ
૩ લોક હરેક સર્વે ગાએ છે દેવની સ્તુતિ
આખા પૃથ્વીપર થાએ છે દેવની સ્તુતિ
પાપી આવો જલદી થાઓ કાલનો વાયદો ના કરીને
આતી મારી સાથે ગાઓ, દેવની સ્તુતિ

૨૧

All hail the power of Jesu's name.

ઇશુના નામને હો જયકાર

૧ ઇસુના નામને હો જયકાર જગતનો ત્રાતા છે.
આખી પૃથ્વિપર જય તારનાર જયકાર સદા તને
૨ સર્વ કુલને દેશ જાતના લોકો તેના ઉપકાર માનો
અંત સુધી તેને જય હોજો. ઇશુને વખાણો
૩ મુક્તિ પુરી પ્રગટ કરજો સીપાઈ જે છે લડનાર
ઇશુના પગ આગળ નમો. સદા તેને જયકાર

૨૨

My Jesus I love Thee

ઇશુ તારી ઉપર છે પ્રિતી મારી

૧ ઇશુ તારી ઉપર છે પ્રિતિ મારી
છોડી સઘળાં પાપ કરૂં સેવા તારી
હે દયાળુ દેવ મારા મનનો અજવાળ
સૌથી તારા પર મારી પ્રિતિ છે હાલ
૨ આદીથી અંત સુધીનું કરનાર છે પ્રિત
ને મારે કાજ મરી થયો છે પ્રાયશ્ચિત.
તેં સઘળાં દુઃખ સહ્યાં, હે ઇશુ માયાળ

સૌથી તારા પર મારી પ્રિતિ છે હાલ
૩ જીવતો કે મરતો સાંભળું તારી વાણુ
ને જ્યાં લગ છે સ્વાસ તારૂં કરીશ વખાણુ
ને ગઇશ જ્યારે આવશે મરણનો કાળ
સૌથી તારા પર મારી પ્રિતિ છે હાલ
૪ આકાશી મુકામમાં, આનંદી અપાર
ભક્તિ પ્રેમ કરવા હું હોઇશ તૈયાર
પહેરી સ્વર્ગી મુગટ ગાઇશ સદાકાળ
સૌથી તારા પર મારી પ્રિતિ છે હાલ

૨૩

That will be glory

ને તે મને ભરપુર કરશે.

૧ હું નથી જાણતો મોત ક્યારે ચડશે.
ને દેવને મળવા મારે જવું પડશે.
પણ ઇસુ મને તેની પાસે તેડશે.
ને તે મને ભરપુર લાગશે.
૨ હું નથી જાણતો, દુત ગાએ કેવું ગાન
ને વાગશે વાજીંત્રો કેવી મીઠી વાણુ
પણ સઘળાનો સાર થશે "ઇસુ વખાણુ"
ને તે મને સુંદર લાગશે.
૩ હું નથી જાણતો કેવું શોભીતું ઘર
સ્વર્ગમાં મને મળે પણ તે વખતસર
હું પ્રભુને જોઇશ રાજ્યાસન ઉપર
ને તે મને ચલકાટ લાગશે.

૨૪

Jesus the name high over all.

ઇસુ છે નામ સઉથી ઉંચુ.

૧ ઇસુ છે નામ સઉથી ઉંચું, આકાશને પૃથવી પર
માણુસ તેની ભક્તિ કરે, સેતાનને લાગે ડર
૨ જે પાપમાં મરી ગયેલા છે, જીવે છે આ નામે.
સેતાનના ફાંદામાં જે છે તે છુટકો તરત પામે
૩ પાપની સાંકળને તોડે છે ને આપેછે છુટકો
તેના લોહીથી સર્વે છુટે તેથી હુંછું છુટયો.
૪ હે કે સરવ લોક ચાખી જુઓ ઇશુનો પ્રેમ અપાર
આખા જગમાં અજવાળું થાય ને જતું રહે અંધકાર

૨૫

I am Saved.

બચી ગયો બચી ગયો.

૧ બચી ગયો બચી ગયો, મળી મુક્તિ પુરી
પ્રભુએ બચાવ્યો સર્વે પાપથી સર્વે પાપથી
ટેક—હાલેલુયા હાલેલુયા હાલેલુયા થાવ ઇશુને
હાલેલુયા, આમેન
૨ પ્રેમ અપાર પ્રેમ અપાર મને ખ્રીસ્ત કરે છે
કહ્યું મને તેણે “ સુખી રહે સુખી રહે ”
૩ સાફ થયો સાફ થયો હું ભરપુરછું સુખથી
મને ઉધાર મળયો સર્વે દુઃખથી સર્વે દુઃખથી
૪ ગાઓ સ્તુતિ ગાઓ સ્તુતિ હીમત વાન સીપાઇઓ.
દેવની મોટી પ્રીતી વખાણો વખાણો.

૨૬

Strike, Strike for Victory.

જય પામવાને લીધે મુક્તિના સીપાઇઓ

૧ જય પામવાને લીધે, મુક્તિના સીપાઇઓ
હથીઆર પહેરીને, તલવાર ચલાવો
આખી પૃથ્વી ઉપર ઝંડા ઉંચા રાખો
દેવનું રાજ સ્થાપન થાએ, ત્યાં સુધી લડો

ટેક- જય પામવાને લીધે મુક્તિના સીપાઇઓ
જય પામવાને લીધે હમેશાં લડો.
જય પામવાને લીધે અંત સુધી ટકો.
ઇશુ આગેવાન જય મળશે ખરો

૨ જય પામવાને લીધે, ક્રુસના સીપાઇઓ
સુખ ભોગ મુકી દઇને વધસ્થંભ ઉચકો
પહેરો ટોપ મુક્તિનો. આત્માની તલવાર લો
જીતવાથી જીતવાને ખ્રીસ્તને લીધે લડો,

૨૭

We'll be heroes.

બહાદુર થઇશું.

૧ બહાદુર થઇશું બહાદુર થઇશું, જ્યારે યુદ્ધ કરણ થાય
જ્યારે ભારે તોફાન વધારે થાય, હીમત બહુ વધારશે.
હીમત બહુ વધારશે.

પ્રભુથી પ્રભુથી.

૨ જીતી લઇશું, જીતી લઇશું, ઇશુના લોહીથી
અને મરણ સુધી નહી નાસીસું, જ્યારથી જય નહી મળે
જ્યારથી જય નામળે.

પ્રભુથી પ્રભુથી.

૩ ઉપર જઈશું ઉપર જઈશું શત્રુ પણ નાસેછે.
સુરવીરના જેવા લડીશું જ્યારથી સ્વર્ગ નહી મળે.
જ્યારથી સ્વર્ગ નહી મળે.
પ્રભુથી પ્રભુથી.
૪ હાલેલુયા, હાલેલુયા ઇશુના વાહલા છીએ
વધસ્થંભ ગમ જોઈ યુદ્ધ કરીશું પાપને સેતાન સાથે
પાપને સેતાન સાથે
મરણ સુધી મરણ સુધી.

૨૮

My heart is now whiter than snow.

મન મારૂં છે હીમ કરતાં સાફ.

૧ ઇશુની સેવાકરી મારૂં મન નિત શુદ્ધ રહે.
ને મને સદા થાય ખાત્રી, કે ઇશુ માંય વસે.
જાણુંછું ઇસુની વાતથી, પાપથી છોડાવે છે.
ને તેના બળને પ્રેમ થકી, મન બચાવે છે.
ટેક—મન મારૂં છે હીમ કરતાં સાફ, ને પ્રભુ તેમાં છે વસનાર
પાપ મારાં સઘળાં થયાં માફ ને મળ્યો છે પુરો ઉધ્ધાર
૨ ઘણા કહે છે કે પાપથી દુર, કોઇથી નહી રહેવાય
પણ વાત છે અચરતની જરૂર, જ્યારે રસ્તો સાફ દેખાય
જો પ્રભુ બળ મને દેછે, ને તેના હાથમાં થાઉં.
ને તે મને પકડી લે છે કેમ પાપમાં પડી જાઉં

૨૯

Tune--Cleasing for me.

કંઈ ફીકર નહિં

૧ તમારી ઉપર લોકો દ્વેષ કરે કંઇ ફીકર નહી

આબરૂ વગર તેઓ ગણે તમને કંઇ ફીકર નહી
જગત લોક કહેશે કે નાત નીચી છે તેની પાસે હમે નહી જઇએ
ઇશુ જાણે છે તમને નહી ભૂલશે કંઇ ફીકર નહીં
૨ જો સેતાન તમને કેદમાં નાખે છે, કંઇ ફીકર નહીં.
ને પાપી લોક પથરથી મારે છે. કંઇ ફીકર નહીં.
ઇશુનેલીધે તમે ઉભા થાઓ હમેંશાં મુક્તિ ફોજમાં સ્થીર રહે
આકાશમાં તમારૂં ઘર છે ખરૂં કંઈ ફીકર નહી.

૩૦

If the cross we boldly bear.

વધસ્થંભ જો ઉચકીશું.

૧ હે મારા તારનાર તારો પ્રેમ છે પુરો છે અપાર
તે પ્રેમ અપાર. અનંત અવશ્ય દેખાડ્યો મારા પર
ટેક—વધસ્થંભ જો ઉંચકીશું, હમે મુગટ પામીશું,
મરણ નદીની પારે, પ્રભુ ઇશુની પાસે
૨ હું મારૂં મનને મારૂં ધન, જે હોય મારી કણે;
ને મારો જીવને મનનો ભાવ સૌ સોંપું છું તને.
૩ પરાત્પરની જે યોગ્યતા, હું તારામાં દેખું
હું તેના ઉપર ધ્યાન ધરી. સૌ ભરોસો ટેકું.
૪ શરમનો પણ જે મરણ સ્થંભ, તે રાજીથી સહ્યો
તે સંભારી મારો આત્માં, પ્રેમે ભરપુર થયો.
૫ સે પ્રભુ મારાહૈયામાં. રાખું તારૂ સ્મરણ.
ને માર જીવના દહાડામાં, ના ભુલું તારૂં મરણ.

૩૧

Reign, oh reign my Savior.

જય જય ઓ મસીહા.

૧ ઓ મને મળી છે મુક્તિ, પ્રભુની મુક્તિફોજમા.

ટેક—જય જય ઓ મશીહા, જય જય ઓ સ્વામી.
તું પવિત્ર આત્મા મોકલ, તારી મુક્તિફોજમાં
તું પવિત્ર આત્મા મોકલ, તારી ફોજમાં
૨ ઇશુ બીનારને નથી ચાતો, પ્રભુની મુક્તિફોજમા
ઇશુ બીનારને નથી ચાતો, મુક્તિફોજમાં
૩ તે કહે છે પવિત્ર થાઓ, પ્રભુની મુક્તિફોજમાં
તે કહે છે પવિત્ર થાઓ, મુક્તિફોજમાં.

૩૨

Jesus lover of my soul

ઇસુ મુજપર હેત કરનાર.

૧ ઇશુ મુજ પર હેત કરનાર, તું છે મારો વિશ્વાસ સ્થાન
જ્યારે આસપાસ છે અંધકાર. ને જોર કરે, છે તુફાન
દયા રાખી મારા પર, તુફાનથી મને બચાવ
અંતે મારો કબજો કર. તારા રાજમાં મને લાવ
૨ કૃપાપુરી જે છે તારી, મારાં પાપ મટાડે છે.
સફાઇ પૂરી જે છે મારી તારા લોહીથી થાયે છે
ઇશુ મજપર હેત કરનાર, તું છે મારા વિશ્વાસ સ્થાન
જ્યારે આસપાસ છે અંધકાર. તે જોર કરે છે તુફાન

૩૩

Follow, follow, I will follow Jesus.

તારી પાછળ પાછળ હું ચાલુછું

૧ જ્યારે લડાઇ વધારે ને વેરી કરે જોર;
સૌથી આગળ ચાલનાર થઇ, ઇશુ હમને દોર
ભય મુકી દઇને જઇએ, જે જોખમનું છે સ્થાન

ચાલીએ તારી પાછળ ઇશુ આગેવાન.

ટેક—તારી પાછળ, પાછળ હું ચાલુંછું, જે જગ્યા જે દીશા હુકમ આપેતું
તારી પાછળ પાછળ હું ચાલું છું, જે દીશામાં હુકમ તારો એ પ્રભુ

૨ હમારા કરતાં તું પણ છે ભારે કષ્ટ વેઠનાર.
માટે જેમ હુકમ આપે તેમ થાઇશું ચાલનાર
જે રસ્તામાં ચાલીએ છીએ તું ગયો છે ઇશુઃ
એ માટેહમે તારી પાછળ ચાલીશું.

૩ એકલીજ સાક્ષી આપવાથી પ્રતિ નહીં દેખાડું,
પણ ચાલમાં કરણી એથી સઘળાને સમ જાવું
રસ્તામાં હશે ઘણુંજ દુઃખને દેહ પાછી હઠે
પણ તારાથી બળ પામી આગળ ચાલી એ.

૩૪

Let me love Thee Saviour.

ઇશુ મારી ભક્તિ.

૧ ઇશુ તારા પર પ્રેમ કરીશ. ને જીવીશ તારે લીધે
હલકો થાય છે સર્વ ભાર. છુટકો પામુ દુઃખમાંથી
અંધકાર બદલે થાય છે અજવાળ તારી મોટી પ્રિતીથી.

ટેક—ઇશુ મારી ભક્તિ, તુજ પર ફકત થવાદે
કેવળ તારી પ્રિતી. મને સંતોષ કરે

૨ ઇશુ તારા પર પ્રેમ કરીશ. આખા મનની પ્રિતી એ
તારામાં હું આરામ લઇશ, સુખ કે દુખના વખત;
તારા વીના સર્વ નિષ્ફળ ફુલ ચીમળાઇ જાય છે જેવું
જગનો ખજાનો છે પોકળ. પ્રિતી છેજ મુલવાન તારી

૩ ઇશુ તારા પર પ્રેમ કરીશ. પ્રાક્રમી પ્રેમથી જીતું,
સ્થીર રહીને આગળ ચાલીશ. તારી શેવા હું કરૂં.

અંધકારમાં હું તને પકડીશ. દુઃખમાં વિશ્વાસુ રહું
પછી હરખથી તને મળીશ. ને સ્વર્ગના રાજ્યમાં રહું

૩૫

We'll stand the storm it won't be long.

હોય તોફાન હામ રાખીએ.

૧ આકાશમાં લખ્યું મારૂં નામ
જો હોય મને ખાતરી
તો બીહીકને શકથી છે આરામ
ને મનમાં શાંતિ પુરી

ટેક—હોય તુફાન હોય તોફાન હામ રાખીએ.
જલદી લંગર નાખીએ;

૨ જ્યારે દુઃખનું મોટુ હોય તોફાન
ને મોજા જોર કરે
શી બીક મને થાએ સમાધાન
કે જાઉં દેવની પાસે.

૩ ત્યાં સદા કાળ કરીશ આરામ
સ્વર્ગી સુખના વાસમાં
ને દુઃખને શોક મને નહી થાય
જ્યારે જઇશ આકાશ.

૩૬

Shadrack, Meshek and Abeilnego.

સાદ્રાક મેશાક તથા અબેદનેગો.

૧ પ્રભુ પોતે જેના પક્ષમાં વેરીથી શું થાશેરે:
પથ્થર ફેંકે પાપીઓ તો ફુલ થઇ વેરાશેરે:

૨ સાદ્રાક, મીશાક અબદનીગો, અગ્નિમાં હોમાયોરે:

સાતગણી ભઠી સળગાવી, તેમાં કેમ કદાશેરે;
૩ વળી શેતાનને હરખ ઘણો, હગણાં બળી જાશેરે:
ગોલીઆથ સરખા ગલા બળીઓનો આપ બળેશું લડશેરે;
૪ શીર છેદન નો દાઉદે કીધું, માંસ પક્ષીઓ ખાધુંરે;
ડગ મગ ખાલાં શીદ કરો છો, ધાર્યું ધણીનું થાશેરે;
૫ કાળાનો વળી કેશ બનાગા ધોલા કોણથી થાશેરે;
ચીચી કરતી ચલીઓ બનાવી ઉડી ફરે આકાશેરે;
૬ શત્રુ તેના અનેક ફરે છે હુકમ વગર કેમ મરાશેરે;
ગુરૂ અગ્નિની તોપ ચલાવો, વૈરી વશ થઇ જાશેરે;
૭ લાખો માણસ પાપથી ફરી વેહેલા મુક્તિ પામશેરે;
જન્ન ખંડમાં બાગે મહીમા, ઇસુનો દેખાશેરે;

૬૭

The Sun of Truth.

સત્યનો સુર્ય.

ભૂજંગી છંદ.

૧ અહો આજનો દીન છે ખુબ સારો:
પુરા પ્રીતના તેજથી ચળકનારો;
રહ્યું તેજ વ્યાપી પુરી પ્રીતનું જે;
ઉગ્યો સત્યનો સુર્યમાં ખ્રીસ્ત આજે,
૨ હતી રાત સોહામણી દીન જેવી.
જુઓ માનવો દેવની પ્રીત કેવી;
હતો દેવ પોતે થયો માનવી જે;
ઉગ્યો સત્યનો સુર્યતો ખ્રીસ્ત આજે;
૩ ભરી ભેદની દુતોની સુભ પ્રસંગે;
કરે ગ્યાન ત્રાતા તણું તો ઉમંગે.

દોડયા આ હીરો પુરમાં જોવા કાજે;
ઉગ્યો સત્યનો સુર્યતો ખ્રીસ્ત આજે;
૪ ઉગ્યુ ત્રાણનું શીંગડું શુભ ડાળી;
ફુટી જડ યશીમાંથી ત્રાણ વાળી;
ઉગ્યો શુભ તારો પ્રકાશે પ્રભાતે.
ઉગ્યો સત્યનો સુર્ય તો ખ્રીસ્ત આજે;
૫ ખરા સંત સાધુ કરો સેવ સારી;
ધણી સ્વામીએ દાદ સુણી અમારી;
લઇ જન્મ આવ્યો પુરા ત્રાણ કાજે;
ઉગ્યો સત્યનો સુર્યતો ખ્રીસ્ત આજે;
૬ પુરા પ્રેમથી સ્વામીને શીશ નામું;
પ્રભુ રહેમથી સ્વર્ગનો ઠામ પામું;
કરો સેવાના સંત હો ખ્રીસ્તના જે;
ઉગ્યો સત્યનો સુર્યતો ખ્રીસ્ત આજે;

૩૮

Worship.

સેવા.

ટેક—નમન કરૂં છું નમન કરૂં છું.
ઇશુ ખ્રીસ્તના પગની પાસે નમન કરૂં છું.
૧ મુક્તિ મળી છે મને મુક્તિ મળી છે.
પ્રભુ ઇશુ ખ્રીસ્તના લોહીથી.
મુક્તિ મળી છે.
૨ સ્વર્ગમાં જાઉં છું હું સ્વર્ગમાં જાઉં છું.
ઇશુ ખ્રીસ્તની શક્તિએ.
હું સ્વર્ગમાં જાઉં છું

૩ મને તૈયાર રાખ ઇશુ મને તૈયાર રાખ.
તારી મોટી દયાએ.
તું મને તૈયાર રાખ.

૩૯

The Salvation Army.

મુક્તિ ફોજ.

૧ ધન્ય ધન્યરે ઇશુ નામ, તમારૂં કામ પ્રભાતે વખાણ્યું;
આ મુક્તિ કેરૂં ધન, જગતમાં આણ્યું;
૨ તને પહેરાવ્યાં જાંબુરી વસ્ત્ર, માથે મુકયો ટોપ, ઉપર જઇ ચુક્યાં
ધન ઇશુ તારૂં નામ, તોયના ચુકયા;
૩ આવ્યા તારા લોક, કરવા તારૂં કામ દેશો દેશ ફરશે;
તારી મુક્તિની સુવાર્ત્તા ઘેરે ઘર કહેશે;
૪ તેમણે ઝાલી ધજા હાથ, લીધી ખંજરી સાથ પડઘમ વાજે;
ધન્ય ઇસુ તારૂં નામ, ગગનમાં ગાજે;
૫ કાંઇ છે ફોજ, મારે છે લોક બીગલ સાથે વાગે;
એ ઉંઘેલા લોક પાપીઓને જગાડે;
૬ તારી મુક્તિ દેશમાં, પ્રગટ કીધી નામ ઘણું ફેલાયું;
ધન્ય ધન્યરે ઇસુ નામ, જગતમાં આવ્યું.
૭ પ્રભુ ઇસુ અંતે હાજરી લેશે ત્યાં ઉત્તર શા દેશો;
આ મુક્તિ કેરા લાભ, આવ્યો ના ખોશો;

૪૦

Joy in the Lord.

પ્રભુમાં આનંદ.

પ્રભુ તારા રાજમાં કોણ જાશેરે; એ રાગ.
પ્રભુ તારાં રાજમાં હરખાઉંરે; ટેક.

૧ શુભ કીર્તન હરખથી ગાઉં રે,
પુરો પ્રેમ હૈડામાં લાવું રે,
અંતે હરખાતાં હરખાતાં આવું, પ્રભુ.
૨ મનડાંનું મંદીર બનાવું રે,
પુરા પ્રેમ પ્રભુને વધાવું રે;
બલીહારી પ્રભુની જાઉં, પ્રભુ.
૩ સ્વદેશમાં પહોંચી જાઉં રે,
દુનિઆમાંથી છુટો થાઉં રે,
અમરધામનોવારસો પાઉં પ્રભુ.
૪ પાપો વીશે ઘણો પસ્તાઉં રે.
પાપ ફાંદામાં નહીં ફસાઉં રે;
પણ ઇશુના લોહીમાં નાહું. પ્રભુ.
૫ ભાઇઓ ચેતો તમને ફરમાવું રે,
અંતે પડશે તમને શરમાઉં રે;
બળતી આગમાં પડશે જાવું. પ્રભુ.
૬ કર જોડીને કહું છું દાસરે,
જગ ત્રાતાપર કરજો વીશ્વાસ રે;
નહી થવા દે તમને નીરાસ. પ્રભુ.

૪૧

Destruction of Pharoah.

ફારૂન રાજા.

ફારૂનરાજારે ફારૂનરાજા આપ હાથે હઠીલો ફારૂન રાજા
૧ લાકડીનો સાપ કીધો પુંછડી પકડ
છોડ મારા લોકને કે થાય ધડા ધડ. આપ૦
૨ પહેલાં આવ્યાં દેડકાં કરે કુદાકુદ

છોડ મારા લોકને કે થાય ધડા ધડ. આપ.
૩ પછી આવી માંખો કરે ભમા ભમ
છોડ મારાં લોકને કે થાય ધમા ધમ આપ.
૪ પછી આવી જુઓને કરે કઇડા કઇડ
છોડ મારા લોકને કે થાય ધડા ધડ. આપ.
૫ પહેલું આવ્યું રગત પછી આવી મરકી
છોડ મારા લોકને કે થાય નાશા નાશ. આપ.
૬ રસ્તે જતાં રથ ભાગ્યો, થયું તુટા તુટ,
છોડ મારા લોકને કે થાય ડુબા ડુબ આપ.

૪૨

Joy.

આનંદ.

૧ કેવો આનંદ મારો મોંઢથી નહિ કહેવાય
પ્રભુ ઇશુની દયા થકી મારાં સઘળાં પાપ ધોવાય
૨ ભેગા થઇશું ગીતો ગઇશું આનંદ કરીશું
મજ કાજે આવ્યો સ્વર્ગ છોડી તેને ભજીશું
૩ પાપને સંકટ નર્કનું દુઃખ ગયાં ઇશુથી
ઓ પ્રભુ ઓ પ્રિય પ્રભુ હું પાછો આવ્યો તુજ થકી
૪ ઇશુ ખ્રિસ્તની દયાથી હમે ભેગી ગયા છીએ
માટે તેના મહિમા હમે પ્રગટ કરીએ છીએ
૫ સોનેરીને ઉજળા વસ્ત્ર સ્વર્ગનાં પહેરીશું
ધજા ઉડાવી જયની સાથે ગીતો ગાઇશું

૪૩

Comfort in Christ.

ખ્રીસ્તથી ઉદ્ધાર

ભુજંગી છંદ

૧ હતો બાળ હું આજ સુધી અજાણ્યો,
અને પાપના પ્રેમને મેં વખાણ્યો;

હવે હું જાણીતો થયો આજ આજે,
સચ્ચું મૃત્યુ ખ્રીસ્તે પુરા દીન કાજે.

૨ હતો જીવ જોખમમાં ખુબ મારો,
અને ઉગર્યાનો નહોતો એકે આરો,
સુણી મીઠી વાણી થયો શબ્દ આજે,
સચ્ચું મૃત્યુ ખ્રીસ્તે પુરા દીન કાજે

૩ હતી વાટ બીહામણી મુજ માટે
અને નર્ક ખાડે ઘણું દુઃખ થાતે
કરી પ્રીત દેવે જનો પર ઘણી જે
સચ્ચું મૃત્યુ ખ્રીસ્તે પુરા દીન કાજે

૪ અરે હું ઘણો ખ્રીસ્તનો પાડ માનું
પુરા પ્રેમથી સ્વામીને શીશ નામું.
કરો સેવના સંત હો ખ્રીસ્તનાજે
સચ્ચું મૃત્યુ ખ્રીસ્તે પુરા દીન કાજે

SAINTS CHORUSES.

મુક્તિ પામેલાઓનાં ટેકો.

૧

I'll take another look at the Cross.

રે હું કાલ વરી અને ફરી જોઇશ.
ને મુલ્યવાન લોહીમાં ફરી નાહીશ.
સફાઇ ને શક્તિ છે,
હર ઘડી જય પામવાને.
જયારે દેવની સાથ હમેશ રહીએ છીએ.

૨

I am clinging to the Cross.

વધસ્થંભને પકડું છું વધસ્થંભને પકડું છું.
વધસ્થંભને પકડું છું " "

૩

I'll stand for Christ.

ખ્રિસ્તને સારૂ, ખ્રિસ્તને સારૂ.
હમેશ હમે લડીશું,
જ્યાં ઇસુ હમને ચલાવે છે.
ખ્રિસ્તને સારૂ, ખ્રિસ્તને સારૂ.

૪

Jesus and I.

ઇસુને હું મારો ઇસુ ને હું
એક બીજાના પક્ષમાં મારા ઇસુને હું
વધસ્થંભ ,ગમ જોઇને, જગત મુકી દઇને
એક બીજાના પક્ષમાં સદા રહીશું

૫

Oh it was love, twas wondrous love.

કેવી પ્રિતી પ્રિતી અપાર કીધી પરમેશ્વરે
કે ધર્યો પૃથ્વીપર અવતાર મારો બચાવ કરે.

૬

I want to see the shining Angels.

દુતો ને હું જોવા ચાહુ છું, સ્વર્ગી દુતો સ્વર્ગી દુતો
પણ જોઇ નહી શકીશ, મુક્તિ પામ્યા વગર.

મારે પામી મુક્તિ દેવની કરીશ સ્તુતી.
ને જઈશ મોત પછી, નવા યરૂસલેમમાં;

૭

ઇસુને હું જોવા ચાહું છું ઇત્યાદી.

૮

મિત્રોને હું જોવા ચાહું છું, પ્રિય મિત્રો પ્રિય મિત્ર. ઇત્યાદી

૯

Yesterday to day and forever

આજને કાલને સદાકાળ તો ઇસુ પ્રેમી છે.
આપણા મન તો બદલી જાય પણ ઇસુ બદલે નહી
ઇસુ પ્રેમી છે ઇસુ પ્રેમી છે, આપણાં મન તો બદલાઇ જાય
પણ ઇસુ બદલાય નહી.

૧૦

He gave me joy where once was woe.

સુખ કોણે આપ્યું દુઃખ બદલી, રોગ આત્માનો દૂર કરીને
હા કોણે મુક્તિ આપી છે, ઇશુએ ઇશુએ.

૧૧

Oh it is glory.

મારા મનમાં, મારા મનમાં, મારા મનમાં છે પુર્ણ સુખ
જ્યારની મને મુક્તિ મળી, ત્યારથી મટયુ બધું દુઃખ.

૧૨

No never alone.

ના કદીના કદી એકલો (એ વક્ત)
એકલો હું કદી નહી તજીશ.
નહી તજીશ એકલો.

૧૩

Oh the light of the world is Jesus.

હા, જગતનો પ્રકાશ તે ઇશુ,
જગતનો પ્રકાશ તે ઇશુ;
આવીને તેની પાસ.
છોડીને બધાં પાપ
ઇશુ તમારો છે અજવાળ.

૧૪

A little talk with Jesus.

થોડી વાતો ઇશુ સંગે મનને રાખે શાંત.
થોડી વાતો ઇશુ સંગે મનને રાખે શાંત.
દરેક પરિક્ષણ મધે ઇશ્વરસ્તુતિ મનને મળે
થોડી વાતો ઇશુ સંગે આપે છે શાંત.

૧૫

There's no one like Jesus can cheer me today.

ખરો મિત્ર મારો છે ઇશુ તારનાર
પોતાની પ્રિતીથી નથી ખસનાર
ને દુઃખમાં ને સુખમાં છે પ્રિતી રાખનાર
પ્રભું ઇશુ છે સદા કાળ મારો.

૧૬

His yoke is easy.

તેની ઝુંસરી સહેલ તેનો બોજ હલકે:
એવું મને મલે, એવુ મને મલે
રાતના કે દીવસના મુજને દોરે છે
જ્યાં જીવતાં ઝરણુ વહે છે.

૧૭

Some through the water.

કંઇક પાણી મધ્યે અને કંઇક રેલ મધ્યે
અનેક આગ મધ્યે પણ સર્વ રક્ત માહે
કઇંક ઊંડાં દુખમાં પણ ગાયન સાથે
પ્રિય ફૌજ ને દેવ ચલાવે છે.

૧૮

"Oh I am happy".

હા હું છું સુખી ઇશુ છે સાથ વસનાર.
આકાશી દેશમાં ચાલું છું મોતના દરીયાની પાર

૧૯

When the Chariot's lowering.

જ્યારે રથો ઉતરે તો મને પાપ નથી
દુતો ફરયો કરે અને અંદર લેશે
ઇસુ ઇસુએ મારા પાપ ધોયાં છે
ઇસુ ઇસુએ હુ જાણું છું તેમને મહે લેશે.

૨૦

Always cheerfull.

સદા આનંદમાં નીરાસ કદી નહિ
કીરણ આસપાસ જોઉં છું
પુરણ સંકટ છે કામની મારી વાટ
ને પુરણ સુખમાં સદા રહું

૨૧

There's no one like Jesus can cheer me to day.

ઇસુ જેવો કોઇ નહિ ખુશ કરનાર મુજને
તેની પ્રિતિ તેની માયા કદી કરમાશે નહિ,
શીયાળે ઉનાળે તાપમાં કે વરસાદે
મારા તારનારની પ્રિતિ હમેશ સરખી છે.

૨૨

I am going to be an angel by and by.

હા થોડી વાર હા થોડી વાર પછી
દુત થવા જાઉં છું થોડી વાર પછી
દુત થવા જાઉં છું થોડી વાર પછી
દુતથવા જાઉં છું થોડી વાર પછી
જીતનારની નીશાન હાથમાં લઇને.

૨૩

I have anchored my soul in the Haven of Rest.

આકાશી વિશ્રામે મારો આત્મા લંગર્યો છે
દરિઆ મધે હવેના હંકાર હવેના હવેના
પણ ઇસુમાં સલામત છું સદાકાળ સદાકાળ
પણ ઇસુમાં સલામત છું સદાકાળ

WAR.

યુદ્ધના ગીતો.

૧

God is keeping his soldiers fighting.

હમે કદી કદી નહિ નાસીશું.

૧ દેવ સીપાઇને રાખે લડતાં,
હમે છીયે હમેશા જીતનાર;
જુઓરે લોકને પાપમાં સડતાં
તો પણ જય છે હમારી પોકાર.
હરાવવા સૈતાન કરે ઘનેર.
ને રોકવા જગ કરે શારો;
પણ લાલ ઝંડા સદા ઉડસે;
હમે નહીં નાસીશું.

ટેક—હમે કદી, કદી નહીં નાસીશુ.
કદી નહીં, કદી નહીં,
હમે કદી કદી નહીં નાસીશુ;
કેમકે નક્કી જય પામવા હમને છે ખાત્રી.

૨ જય વાળા ત્રાતાની પાછળ ચાલી
પાપીને તારવા યુદ્ધ કરીશું.
લોહીને આગની ધજાને ઝીલી.
જીતીશું અથવા મરીશું.
જગપર ફેલાવી પવિત્રાઇ.
ચોગમ કરીશું લડાઇ.

ને લાલ ઝંન્ડા સદા ઉડશે:
હમે નહી નાસીશું;
૨ દરેક જાતને લીધે છે મુક્તિ.
ને સઘળા કરે ખ્રીસ્તની ભક્તિ;
તોડી નાખી સૈતાનની યુક્તિ,
દેખાડીશું દેવની શક્તિ.
જગને જીતીશુ ખ્રીસ્તને કાજ,
પાડી નાખો પાપનું રાજ,
ને લાલ ઝંડા સદા ઉડશે
હમે નહીં નાસીશું;

૨

The Salvation Army is marching along.

આગળ ચાલો. ચાલો.

સીપાઇ આવે છે પાસેથી એ રાગ.

૧ હે શુરવીરો જુઓ લડાઇ ભારે.
રોજ રોજ થતી જાય છે વધારે
બાંધો તલવાર અને પકડો ભાલો
ખ્રીસ્તને લીધે લડવા આગળ ચાલો
ટેક—આગળ ચાલો આગળ ચાલો,
ખ્રીસ્તને લીધે લડવા આગળ ચાલો
જય પામીશું ખ્રીસ્તના પુરા બળથી
ખ્રીસ્તને લીધે લડવા આગળ ચાલો.
૨ તારણનો ટોપ પહેરો માથા ઉપર
વિશ્વાસની ઢાલ ન્યાયપણાનું બખતર
યુદ્ધ પુરૂં કરીને સ્વર્ગમાં ચાલો.

ખ્રીસ્તને લીધે લડવા આગળ ચાલો
૩ ધૈર્યવાન થાઓ અને હીમત રાખો
શત્રુના બળને પાડી નાખો,
સેતાનને જીતવાને ઘેરો ઘાલો
ખ્રીસ્તને લીધે લડવા આગળ ચાલો,
૪ જુઓ આકાશમાં કેવાં સુંદર તાજ
લડનાર મનુષ્યને મળે સ્વર્ગી રાજ
યુદ્ધ કઠણુ હોય. ત્યારે ખ્રીસ્તને ઝાલો
ખ્રીસ્તને લીધે લડવા આગળ ચાલો.

૩

All hail I am saved.

જય ! જય! ઇશુ જય ! જય ! ઇશુ.

૧ વધસ્થંભના સીપાઇઓ યુદ્ધમાં ચાલો
બધી ચીજને ધુળ ગણો યુદ્ધમાં ચાલો
ટેક— જયજય ઇશુ જયજય ઇશુ તું છે મારો મુક્તિદાતા
૨ લડો વીશ્વાસની લડાઈ, યુદ્ધમાં ચાલો
ત્યારે ઇશુ આપશે જય યુદ્ધમા ચાલો
૩ ઇશુ દેવના નામ થકીં યુદ્ધમાં ચાલો
નરક સાથે સામા થઇ યુદ્ધમાં ચાલો

૪

Right away.

ઇસુને લીધે લડીશ, લડીશ.

૧ હરગામને દેશમાં સેતાન છે.
પણુ મુક્તિફોજ જીતી લેશે— વર્તા તર્ત.

ટેક–ઇશુને લીધે લડીશ; લડીશ, લડીશ;
હરગામને દેશમાં હું ચલીશ
ને તેને લીધે લડીશ લડીશ લડીશ
મોતસુધી સદા લડીશ.
ઇસુની પાસે આવો આવો, આવો,
ઇસુની પાસે જલદ આવો.
ને પાપની માફી પામો પામો પામો પામો
તર્ત પાપની માફી પામો

૨ ઉત્તર દક્ષિણ લડીશ સેતાન સાથ
ને પુર્વ પશ્ચિમ, દીનો રાત– તર્ત્ત તર્ત્ત.

૩ હમારી ફીકર એકજ છે.
કે બધા લોક મુક્તિ પામે તર્ત્તા તર્ત.

૪ જો હમણાં માફી પામે કોઈ,
તો આપે સાક્ષિ પોતાની–તર્ત્તા તર્ત.

૫ પુરૂશને સ્ત્રી, છોકરો પણ
સિપાઇ થાય હરેક જણ–તર્ત્તા તર્ત્ત.

૬ નકામાં માલાને તસબીર
હું છોડીશ લોલકને બંગડી–તર્ત્તા તર્ત્ત.

૭ હું છોડીશ અફીણને દારૂ
ને છીંકણી હુકો ને તમાકુ–તર્ત્તા તર્ત્ત.

૫

I belive we shall win.

ખાત્રી છે જીતીશું.

૧ વેરીને જીતવાને ટોળીછીએ, જો ઇશ્વરના બળથી લડીશું
આત્માની તળવાર ચલાવીએ, પાપીને ખ્રીસ્તની ગમ લાવીશું

ટેક—ખાત્રી છે જીતીશું; જો ઇશ્વરના બળથી લડીએ.
૨ બહાદુરને બળવાન છે વેરી, ઉલટો તો જોર કરે અપાર
પણ ખ્રિસ્ત જે છે પાસ હમારી, વેરી ઉપર છે જય પમાડનાર
૩ તારણનો ટોપ મુકી માથાપર, હાથમાં લઇશું અમે તલવાર
પહેરી ન્યાયપણાનું બખતર, વેરીસામા થઇશું લડનાર.
૪ લડીએ હમે મરણ સુધી, હાથમાં ઝાલીને જયનું નિશાન
સંભળાવીશું ખ્રિની ઇશુની, કે પાપીઓ પામે મુક્તિ દાન

૬

All round the world.

ઉડાવો ઉડાવો ધજાને ઉડાવો.

૧ આખા જગમાં ચાલે છે ફોજ મુક્તિ.
આખા જગમાં પામે છે લોક મુક્તિ
આખા જગમાં સીપાઇને બલવાન બને.
મુક્તિની ધજાને ઝાલીને ઉડાવો.
ટેક—ઉડાવો, ઉડાવો, ધજાને ઉડાવો.
જગના છેડા સુધી ધજાને ઉડાવો.
૨ આખા જગમાં લડાઇમાં ચાલીએ.
આખા જગમાં ફોજને ચડાવીને.
આખા જગમાં વાગે છે વાજીંત્રો.
ખ્રીસ્તને લીધે મુક્તિ ધજાને ઉડાવો.
૩ આખા જગમાં છે. ખ્રીસ્તનો પ્રેમ અપાર.
આખા જગમાં વહે છે. લોહીની ધાર.
આખા જગમાં તેમાં નાહે લોકો.
લોહી તથા આગ થકી ધજાને ઉડાવો.

૭

Marching on in the light of God.

ઇસુ મારો તારણ હારો.

૧ આસપાસ છે કેવું અજવાળું, ચાલીએ તેમાં ચાલીએ.
જે માર્ગમાં ગયો ઇશુ તેમાં ચાલીએ હમે.
સ્વર્ગી મુગટ સોનેરી, સતાર જે મને અપાશે.
સાફ વસ્ત્ર મહેલમાં રોશની, સૌ મને ત્યાં મળશે.
ટેક—ઇશુ મારો તારણહારો, વાળયું મારૂં રૂણ.
વધસ્થંભપર કીધું મારૂં માફ.
૨ યુદ્ધ કરતાં ચાલે છે સિપાઇ.
સ્વામી ખ્રીસ્ત અંતઃકરણની માંય
દુઃખ પામીને બધાં સમાંથી, વેર નથી પણ પ્રીત પૂરી
સ્વર્ગી મુગટ સોનેરી. સતાર જે મને અપાશે,
સાફ વસ્ત્ર મહેલમાં રોશની, સૌ મને ત્યાં મળશે

૮

Salvation's coming clear the way.

મુક્તિફોજ આવે છે ખસી જાવ.

૧ આખા જગતને ઘેરીને, સિપાઈ મુક્તના ચાલો.
સેતાન કાંપે છે જોઇને મુક્તિફોજ આવે છે ખસી જાઓ.
ટેક—મુક્તિફોજ આવે છે ખશી જાઓ, મુક્તિફોજ આવે છે તોપ ચલાવતા.
પ્રભુ જગને જીતી લેશે મુક્તિફોજ આવે છે ખશી જાઓ.
૨ જીતવાને આવે છે સિપાઈ, જય છે પોકાર તેનો.
સેતાન ઉપર પામવા જય, મુક્તિફોજ આવે છે ખશીજાઓ
૩ આગળ ચાલે છે મુક્તિફોજ સીપાઈ સાથે લાખો
વધારે છે તાણુતી રોજ રોજ, મુક્તિફોજ આવે છે ખશીજાઓ

૯

So we'll lift up the banner on high.

ઝીલો ઝીલો સીપાઇઓ.

૧ ધરતી ઉપર કરો પોકાર, પરમેશ્વરની સ્તુતિ.
ધજા તળે થશે જયકાર, મને મળી મુક્તિ.
ટેટ— ઝીલો ઝીલો સિપાઇઓ, આ મુક્તિ ધજાને.
મોત સુધી સર્વદા લડો તમે તેની તળે.
૨ પ્રગટ કરૂં મુક્તિ પુરી, સઘળા લોકની આગળ.
યુદ્ધ પણ કરૂં મરણ લગી, પામી આકાશી બળ.
૩ સીપાઇઓ મુક્તના લડતા જાઓ, થાઓ બહુ હિમતવાન.
જગત દેવને લીધે જીતો, ઇશુ છે આગેવાન.

૧૦

The Army will be ready.

ફોજ હમારી તૈયાર થશે.

૧ ફોજ હમારી તૈયાર થશે તે દહાડે તે દહાડે.
૨ પાપીઓ તમે શું કરશો તે દહાડે.
૩ રોરો કેટલું તમે કરશો તે દહાડે;
૪ તમે કેમ પસ્તાવો કરશો તે દહાડે ?
૫ હમે ઇસુને જોઇશું તે દહાડે.

૧૧

The Salvation Army is marching aloneg.

યુદ્ધમાં ચાલો.

૧ સિપાઇ આવે છે પાસેથી ચારો.
યુદ્ધને વાસ્તે વાગે છે વાજીંત્રો.
યુદ્ધતો કઠણ છે. પણ તલવારને લ્યો.

મુક્તના સીપાઇઓ બધા યુદ્ધમાં ચાલો.
ટેક—યુદ્ધમાં ચલો યુદ્ધમાં ચલો.
મુક્તના સીપાઇઓ બધા યુદ્ધમાં ચલો,
ઇશુને જય છે જંગીપોકાર.
મુક્તના સીપાઇઓ બધા યુદ્ધમાં ચલો.
૨ ધજાની તળે લડવા થાઓ તૈયાર.
સરવ પાપથી છે મુક્તિફોજનો પોકાર.
દુશ્મન જોર કરીને, સામા આવતા જો.
મુક્તના સીપાઇઓ બધા યુધમાં ચલો.
૩ આવો મુક્તિફોજમાં વીલંબના કરો.
અરપણ થવાનો વખત જાય છે ખરો
લડાઈ વધે છે. પણ બીક ના રાખો.
મુક્તના સીપાઇઓ બધા યુધમાં ચલો
૪ આવો મુક્તિફોજમાં દેવ જય પમાડશે.
સર્વે જાતના લોકો ઇશુને નમશે
ઇશુ જગત્રાતાને સદા જયકાર હો.
મુક્તિના સીપાઈઓ બધા યુદ્ધમાં ચલો.

૧૨

Pull Soldier pull.

લડો સીપાઇ લડો

૧ ફોજમાં છીએ લડનાર, કપ્તાન છે ઇશુ.
સર્વ પાપથી હમને બચાવે છે.
જગતનું અજવાળું પ્રગટ કરીશું.
ઇશુ ખરો તારનાર છે.
ટેક—લડો સીપાઇ લડો લડો મરણ સુધી.
લડો સીપાઈ લડો મુગટ પામીશું પછી

પ્રાર્થના કરતાં લડાં ગીત પણ ગાઇને.
રાતને દીવસ લડીશું અમે.
૨ બીંગલને વગાડો, ફોજની તલવાર ચલાવો;
ઇશુ પાપથી તારી શકે છે.
લોહીને આગની ધજા ઉંચી કરીશું.
આગળ ચાલો ફોજ ચડાવાને.
૩ વઇરીઓ વધારે, તો પણ લડીશું.
ઇશુપર ભરોસો રાખીને
વઇરીઓની ઉપર, જયનો પામીશું.
આખું જગત જીતીશું અમે.

૧૩

We will roll the old chariot along.

મુક્તિફોજનો રથ અમે દોડાવીશું

૧ મુક્તિફોજનો રથ અમે દોડાવીશું,
તેને કદી નહી રોકીશું
૨ તારી મદદથી પ્રભુ અમે દોડાવીશું તેને કદી નહી રોકીશું
૩ આખા મનથી ઓ ભાઇઓ તેને દોડાવો.
ને કદી નહી રોકીશું.
૪ જો સેતાન આડો થાય તે પર દોડાવીશું.
તેને કદી નહી રોકીશું.

૧૪

We are Marching on to war.

પણ હું યુદ્ધમાં જાઉં છું.

૧ ફોજ મુક્તિની ચાલે છે, ઘેરવા સૌ જગત.
લોહીને આગની ધજાથી, લોક અચરત પામે છે.
પસંદ કરે ન લૂગડાં સૈન્યા વેશ છે ના મંજુર.

ને જેટલા હમે કીધાં કામ નકામા છે જરૂર.
ટેક—પણ હું યુદ્ધમાં જાઉંછું જો લોક બકેતો શી ફીકર
હું યુદ્ધમાં જોઉંછુ મશીહ જે મુક્તિ દાતા,
હમારો છે સરદાર, યુદ્ધ બંધ થાય જ્યારે બધા લોક
છે તેના તાબેદાર.
૨ સેંકડો વૃદ્ધને જુવાન સઘળી જાતના લોકો
આ યુદ્ધમાં અરપણ થઇને ગાએ છે આ ગીતો;
જય જય જગતના તારનાર, નામ તારૂં પ્રગટ કરે
સ્તુતિને મહિમા તારાં હો. આખી પૃથ્વી ઉપર.

૧૫

Stand like the Brave

મારે કાજ જય!

૧ સિપાહિઓ આગળ ચાલો દીલથી યુદ્ધને.
ઢાલ પહેરીને ટોપને તરવાર હાથમાં લો
જ્ઞાનની આગળ હિંમત પકડીને જાગો.
બહાદુર જેવા વૈરી સામા ઉભા થાઓ
ટેક—મારે કાજ જય ગાઓ તારનારના સોબતીઓ.
મારે કાજ જય ઈશુના સાથીઓ
૨ આસ પાસ અંધકાર ઘેરાય તમારે શત્રુ.
પણ કીરપા વધારે તમને આપશે ઈશુ.
જોખમના સ્થાનમાં નિર્ભયથી ગીત ગાઓ.
બહાદુર જેવા વૈરી સામા ઉભા થાઓ.

૧૬

What never run away.

તમે નાસી જશો શું?

૧ જગ તારવા અમે ચાલીએ છીએ, જોર કરે છે શત્રુ,
ન થાકીએ પણ લડીને, અમે કદી નહી નાસીશું

ટેક–તમે નાશી જશોશું? કદી નહી નાશીશું;
સેતાનની સાથે લડીશું, ને કદી નહી નાશીશું
૨ છે આગને રક્તથી યુદ્ધ સક્ત સેતાનને મારીશું.
દેવ હમારી સાથે છે હમે કદી નહી નાશીશું
૩ ધજાની તળે લડીશું, ઇસુને માનીશું.
જેમ તે મુઓ જગને લીધે. હમે કદી નહી નાસીશું

૧૭

Storm the forts of darkness.

રાજ સેતાનનુ પાડો કરો નાશ.

૧ મુક્તિના સીપાઇઓ યુદ્ધનો દીવસ આવ્યો છે,
વૈરીઓમાં શું ઉંઘશો ! જય મળશે લડનારને,
જ્યારે લોક નાશ થાય છે, રહેશો શું ત્યાં બેશીને?
ફોજની ધજાની તળે લડો ઇસુને લીધે.
ટેક–રાજ શૈતાનનું પાડો કરો નાશ નાશ અંધકારનું રાજ ઉલટાવો
જે જગ્યા તેને જોશો રાજ સેતાનનું પાડો કરો નાશ.
સ્તુતી સદા થાઓ ઇસુને મુક્તિદાતા જે હમારો છે.
સ્તુતી ને મહીમાં થાઓ, સદા થાઓ ઇસુને.
૨ નરકની સેના જુઓ છો કેમ તે જોર કરે છે.
તે લોકોની ગણતરી કોણ જે નાશ થયા કરશે.
સાંભળો તેઓનો પોકાર કોણ મટાડશે પાપનો ભાર
કોણ હમારો છે તારનાર, કોણ હમને મુક્તિ આપશે
૩ મુક્તિના સીપાઇઓ, ફોજમાં જે લડનારા
જય સત ગુરૂની બોલો, જીતીલો હરેક જાતને
ચાલો ફોજ ચડાવીને, લોહીને આગની તળે.
વૈરી નાશી જાએ છે, જયજય થાએ છે ઇસુને

૧૮

As we go marching to glory.

આગળ આગળ ચાલે છે ફોજ મુક્તિ.

૧ મુક્તિ મફત ને પુરી તાણી કરો પોકાર
જગના છેડા સુધી સર્વ સાંભળે આ સમાચાર

ને અજવાળ પ્રકાશે સર્વે પર, ને જતું રહે અંધકાર
ત્યારે સ્વર્ગમાં ચાલીશું.
ટેક—આગળ, આગળ ચાલે છે ફોજ મુક્તિ
લડો લડો કે સર્વે બચે દુઃખથી ને આખી પૃથવી થાય ભર
પરખશ્વરના સુખથી ત્યારે સ્વર્ગમાં ચાલીશું
૨ દેશે દેશને ગામે ગામ ફોજમાં ચાલો સીપાઇ
આકિર્ત્તિવંત દેવને કાજ સદા કરો લડાઇ
કે સઘળા કુલ ભક્તિ ભાવથી જલદી જશે ભરાઇ
ત્યારે સ્વર્ગમાં ચાલીશું.
૩ ઇસુ દયાળુ કીરપાવાન છે સદા દેવ જયવાન
ચોગમ શાંત્તિ ફેલાવી, ફોજ ચાલશે જય પ્રસ્થાન
ને સર્વપાપી પરતાઇને પામશે મુક્તિનું દાન
ત્યારે સ્વર્ગમાં ચાલીસું.

૧૯

Never mind go on.

ફીકર નહી—સ્થીર રહો.

૧ આ યુદ્ધમાં જો તમને થાક બહુ લાગે રસ્તે ચાલતાં કાંટા ઘણાવાગે
ભુંડા લોક પણ તમને ખીવડાવે—ફીકર નહિ—સ્થીર રહો,
બીક મુકીને ચાલો સારી રીતે યાદ રાખો કે આપણે દેવછે પ્રીતિ.
તેના બળથી જે લડે તે જીતે ફીકર નહિ—સ્થીર રહો;
ટેક—ઇસુએ વચન આપ્યું છે "હું તારી સાથેછું"
તેથી ખચીત જાણીએ જય પણ પામીશું.
દેવ છે આપણે આગેવાન, માટે મોત સુધી.
આગળ આગળ ચાલીશું.
૨ દુઃખ આવેતો ઇશ્વરતે મટાડશે, હમેશાં ચાલો ઈસુની પછવાડે,
કાલે પણ યુદ્ધ કઠણ થાય વધારે—ફીકર નહિ. સ્થીર રહો.
આનંદી રહોબીજાને હરખાવશો થાકેલું હોય તેને આપશો દીલાસો
તેથી દેવનુ કામ તમે કરશો. ફીકર નહિ—સ્થીર રહો

WAR CHORUSES.

૧

Forward Soldiers.

આગળ ચાલો શીપાઇઓ યુદ્ધમાં
વેરી સાથે કરવાને લડાઇ
જય પામીશું કેમકે સર્વ છીએ.
હીમતવાન શીપાઇઓ મુક્તિફોજની માંહે,

૨

Stick to the Army.

સ્થીર થાવ તું ફોજમાં, ને નાહસી તું ન જાઃ
ધજાની તળે, તું જય પામશેસદા.
છે કૃપતાળ તેના પ્રભુ, રાખ તે પર તું વિસ્વાસ.
પ્રેમ તેણે કીધો. જ્યારે હતો તુ નીરાસ.

3

We'll fight till Jesus comes.

યુદ્ધ યુદ્ધ મરણ સુધી યુદ્ધ, ત્યારે મંગળ પામીશું

૪

Salvation Army, Army of God.

મુક્તિ સેના ઇશ્વરની;
જગત જીતવા ફરે આગ તથા લોહીથી.

૫

Ill be true, Ill be true,

સત્યા રહીશ મારી ધજાની તળે લાલ પીળુ આશમાની
સત્યા રહીશ ધજાની તળે મુક્તિફોજમાં.

૬

Gird on the armour.

હથીઆર પેહેરીને, ચલાવો તળવારે. વૈરીને જીતવાને,
થાઇશું સવાર ત્યારે નાસે વૈરી; અમને મળી છે મુક્તિ;
યુદ્ધ કરીશું દેવને લીધે.

૭

Welcome Home.

ભલે પધારો, ભલે પધારો; જે મળ્યો છે ઉદ્ધાર
મરણ નદીની પાર, સ્વર્ગમાં ભલે પધારો,

૮

When the trumpet sounds

રણ શીંગડું જ્યારે વાગશે તૈયારછું; જવાને જવાને.
રણ શીંગડું જ્યારે વાગશે, તૈયારછું
દેવને મલવા હું તૈયારછું જવાને.

૯

I am a soldier, glory to God.

હું છું સીપાઇ દેવની સ્તુતિ, ખ્રિસ્તને લીધે લડવાને,
હું છું સીપાઇ લોહીમાં થયું શુદ્ધ, સ્વર્ગી દેશમાં જવાને.

૧૦

When the fight is over we shall wear a crown.

જ્યારે યુદ્ધ બંધ થઈ જાએ; મુગટ પામીશું,
જ્યારે યુદ્ધ બંધ થઇ જાએ: નવા યરૂશાલેમમાં,

૧૧

Ever is the war-cry, victory.

સદા જંગી પોકાર છે જય; જય, જય
સદા જંગી પોકાર છે, જય, જય, જય ધજાની ઉપર લખો,
હમેશાં પોકારો, જે જગા જઈએ છીએ; જય છે ખરો

૧૨

We shall bring dear India.

ઈશુની ગમ લાવીશું. આખું હીંદુસ્થાન
અને તેના લોકો ગાશે મુક્તનું ગાન
વાહ, વાહ, વાહ, વાહ, અમે પામીશું જય
વાહ, વાહ, વાહ, વાહ, સેતાનનો થશે ક્ષય.

૧૩

No, we never will give in,

હમે કદી, કદી નહી, નહાશીશું, કદી નહી, કદી નહી;
હમે કદી, કદી નહી નાશીશું
કેમકે નક્કી જય પામવા હમને છે ખાત્રી

૧૪

Victory for me.

મારે કાજ જય, મારા તારનારના લોહીથી
મારે કાજ જય, તેના લોહીથી

૧૫

Oh the crowning day is coming.

મુગટ પામવાનો દીવસ જલદી આવશે,

ત્યારે દેવની પાસે સઘળા જઇશું; ઓ દેવની સ્તુતિ થાય
ઈશુના નામ થી જય, હાલે લુયા! હાલે લુયા.

૧૬

War ? War ?! War !?!

યુદ્ધ યુદ્ધ યુદ્ધ યુદ્ધ છે મુક્તિફોજમાં
યુદ્ધ યુદ્ધ યુદ્ધ સેતાનની સાથે યુદ્ધ.
લોહીને આગ લોહીને આગ નરકની ફોજ આવે છે.
લોહીને આગ લોહીને આગ સામા ચાલીએ હમે.
નાશ કરવાને તેઓ આવે છે, રોકીશું પણ હમે તેઓને
લોહીને આગ હમારો પોકાર છે, મુક્તિફોજ જીતી લેશે.

૧૭

જય જય જય જય છે મુક્તિફોજમાં.
જય જય જય ઇસુના નામથી જય.
ઢોલ બજાવ, ઢોલ બજાવ અને બીંગલ વગાડો.
આગળ ચાલો આગળ ચાલો, ફોજની ધજાની તળે.
સેતાનનું રાજ પાડીનાખીએ પાંપી લોકો નાશથી બચશે
દુઃખને સંકટ સર્વ મટી જશેને ઇસુ રાજ કરશે.

૧૮

Oh the Salvation Army is going to Glory.

મુક્તિફોજ મહીમામાં ચાલ્યા જાય છે.
તમારા પાપ મુકીને અમારા સંગ કરો.

૧૯

The day of Victory's coming.

૧ ગુજરાતમાં બહુ વરસથી ચાલે છે બહુ યુદ્ધ.
સેતાનને તેના દુતો છે સર્વદા વિરૂદ્ધ.

ઇશુને લીધે તમે; લડો મરણ સુધી.
જય મળશે હમને થોડી વાર પછી.
ટેક—છે જયનો દીવસ આવનાર, આવનાર છે વારવાર.
જ્યારે મુક્તિની ધજા તળે છે બધા લોક ચાલનાર
હે મુક્તિના શુર સીપાઈઓ, મરણ સુધી લડો.
જય મળશે હમને થોડીવાર પછી.

૨૦

Steadily forward march.

આગળ ચાલીને ઝંડા ઉડાવીને હમે
આગળ ચાલીને હરખના ગીતો ગાઈએ.
આગળ ચાલીને પાપીઓને તારીએ.
જીત પામવાને માટે હમે આગળ ચાલીશું

૨૧

We are going to wear a crown.

૧ જે પાપથી સરાદ પામે ને તેથી પણ શુદ્ધ રહે
આકાશી મુગટ તે પામશે, મરણ નદીની પારે.
મરણ નદીની પારે, પ્રભુ ઇસુની પાસે.
મરણ નદીની પારે આકાશી મુગટ છે.
આકાશી મુગટ પામીશું, આકાશી મુગટ પામીશું
આકાશી મુગટ પામીશું આકાશી મુગટ પામીશું.
મરણ નદીની પારે.

૨૨

Under the Army Flag well fight our way to Glory.

મુક્તિ ધજાની તળે, આકાશ સુધી હું જાઉં.

મુક્તિ ધજાની તળે, મોત સુધી જાણિ છું
મુક્તિ ધજાની તળે હું મુક્તિને સંભળાવું.
મને મુક્તિ મળી છે હું સર્વદા પોકારૂં છું.

૨૩

With Blood and Fire.

લોહીને આગ સાથે, સર્વ એક ધજા તળે.
આમીન લાલને આસમાનીને કાજ.
મહિ પુરો તાર થંભ રહે છે.

૨૪

We shall conquer all.

હમે જીતીશું, હમે જીતીશું.
ઇશુપર આશ રાખીને કદી નહી પડીશું.
હમે જીતીશું હમે જીતીશું.
જો વિશ્વાસ કેવળ રાખીશું તો જીતીશું.

૨૫

I am a soldier in the Salvation Band.

મુક્તિફોજનો હું સીપાઇ.
ઇસુ રહે છે મનની માંહ.
મરણ લગ કરીશ લડાઇ,
મુક્તિફોજની અંદર.

૨૬

Forward we go the devil is our foe.

આગળ ચાલીએછીએ, સેતાન શત્રુ આપણો.

દરેક જગ્યા એમાંથી તેને કહાડીશું.
જો લડવા ચાહે છે તો ખુશીથી અમે.
કારણ ઇસુ દરવકત મારે છે તેને જોરથી.

૨૭

SPECIAL OCCASSIONS.

છેલી સલામ.

Farewell.

God be with you till we meet again,

દેવ તમારી સાથે હો.
દેવ તમારી સાથે સદા કાળ હો.
તેની સલાહથી ચલાવો.
તેનાં ઘેટાં સાથે ભેગાં રાખો.
દેવ તમારી સાથે સદા કાળ હો.
ટેક—જ્યાં સુધી હમે ફરી મળીશું.
ઇશુના પગ પાસે.
જ્યાં સુધી હમે ફરી મળીશું
દેવ તમારી સાથે હમેશાં હો.
૨ દેવ તમારી સાથે સદા કાળ હો.
તેનીપાંખ તળે સંભાળો.
દરરોજ આત્મામાં બળવાન કરો.
દેવ તમારી સાથે સદાકાળ હો.
૩ દેવ તમારી સાથે સદા કાળ હો.
જ્યારે આસપાસ તુફાન આવશે
તેના હાથથી ઝાલી રાખો
દેવ તમારી સાથે સદા કાળ હો.
૪ દેવ તમારી સાથે સદા કાળ હો.
પ્રિતીની ધજા ઉડાવી રાખો.
મરણ ઉપર જય પમાડો.
દેવ તમારી સાથે સદા કાળ હો,

૨૮

લગનનું ગીત.

Wedding.

Oh Saviour now with joyful heart.

યુદ્ધમાં તેઓને જયવાન કર.

૧ ઓ ત્રાતા હમણાં આનંદી અંતઃકરણે.
અમારા મીત્રોને તારા પગ પાસે લાવ્યા,
કે આ તારી લડાઈમાં, જુદાં ના પડે,
તેઓ કરાર કરે લડવા કે મરવા,
જ્યાં સુધી તેઓ તારી ગાદી આગળ ભેગા થાય,
રે લડાઇમાં તેઓને જયવાન કર.

૨ અંધારામાં ને વાદળાંમાં તું તેઓને દોર
અને તારા મજબુત હાથથી તેઓને પકડ
દરેક પરિક્ષણની વખતે.
તું આ બંને સીપાઈઓને ઉભા કરશે.
ભર તોફાનમાં ને અંધારી રાત્રે.
રે યુદ્ધમાં તેઓને જયવાન કર.

૩ તોફાનના તડકામાં તેમની સાથે તું છે
એક માયાળુ રક્ષક હમેશાં પાસે.
જો જમીનપર કે દરીયાપર સહાયતા,
તારો પ્રેમ દરેક બીક દાબી નાંખશે.
તું શાંતીનો પ્રીસ્ત તું બળવાન પરમેશ્વર.
રે લડાઇમાં તેઓને જયવાન કર.

૪ અને તેઓ તને સર્વ સોંપે છે
માટે તારા યજ્ઞ ઉપર
હમારૂ સર્વ મુકીએ છીએ, તે તારી વાણી સાંભળીને
સર્વ આજ્ઞા પાળીશુ
જ્યાં સુધી તારી ગાદી આગળ સર્વ ભેગા થઇશું
મહીમાવંત યુદ્ધમાં જીતનાર થઇને.

મુક્તિ ફોજનો મત.

(અમે જે મોટા ઉપદેશ વિશેષ માનીએ છીએ તે નીચે પ્રમાણે છે.)

૧ અમે એવું માનીએ છીએ કે, જુનો તથા નવો કરાર ઇશ્વરનાં આપેલાં છે, અને કેવળ તેમાં દેવના કાયદા તથા ખ્રિસ્તી ભા. અને અભ્યાસને વાસ્તે ઠરાવેલાં છે.

૨ અમે માનીએ છીએ કે, એકજ દેવ છે ને તે અપાર સંપૂર્ણ છે ને સઘળાંનો ઉત્પન્ન કરનાર, રક્ષક તથા અધિકારી છે.

૩ અમે માનીએ છીએ કે, ઇશ્વરપણામાં ત્રણ છે. એટલે પીતા, પુત્ર, તથા પવિત્ર આત્મા. આ ત્રણ મળીને એકજ દેવ છે. પરાક્રમ તથા મહીમામાં ત્રણ બરાબર છે ને કેવળ તેને એકલાનેજ ભજવો જોઇએ.

૪ અમે માનીએ છીએ કે, ઇસુખ્રિસ્તમાં દેવનો તથા માણસનો સ્વભાવ બરાબર મળે છે એ માટે ખરો અને સંપૂર્ણ દેવ છતાં તે ખચીત માણસ પણ છે.

૫ અમે માનીએ છીએ કે, પ્રથમ માણસો પવિત્ર હાલતમાં પેદા થયાં હતાં, પણ પછી આજ્ઞાભંગના કારણથી તેમનું સુખ તથા પવિત્રતા જતી રહી ને તેઓ પાપમાં પડયાં. તેથી સઘળાં મનુષ્ય પાપની હાલતમાં છે. ને બીલકુલ ભ્રષ્ટ થવાના કારણથી ઇશ્વરનો ક્રોધ તેમના ઉપર થયો છે.

૬ અમે માનીએ છીએ કે, પ્રભુ ઇસુ ખ્રિસ્તે દુઃખ તથા

મરણ સહ્યું ને આખા જગતને કાજ પ્રાયશ્ચિત થયો કે દરેક માણસ જે ચાહે તે મુક્તિ પામી શકે.

૭ અમે માનીએ છીએ કે મુક્તિ પામવાને વાસ્તે પાપને લીધે પ્રશ્ચાતાપ કરવો પ્રભુ ઇસુખ્રિસ્તપર વિશ્વાસ રાખવો, ને પવિત્ર આત્માથી પુનર જન્મ પામવો એ અગત્યનું છે.

૮ અમે માનીએ છીએ કે, પ્રભુ ઇસુખ્રિસ્તપરના વિશ્વાસ તથા કૃપાને આસ્રે અમો નિર્દોશ ઠરીએ છીએ ને જે વિશ્વાસ રાખે છે તે માણસના મનમાં સાહેદી પુરાય છે.

૯ અમે માનીએ છીએ કે, શાસ્ત્રમાં એવું દેખાડે છે કે, જ્યાં સુધી માણસ ઇસુખ્રિસ્તપર વિશ્વાસ રાખીને તેની આજ્ઞા પાળે છે ત્યાં સુધી તે માણસ દેવની પસંદતામાં રહે છે. પણ જો તે હઠી જઈ ફરી પસ્તાવો નહીં કરે તો તે અનંતકાળ સુધી તેનો અમુલ્ય આત્મા નરકમાં ખોઈ નાખશે.

૧૦ અમે માનીએ છીએ કે, સર્વે વિશ્વાસ રાખનારા પુરી પવિત્રાઇ પામી શકે છે ને આપણા પ્રભુ ઇશુખ્રીસ્તના આવતા સુધી તેમનો આત્મા તથા પ્રાણ તથા શરીર દેવથી સંપૂર્ણ નિર્દોશી રખાશે. એટલે અમે માનીએ છીએ કે, પાપની માફી પામી લીધી. પછી વિશ્વાસ કરનારના અંતકરણમાં ભુંડાઇ કરવા ને ઇચ્છા કે પાપનું મુળ રહેછે. ને જો તે ઉપર ઇશ્વરની કૃપા જય ના પામે તો વધીને ખરૂં પાપ ઉપજાવશે, પણ આ ભુંડી ઇચ્છાઓ તથા પાપનું મુળ દેવનો આત્મા બીલકુલ કહાડે છે, ત્યાર પછી જે ઇશ્વરની ઇચ્છા વીરૂધ છે તે સંપુર્ણ સ્વચ્છ ને પુરો પવિત્ર થયા છતાં આત્મીક ફળ કેવળ ઉપજાવશે. અને અમે એવો ભરોસો રાખીએ છીએ કે, જે લોકો આવા પવિત્ર થયા છે તેઓ દેવના આત્મા તથા પરાક્રમથી તેની આગળ નિર્દોશ તથા અપરાધ રહીત રખાય છે.

૧૧ અમે માનીએ છીએ કે, આત્મા અમર છે. મુએલાંનું પુનરૂત્થાન થશે એટલે ફરી માણસો સજીવન થશે કે જગતનો અંત થાય ત્યારે સઘળાં ઉપર ઈશ્વર ન્યાય ઠરાવે ને ન્યાયીઓને અનંત સુખ મળે અને જુંડાઓને સર્વ કાળ સુધી શીક્ષા થાય.

—*—

પ્રભુની પ્રાર્થના.

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ તારૂં રાજ્ય આવો જેમ આકાશમાં તેમ પૃથવી પર તારી ઇચ્છા પુરી થાઓ દિવસની અમારી રોટલી આજ અમને આપ અને જેમ અમે અમારા ઋણીઓને માફ કરીએ છીએ તેમ તુ અમારાં ઋણો અમને માફ કર અને અમને પરિક્ષામાં ન લાવ પણ ભુંડાથી અમારો છુટકો કર કેમકે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તારાં છે. આમેન.

પરમેશ્વરની દશ આજ્ઞા.

૧ એકજ દેવને માનવો.

૨ મુર્તિને પગે લાગવું નહિ.

૩ દેવનુ નામ વૃથા લેવું નહિ.

૪ શાબ્બાથ દિવસ પવિત્ર પાળવો.

૫ માબાપનું સન્માન કરવું.

૬ હત્યા કરવી નહિ.

૭ વ્યાભિચાર કરવો નહિ.

૮ ચોરી કરવી નહિ.

૯ ખોટી સાક્ષી પુરવી નહિ.

૧૦ લોભ રાખવો નહિ.